દિવ્યજ્યોતિ ટ્રસ્ટ










# તૃતીય વાર્ષિક અહેવાલ ૨૦૧૨ – ૧૩

આ સમગ્ર જગત ઘણું સારું છે; કેમકે બીજાને સહાય કરવાનો સમય અને તક એ આપણને આપે છે.

# ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| ભરતભાઈ વી. શાહ | પ્રમુખ | સી.એ. |
| ઉદયભાઈ આર. ગજીવાલા | ઉપપ્રમુખ | એમ.એસ.(ઓપ્થે.) |
| નલીનભાઈ ડી. શાહ | મંત્રી | બી.કોમ. |
| વિજયભાઈ એમ. કણીયા | સંયુક્ત મંત્રી | બી.ઈ.(સીવીલ) |
| માધવીબેન યુ. ગજીવાલા | ખજાનચી | બી.ઈ.(ઈલે.) |
| ભીખુભાઈ ડી. વ્યાસ | | બી.એ.બી.એડ. |
| બાલુભાઈ એમ. પટેલ | | ડી.ટેક્ષ |
| બકુલભાઈ એન. ત્રિવેદી | | એમ.એસ.(ઓપ્થે.) |
| અમીષભાઈ આઈ. પટેલ | | એમ.એસ.(ઓપ્થે.) |
| શ્યામસુંદરજી બિયાણી | | – |
| સુભાષભાઈ આર. શાહ | | બી.એ.એલ.એલ.બી. |
| જયંતિભાઈ શાહ | | સી.એ. ડી.કોમ. |
| લાલજીભાઈ પટેલ | | – |



સરનામું :– દિવ્યજયોતિ ટ્રસ્ટ , તેજસ આંખની હોસ્પિટલ,
સુથાર ફળિયું, હનુમાન મંદિરની સામે, તા.માંડવી,
જી. સુરત (ગુજરાત). પીનકોડ – ૩૯૪૧૬૦

ફોન નં. :– ૦૨૬૨૩ – ૨૨૧૧૮૦, ૨૨૧૧૯૦
ફેક્સ નં. :– ૦૨૬૨૩ – ૨૨૧૦૯૦

E-mail :- divyajyoti.icare@gmail.com
divyajyoti@divyajyotitrust.org
Website :- www.divyajyotitrust.org


**ટ્રસ્ટને આપવામાં આવતું દાન ઈન્કમટેક્ષની કલમ ૮૦ (જી) હેઠળ કરમુક્ત છે.**

શુભેચ્છક શ્રી,

આપ સૌની સમક્ષ તૃતિય વાર્ષિક રીપોર્ટ મૂકતા આનંદ અને ગર્વ અનુભવીએ છીએ. ખરેખર કામગીરી તો મે ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૩ માં બે વર્ષની પણ નથી; પરંતુ આટલા ટૂંકા સમયમાં ૬ પૂર્ણ સમયના આંખના ડોકટરોની સેવાઓ વડે નવ હજારથી વધુ આંખના ઓપરેશનો થઈ શકયા. જેમાં પડદાના રોગો, ઝામર, ત્રાંસી આંખ, બાળકોની આંખની સારવાર, કીકીના રોગો; નાસુર વિગેરે દરેક પ્રકારના ઓપરેશનોનો સમાવેશ થાય છે. કુલ ૧૦૦ થી વધુ કીકી બદલવાના ઓપરેશન થયા જેમાંથી ૬૦ જેટલા દર્દીને દ્દષ્ટિ આપી શક્યા. આ સૌ કુશળ ડોકટરો, વિઝીટીંગ ડોકટરો, તથા પૂર્ણ સમયના કે ખંડ સમયના ડોકટરોની મહેનત, લગન , નિષ્ઠા અને દર્દીઓ પ્રત્યેની લાગણીના સમન્વયથી આ દુષ્કર કાર્ય થઈ શકયું છે. આ બધાથી ઉપર એવી પરમ કૃપાળુ પરમાત્માની અમી દ્દષ્ટિ તો આમાં સતત વરસતી રહી જ છે. જેના વગર બધું અસંભવ છે.

કાર્યકરોની મહેનત, નિષ્ઠા કે ઉત્સાહ વિશે કોઈ શંકા નથી, પરંતુ ટૂંક સમયમાં વધી ગયેલા કામને પહોંચી વળવાની ઝડપ, આવડત અને અનુભવની ઉણપ વર્તાય છે. તેથી આ વર્ષે કામના વ્યાપને વધારવાના પ્રયત્નો કરવાને બદલે ચાલી રહેલા કામને ઊંડાણથી સમજીને તેને જ મજબૂત કરવાનો એજન્ડા સ્વીકાર્યો છે. આ માટે નિરંતર શિક્ષણનો અભિગમ અપનાવ્યો છે. અમારા જ સ્ટાફને નહી પણ બહારના કાર્યકરોને પણ તાલીમ અને કેળવણી આપવા શિક્ષણના કાર્યને પ્રાધાન્ય આપીશું. જૂન-૨૦૧૩ થી અંધ બાળકો માટે હોસ્ટેલની સુવિધા ઉભી કરી શક્યા.

હોસ્પિટલની કામગીરીના વ્યાપને ધ્યાનમાં લઈ હોસ્પિટલની પાછળ આવેલી જમીનમાં નવું બાંધકામ કરીને ટ્રેનીગ સેન્ટર; દર્દીઓ માટે રહેવાની વ્યવસ્થા, આઈ બેંક તેમજ બહારથી આવતા વિદ્યાર્થી – તથા ફેકલ્ટી તેમજ સ્ટાફ માટે રહેવાની સુવિધા ઉભી કરવાનું આયોજન છે. આ ઉપરાંત હાલના મકાનમાં ચોથું ઓપરેશન થીયેટર બનાવવાનું આયોજન છે તેમજ પીપલવાણ અને પીટરકૂઈ ગામના સર્વાંગી વિકાસના કામો હાથ ધર્યા. આ માટે જરૂરી નાણાકીય સહાય આપના જેવા શુભેચ્છકો – દાતાઓ પાસેથી મળી રહેશે એવી અપેક્ષા છે. અગાઉના વર્ષોમાં સમાજના જુદા જુદા સ્તરેથી જે દાનની સરવાણી વહી તેના દ્વારા જ આ કાર્ય સંપન્ન થઈ શકયું છે અને હજુ પણ આ સ્ત્રોત વહેતો રહેશે એવી અપેક્ષા અને શુભેચ્છાઓ સહ..

| | | |
|---|---|---|
| ભરતભાઈ શાહ | નલીનભાઈ શાહ | ડો. ઉદય ગજીવાલા |
| પ્રમુખ | સેક્રટરી | ઉપપ્રમુખ |

૦૧/૦૮/૨૦૧૩

માંડવી

## વીતેલા વર્ષ પર નજર

ત્રીજા વર્ષની શરૂઆતમાંજ કારોબારી મિટીગનું આયોજન કર્યું અને ડીસેમ્બર ૨૦૧૨માં બીજી કારોબારી મિટીગ કરી. તે જ રીતે વર્ષ દરમિયાન ટ્રસ્ટી મિટીગનું નિયમિત આયોજન કર્યું..

નેત્રંગ અને ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્રની આંખની સારવારની કામગીરી સરકારશ્રીએ એપ્રિલ ૨૦૧૨ થી દિવ્યજયોતિ ટ્રસ્ટને સોંપી, જે અગાઉ સેવા રૂરલ ઝઘડીયા દ્વારા કરવામાં આવતી હતી.

એપ્રિલ ૨૦૧૨થી માંડવી તાલુકાના ૧૩૩ ગામોમાં અંધજન પુનર્વસન કાર્યક્રમ શરૂ કર્યો. જેની વિધિવત્ જાહેરાત ૨૦ મી મે ૨૦૧૨ 'પ્રથમ વાર્ષિક દિને' કરી. વાર્ષિક દિન નિમિત્તે સવારે કીકી બદલેલા દર્દીઓનો મિલન કાર્યક્રમ કર્યો અને સાંજના કાર્યક્રમમાં રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન દ્વારા મેચીગ ગ્રાંટ પ્રોજેકટ હેઠળ (રોટરી કલબ ઓફ બર્ગન હાઈલેન્ડ, ન્યુ જર્સીની સાથે રહીને) કોર્નીયલ ટ્રાન્સપ્લાન્ટ માટે ઉપયોગી એવા મશીનો સુપરત કર્યા. તે જ રીતે કાકરાપાર અણુમથક દ્વારા પડદાના ઓપરેશનમાં ઉપયોગી એવું વિટ્રેકટોમી મશીન આપવાનું જાહેર કર્યુ.

નેશનલ પ્રોગ્રામ ફોર કંટ્રોલ ઓફ બ્લાઈન્ડનેસ (NPCB) દ્વારા દિવ્યજયોતિ ટ્રસ્ટને આઈ ડોનેશન સેન્ટર તરીકેની મંજૂરી મળી. વર્ષ ૨૦૧૨માં દિવ્યજયોતિ ટ્રસ્ટની વિઝન ૨૦૨૦ની સભ્ય સંસ્થા તરીકે નોંધણી કરાવી અને વિઝન ૨૦૨૦ – ગુજરાત ચેપ્ટરના પ્રમુખ તરીકે ડો. ઉદયભાઈની વરણી કરવામાં આવી.

વર્ષ દરમિયાન હોસ્પિટલને ISO સર્ટીફીકેટ મળે તે માટે દરેક સાધન–મશીન, તેની કાર્યપધ્ધતિ અને માવજત માટે ધારાધોરણ નકકી કર્યા અને તે પ્રમાણે કામગીરી કરી. આ કામગીરી સુરતના કન્સલ્ટન્ટ ઋષાંગભાઈ શેઠના માર્ગદર્શન હેઠળ કરી. ઓકટોબર ૨૦૧૨ માં હોસ્પિટલને ISO સર્ટીફીકેટ મળ્યું. આમ હવે દિવ્યજયોતિ ટ્રસ્ટ સંચાલિત તેજસ આંખની હોસ્પિટલ ISO 9001 :2008 હેઠળ સર્ટીફાઈડ છે.

સંસ્થાની પ્રવૃત્તિ અને કામગીરીનો વિશાળ જનસમુદાયમાં પ્રચાર થઈ શકે અને વધુ લોકોને આંખની સારવારનો લાભ અપાવી શકાય તે માટે સંસ્થાની કામગીરી દર્શાવતી વિડીયો ફિલ્મ તૈયાર કરવામાં આવી.

જનસમાજને આંખને લગતા વિવિધ રોગો વિશે ટૂંકી – સચોટ માહિતી આપી શકાય તે માટે જુદા જુદા ૧૨ પેમ્ફલેટ તૈયાર કર્યા. આ ઉપરાંત કોમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમનું પેમ્ફલેટ તૈયાર થઈ રહ્યું છે તથા બે વર્ષના (૨૦૧૨ અને ૨૦૧૩) કુલ ૧૨ પેજનું આંખના વિવિધ રોગોની માહિતી આપતું કેલેન્ડર તૈયાર કર્યુ.

સપ્ટેમ્બર ૨૦૧૨માં ગુજરાત ઓપ્થેલમીક સોસાયટી (GOS) મિટીગમાં– ડો. ઉદયભાઈએ માંડવી તાલુકામાં કરેલા અંધત્વના સર્વેના તારણો દર્શાવતું પેપર રજુ કર્યુ; જે ડો. રોહનભાઈએ તૈયાર કર્યું હતું. જેને બેસ્ટ સાયન્ટીફીક પેપરનો એવોર્ડ મળ્યો. હવે આ પેપર આગ્રામાં ફેબ્રુઆરી ૨૦૧૪માં યોજાનાર ઓલ ઈન્ડિયા કોન્ફરન્સમાં રજૂ થશે.

ગાંધી જયંતિ – ૨ જી ઓકટોબરે ગામના સરપંચ અને આગેવાનોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો; જેને ઘણો સારો પ્રતિસાદ મળ્યો. ૪/૧૧ ના રોજ કેમ્પના શુભેચ્છકોનો મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો. જો કે દિવાળી નજીક હોવાથી આ કાર્યક્રમમાં હાજરી ઘણી ઓછી રહી પરંતુ હાજર રહેલા શુભેચ્છકોએ ઘણા ઉપયોગી સૂચનો કર્યા.

હોસ્પિટલમાં કામ કરતા ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને નર્સીંગ સ્ટાફની ટ્રેનીગ અહી જ કરવામાં આવી. પછી તેમનું પુનઃમુલ્યાંકન કરવા માટે ૩/૧૧ ના રોજ થીઅરીની પરીક્ષા લેવામાં આવી.

નવેમ્બરમાં સંસ્થાના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહે મોતિયાનું ઓપરેશન મલ્ટીફોકલ લેન્સ મૂકાવીને અહી જ કરાવ્યું. તેમને અહીની કામગીરીથી સંતોષ થયો. જે હોસ્પિટલની સારી કામગીરીનું મજબૂત પ્રમાણ છે.

તા. ૩ જી ડીસેમ્બર વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી કરી; જેમાં માંડવી તાલુકાના ૯૦ જેટલા વિકલાંગો હાજર રહ્યા. તેમની સાથે એક મદદનીશ સહિત લગભગ ૨૦૦ લોકો હાજર રહ્યા હતા. સૌ વિકલાંગોને સરકારશ્રી તરફથી મળતી મદદ અને અન્ય તાલીમ કાર્યક્રમ વિશે જાણકારી આપવામાં આવી. આ કાર્યક્રમ પુનમવાડી માંડવીમાં રાખવામાં આવ્યો. હોસ્પિટલ દ્વારા યોજાતા સંમેલનમાં જરૂર મુજબ પુનમવાડીની જગ્યાનો ઉપયોગ કરવા દેવા બદલ પુનમવાડીના સંચાલકોની સંસ્થા ઋણી રહેશે.

ટ્રસ્ટની નોંધણીની શરૂઆતથી જ રીન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરવા અંગે વિચાર્યુ હતું, તેથી આ કામગીરીના નિષ્ણાંત શ્રી અમિતસિંહ વાઘેલા (અમદાવાદ)નો સંપર્ક થતા જ સૌપ્રથમ એનર્જી ઓડીટ કરાવ્યું અને હોસ્પિટલના લાઈટ – પંખા તથા અન્ય નાના ઉપકરણો સૂર્યશકિતથી ચાલી શકે તે માટે આયોજન કર્યુ. આ અંગેની કાર્યવાહી ચાલી રહી છે.

કાકરાપાર અણુમથક દ્વારા જાહેર કરાયેલા મશીનના નાણા વિધિવત્ રીતે ૬ ફેબ્રુઆરીના રોજ હોસ્પિટલના વહીવટકર્તાને એનાયત કરવામાં આવ્યા અને તેમની વિનંતીને માન આપી માર્ચમાં કાકરાપાર જઈને એક નિદાન કેમ્પનું આયોજન પણ કર્યુ.

નાના બાળકોની આંખની સર્જરી કરવા માટે ડો. નિખિલભાઈ ખાસ પુનાથી ૧૫/૦૩/૨૦૧૨ના રોજ આવ્યા અને ૬ બાળકોની સર્જરી કરી.

## <u>પ્રવૃત્તિઓની ઝાંખી :</u>

### <u>હોસ્પિટલ :</u>

બીજા વર્ષના અંતે એટલે કે એપ્રિલ ૨૦૧૨ થી માર્ચ ૨૦૧૩ સુધીમાં હોસ્પિટલની ગતિવિધિ ઘણી ઝડપી રહી. માંડવી હોસ્પિટલ, નેત્રંગ અને ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા અઠવાડિક બે નિદાન કેમ્પ મળીને કુલ ૪૩ હજારથી વધુ દર્દીઓની આંખની તપાસ કરી અને ૫૮૭૦ ઓપરેશનો કર્યા.

દૈનિક ઓપીડી સરેરાશ ૧૦૦ જેટલી થઈ છે. જેમાં સોમવાર અને ગુરૂવાર (સ્થાનિક રજાનો દિવસ) આ બે દિવસે ૧૫૦ થી પણ વધુ ઓપીડી થાય છે. એક દિવસ તા. ૧૦/૧૨/૨૦૧૨ ના રોજ ૧૬૫ દર્દીની ઓપીડી થઈ. દર્દીઓની સંખ્યાની ધારણા અગાઉથી આવી ગઈ હોવાથી શિયાળા પહેલાં પચાસ જેટલી પ્લાસ્ટીકની ખુરશીઓ ખરીદ કરવામાં આવી. મે–૨૦૧૨ થી ડો. પરિમલ ચરીવાળા મેડીકલ ઓફિસર તરીકે જોડાયા છે. તેઓ ઓપરેશન થીયેટરની જવાબદારી પણ સંભાળશે.

ડો. શીતલબહેન મેટરનીટી લીવ પર હોવાથી તેમજ ડો. કામિનીબહેન ફેકો ટ્રેનીગમાં ગયા હોવાથી સપ્ટેમ્બર ૨૦૧૨ દરમિયાન ડો. રોહનભાઈ, ડો. ખુશ્બુબહેન અને ડો. ઉદયભાઈ એ મળીને આ સમયના પડકારને ઝીલી લીધો.

જાન્યુઆરી ૨૦૧૩માં પોસ્ટીરીયર વિટ્રેક્ટોમી મશીન આવ્યા પછી દર મહિને ૩૦ થી ૪૦ કે વધુ રેટીનાના ઓપરેશન કરવામાં આવે છે. ઝામરના દર્દીઓની સંખ્યા પણ નોંધપાત્ર હોવાથી ડો. રોહનભાઈ ઝામરની સારવારનું કામ સંભાળી રહ્યા છે.

દિવાળીના દિવસો દરમિયાન ફટાકડાથી આંખમાં ઈજા થવાના બનાવો બનતા રહે છે. આ વર્ષે દિવાળીના એક જ અઠવાડિયામાં ૩–૪ દર્દી ફટાકડાથી દાઝીને આવ્યા, જેમાં ૨ બાળકોએ સળગાવેલા ફટાકડાને કૂતૂહલવશ હાથમાં લેતા ફટાકડા હાથમાં ફૂટયા હતા અને હાથે તથા આંખે દાઝયા. ટીવી અને રેડીયો પર સતત સૂચના આપવા છતાં કેટલાક વાલીઓ હજુ કાળજી કરતા નથી ત્યારે આવા બનાવ બને છે. જો કે દિવાળીના દિવસોમાં ડો. ઉદયભાઈની હોસ્પિટલમાં હાજરીથી આંખમાં દાઝેલા લોકોની આંખ બચાવી શકયા.

આ વર્ષના અંત સુધીમાં થયેલા કીકી બદલવાના ઓપરેશનની સંખ્યા ૧૦૦ થી વધુ થઈ છે, જે ખુબ આનંદ અને ગર્વની વાત છે.

આઈ બેંક સ્પેકયુલર માઈક્રોસ્કોપ દ્વારા દાનમાં મળેલી કીકીની ગુણવત્તા જાણવાનું શકય બન્યું છે, તેથી પરિણામ ઘણું સારૂ મળી શકે છે. જો કે અહીના વિસ્તારના લોકોની જાગૃતતા ઓછી હોવાથી કેટલીકવાર દાનમાં અત્યંત સારી કવોલીટીની કીકી મળી હોવા છતાં, દર્દીને લેવા વાહન મોકલવા છતાં, સર્જરી કરાવવા માટે દર્દીઓ આવતા ન હોવાથી દાનમાં મળતી કીકીને માટે ના કહેવી પડે છે. આવા અનુભવને કારણે હવે ટોકન તરીકે ૨૦૦રૂા. ડીપોઝીટ લેવાનું નકકી કર્યુ છે. જે ટ્રાન્સપ્લાન્ટ કરાવી દીધા પછી જે તે દર્દીને પરત આપવામાંઆવે છે.

આ વર્ષે પહેલીવાર ૬ માસના બાળકની બંને આંખની મોતિયાની શસ્ત્રક્રિયા કરી. સુરતથી બાળકોની આંખના રોગોના નિષ્ણાંત ડો. નિતીનભાઈ જૈન નિયમિત રીતે આવતા હોવાથી કુલ ૨૩ બાળકોની આંખની જુદી જુદી શસ્ત્રક્રિયા થઈ શકી.

## હોસ્પિટલ પ્રવૃત્તિ

## આંકડાકીય માહિતી

| ઓપીડી | પુરૂષ | સ્ત્રી | બાળકો | | કુલ | બિન આદિવાસી | આદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | | | | |
| નવા કેસ | ૧૪૪૧૦ | ૧૨૯૩૯ | ૧૧૧૦ | ૧૦૨૧ | ૨૯૪૮૦ | ૫૭૯૮ | ૨૩૬૮૨ | ૨૯૪૮૦ |
| જુના કેસ | ૭૦૬૯ | ૬૫૨૫ | ૪૯૮ | ૩૦૧ | ૧૪૩૯૩ | ૪૯૨૪ | ૯૪૬૯ | ૧૪૩૯૩ |
| કુલ | ૨૧૪૭૯ | ૧૯૪૬૪ | ૧૬૦૮ | ૧૩૨૨ | ૪૩૮૭૩ | ૧૦૭૨૨ | ૩૩૧૫૧ | ૪૩૮૭૩ |

| ક્રમ | કલીનીક | ઓપીડી | ઓપરેશન |
|---|---|---|---|
| ૧. | પડદાની તપાસ | ૨૫૧૬ | ૬૮૯ |
| ૨. | ઝામરની તપાસ | ૧૬૨ | ૧૨ |
| ૩. | કીકીના રોગોની તપાસ | ૫૫૨ | ૬૨ |
| ૪. | આંખની પ્લાસ્ટીક સર્જરી | ૮૮ | ૬૨ |
| ૫. | બાળકોની આંખની સર્જરી | ૧૪૭ | ૩૩ |
| | કુલ | ૩૪૬૫ | ૮૫૮ |

## પરિવારની રોશની

સવિતાબહેન વસાવા, ઉ.વર્ષ ૩૫, ગામ – પીપલવાણ, તા. માંડવીના તેઓ તેમના પતિ શ્રી મગનભાઈ (ઉ. વર્ષ – ૪૦) તથા ૫ વર્ષની અને ૧ વર્ષની એમ બે દીકરીઓ સાથે તેજસ આંખની હોસ્પિટલમાંઆવ્યા. તેમણે બંને આંખે દેખાતું નથી એવી ફરિયાદ કરી અને તેમને તપાસતા જણાયું; કે બંને આંખે મોતિયો છે અને તાત્કાલીક ઓપરેશન કરવું પડશે.ઓપરેશનની વાત સાંભળી પહેલા તો તેઓ અચકાયા, કેમકે તેમની પાસે ઓપરેશન કે દવા – ચશ્મા કોઈ માટે પૈસા નહોતા. પરંતુ એમને અમારા કાઉન્સેલરે જણાવ્યું; કે એમણે રહેવા– જમવાનો, ઓપરેશનનો કે દવા – ચશ્માનો એમ કોઈપણ પ્રકારનો ખર્ચ કરવાનો નથી. આથી તેઓ ઓપરેશન માટે તૈયાર થયા. તેમની બંને આંખમાં વારાફરતી ઓપરેશન કર્યુંઅને હવે તેઓ સારી રીતે જોઈ શકે છે.

છેલ્લા એક વર્ષથી સવિતાબહેન પરેશાન હતા કેમકે અંધત્વને કારણે તેમને ઘરના રોજીંદા કામોમાં ઘણી મુશ્કેલી પડતી. હવે તો તેઓ ઘરના રોજીંદા કામકાજ ઉપરાંત બંને દીકરીઓની દેખભાળ અને મજૂરીએ જઈ પૈસા કમાવાનું કામ પણ સહેલાઈથી કરી શકે છે.

સવિતાબહેન ઘરની ગૃહિણી હોવાથી તેમની આંખોની રોશનીએ આખા પરિવારની ખુશહાલી પાછી લાવી દીધી. હવે તેઓ તેમના સંપર્કમાં આવનાર આંખની તકલીફવાળાને પણ હોસ્પિટલ મોકલશે.

## પરિવારને હળવાશ થઈ

માંડવીની સલમાબીબી યુસુફખાન પઠાણ જન્મથી જ માનસિક રીતે અસ્વસ્થ છે. તેથી સ્વાભાવિક રીતે જ ભણી શકયા નથી, અને તેના ઘરના લોકોએ લગ્ન પણ નથી કરાવ્યા.પણ ૪૦ વર્ષની ઉંમરે તો તેને મોતિયો પણ આવી ગયો. જન્મથી જ માનસિક તકલીફ તો હતી જ, તેમાં મોતિયાને કારણે અંધાપો પણ ઉમેરાયો. તેથી પરિવારજનોની મુશ્કેલી ખુબ વધી. એકાદ વર્ષ તકલીફ વેઠી પછી માંડવીમાં જ રહેતા હોવાથી તેજસ આંખની હોસ્પિટલમાં બતાવવા આવ્યા, અને તેમની બંને આંખમાં મોતિયાનું નિદાન થયું. મનોરોગી હોવાને કારણે તપાસમાં પણ દર્દીનો સહકાર ન મળે પણ સ્ટાફના ઘણા પ્રયત્નથી નિદાન થયું.

સામાન્ય રીતે મોતિયાનું ઓપરેશન આંખની નજીક ઈન્જેકશન આપીને (લોકલ એનેસ્થેશીયા આપીને) જ કરવામાં આવે પણ સલમાબીબીના કિસ્સામાં જનરલ એનેસ્થેસીયા આપીને ઓપરેશન કરવું પડે, તેથી માંડવીના એનેસ્થેટીસ્ટ ડો.ઉપેન્દ્રભાઈની મદદથી જનરલ એનેસ્થેશીયા આપીને તેમનું ઓપરેશન કર્યું. ભાનમાં આવતાં જ સલમાબીબીએ ઘણું તોફાન કર્યું. પણ સમજાવટથી અને ધીરજથી તેમની સાથે કામ પાર પાડી બીજે દિવસે પટ્ટી ખોલી અને બીજી આંખનું ઓપરેશન પણ તરત જ કર્યું. હવે તેમને બંને આંખે સરખું દેખાતું થઈ ગયું હોવાથી ઘરના લોકોને થોડી રાહત થઈ છે.

અંધત્વ અને માનસિક તકલીફ એવી બે પ્રકારની તકલીફને કારણે કેવી પરિસ્થિતી સર્જાય તે તો જે અનુભવે તે જ જાણે !! તેથી સલમાબીબીના ઘરના ખુબ ખુશ છે. તેમની આર્થિક સ્થિતિ સામાન્ય હોવા છતાં તેઓ આભાર વશ પુરા પૈસા ભરીને ગયા અને હોસ્પિટલની સેવાનો લાભ લેવાનું બીજા લોકોને પણ સૂચવશે.

## ભૌગોલિક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી :
## એપ્રિલ ૨૦૧૨ થી માર્ચ ૨૦૧૩

| રાજ્ય | જીલ્લો | નવા | જુના | કુલ | દાખલ દર્દી |
|---|---|---|---|---|---|
| ગુજરાત | સુરત | ૨૨૫૪૨ | ૧૨૫૪૦ | ૩૫૦૮૨ | ૩૨૬૭ |
| | તાપી | ૨૫૬૧ | ૪૩૯ | ૩૦૦૦ | ૩૬૯ |
| | ભરૂચ | ૧૭૫૬ | ૮૪૫ | ૨૬૦૧ | ૪૫૯ |
| | નર્મદા | ૯૩૬ | ૭૭ | ૧૦૧૩ | ૪૧ |
| | નવસારી | ૪૮૪ | ૧૪૪ | ૬૨૮ | ૯૮ |
| | અન્ય | ૧૬૫ | ૯૬ | ૨૬૧ | ૬૫ |
| | સબટોટલ | ૨૮૪૪૪ | ૧૪૧૪૧ | ૪૨૫૮૫ | ૪૨૯૯ |
| અન્ય | અન્ય | ૫૦ | ૩૭ | ૮૭ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૩૭ | ૮૭ | ૧૦ |
| મહારાષ્ટ્ર | નંદુરબાર | ૮૩૩ | ૪૪ | ૮૭૭ | ૧૧૮ |
| | અન્ય | ૧૫૩ | ૧૭૧ | ૩૨૪ | ૮૧ |
| | સબટોટલ | ૯૮૬ | ૨૧૫ | ૧૨૦૧ | ૧૯૯ |
| નેત્રંગ અને ઝંખવાવ સામૂહિક આરોગ્ય કેન્દ્ર | નેત્રંગ | ૨૮૩૫ | ૮૬૯ | ૩૭૦૪ | ૩૫૪ |
| | ઝંખવાવ | ૧૧૫૨ | ૩૭૫ | ૧૫૨૭ | ૧૯૦ |
| | સબટોટલ | ૩૯૮૭ | ૧૨૪૪ | ૫૨૩૧ | ૫૪૪ |
| | કુલ | ૩૩૪૬૭ | ૧૫૬૩૭ | ૪૯૧૦૪ | ૫૦૫૨ |

## ઓપરેશનની કામગીરી વર્ષ ૨૦૧૨ – ૧૩
## (એપ્રિલ ૨૦૧૨ થી માર્ચ ૨૦૧૩)

| ક્રમ | ઓપરેશનનો પ્રકાર | પૈસા ભરેલ | નિઃશુલ્ક | કેમ્પ નિઃશુલ્ક | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | મોતિયો ફેકો વડે નેત્રમણિ સહિત | ૧૬૭ | ૭૩ | ૩૫૬ | ૫૯૬ |
| ૨. | મોતિયાનું ટાંકા વગર નેત્રમણિ સાથે | ૩૬૧ | ૧૧૧૦ | ૧૭૫૯ | ૩૨૩૦ |
| ૩. | સાદો મોતિયો–નેત્રમણિ વિના | ૩ | ૫ | ૭ | ૧૫ |
| ૪. | મોતિયો–ઝામર–નેત્રમણિ | ૧ | ૩ | ૧ | ૫ |
| ૫. | મોતિયો–વેલ–નેત્રમણિ | ૧૪ | ૬ | ૨૫ | ૪૫ |
| ૬. | ઝામરનું ઓપરેશન | ૪ | ૪ | ૧ | ૯ |
| ૭. | કીકી બદલવાનું ઓપરેશન | ૧૩ | ૪૮ | – | ૬૧ |
| ૮. | એવાસ્ટીન ઈંજેકશન | ૩૯૧ | ૭૮ | ૧૦ | ૪૭૯ |
| ૯. | વેલ | ૪૩ | ૪૧ | ૧૭ | ૧૦૧ |
| ૧૦. | ખસી ગયેલ પડદાનું ઓપરેશન | ૬ | ૧૨ | – | ૧૮ |
| ૧૧. | વિટ્રેકટોમી | ૩૬ | ૫૧ | ૧૬ | ૧૦૩ |
| ૧૨. | નાસુરનું ઓપરેશન | ૧૧ | ૧૪ | ૫ | ૩૦ |
| ૧૩. | ચક્ષુદાન માટે ચક્ષુ કાઢવાની ક્રિયા | – | ૫ | – | ૫ |
| ૧૪. | અંદર વળેલી પાંપણની શસ્ત્રક્રિયા | ૭ | ૧૦ | ૫ | ૨૨ |
| ૧૫. | પ્રોબીંગ | ૬ | ૪ | – | ૧૦ |
| ૧૬. | ઢળેલી પાંપણની શસ્ત્રક્રિયા | ૧ | ૧ | – | ૨ |
| ૧૭. | રેટીના ડીટેચમેન્ટ +વિટ્રેકટોમી | ૧૧ | ૧૮ | ૨ | ૩૧ |
| ૧૮. | મોતિયો – વિટ્રેકટોમી – નેત્રમણિ | ૯ | ૧૫ | ૨૯ | ૫૩ |
| ૧૯. | પડદાની અન્ય સારવાર | ૨ | ૫ | – | ૭ |
| ૨૦. | આંખમાંથી કચરૂં કાઢવાની પ્રક્રિયા | ૧૯૯ | ૬ | – | ૨૦૫ |
| ૨૧. | મોતિયા પછી થતી છારી કાઢવાનું લેસર | ૨૨૯ | ૧૦૯ | ૭૦ | ૪૦૮ |
| ૨૨. | લેસર વડે પડદાની સારવાર | ૨૦૪ | ૯૫ | – | ૨૯૯ |
| ૨૩. | અન્ય | ૭૧ | ૫૪ | ૧૧ | ૧૩૬ |
| | કુલ | ૧૭૮૯ | ૧૭૬૭ | ૨૩૧૪ | ૫૮૭૦ |

<u>નિદાન કેમ્પ :</u>

દિવ્યજ્યોતિ ટ્રસ્ટનો મૂળભૂત હેતુ, માંડવીની આસપાસના ગરીબ આદિવાસી વિસ્તારના લોકોને ઘર આંગણે આંખની સારવાર પુરી પાડવાનો હોવાથી નિદાન કેમ્પના આયોજન અને અમલીકરણ માટે પૂરેપુરુ ધ્યાન આપવામાં આવ્યું. ગત વર્ષ દરમિયાન (જૂન ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨ સુધી) કુલ ૭૩ નિદાન કેમ્પનું આયોજન થયું અને આ નિદાન કેમ્પ દ્વારા ૧૬,૦૦૦થી વધુ દર્દીઓની તપાસ થઈ, તેમજ ૧૬૦૦ થી વધુ દર્દીઓના ઓપરેશન કર્યા હતા.

આ વર્ષે (એપ્રિલ ૨૦૧૨ થી માર્ચ ૨૦૧૩ સુધી) કુલ ૧૦૯ નિદાન કેમ્પનું આયોજન કર્યું જેમાં કુલ ૧૬૭૮૭ દર્દીની તપાસ; ૨૨૮૦ ઓપરેશન અને ૧૦૭૫૬ ચશ્માનું વિતરણ કર્યું. કેમ્પના સ્થળેથી ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને હોસ્પિટલ લઈ આવવા ૪૦ સીટની બસની સુવિધા, ઓપરેશન તથા ઓપરેશન પછી આપવામાં આવતી દવા અને ચશ્મા, તેમજ દોઢ દિવસ હોસ્પિટલમાં રહેવા – જમવાનું દર્દી તથા એક સગાને વિના મૂલ્યે પુરા પાડવામાંઆવે છે. ઓપરેશન પછી બીજા દિવસે ડ્રેસીગ કરીને દર્દી તથા તેના સગાને કેમ્પના સ્થળે પરત મોકલવામાં આવે છે. આ સુવિધા અને ગુણવત્તાવાળા કાર્યને કારણે કેમ્પને શરૂઆતથી જ ઘણો સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે.

કેમ્પના આયોજન માટે દાતાઓનો ઘણો સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. ગતવર્ષની જેમ જ સુરત મહેશ્વરી સમાજના શ્રીરામનારાયણજી ચાંદક, કોસંબાના શ્રી બહાદુરસિંહ ચૌહાણ તથા શ્રી અરવિંદભાઈ ભટ્ટ તથા ઉટીયાદરાના શ્રી બચુભાઈ પટેલ, સુરતના સરગમ બિલ્ડર્સના સભ્યશ્રીઓ, તથા વડોદરાના સેવાભાવી ટ્રસ્ટો – હરિઓમ સેવા ટ્રસ્ટ તથા જીવન અક્ષય ચેરીટેબલ ટ્રસ્ટ અને ગુજરાત સરકારશ્રી તરફથી જીલ્લા અંધત્વ નિવારણ સમિતી સુરતની આ વર્ષે પણ ઘણી મદદ મળી.

ઉપરોકત દાતાઓ – સંસ્થાઓ ઉપરાંત આ વર્ષે કાકરાપાર અણુમથક દ્વારા ; ટ્રાયબલ સબપ્લાન માંડવી, જી. સુરત; વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા મુંબઈ તેમજ સુરતના શ્રી ઓમપ્રકાશજી તૂટેજાનો કેમ્પના આયોજનમાં ખૂબ જ સારો સહકાર અને આર્થિક સહયોગ પ્રાપ્ત થયા.

<u>વર્ષ દરમિયાન થયેલા નિદાન કેમ્પની આંકડાકીય માહિતી(એપ્રિલ ૨૦૧૨ થી માર્ચ ૨૦૧૩)</u>

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | જીલ્લો | ઓ.પી.ડી. | અન્ય નિષ્ણાંત માટે રીફર | ઓપરેશન | કેમ્પ સ્પોન્સરર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧/૪/૧૨ | થવા | વાલીયા | ભરૂચ | ૧૦૩ | ૨ | ૧૧ | *HOST* |
| ૨ | ૫/૪/૧૨ | અકકલકુવા | અકકલકુવા | નંદુરબાર | ૧૨૭ | ૯ | ૬ | મહાવીર ડાગા |
| ૩ | ૮/૪/૧૨ | બિલવાણ | ઉમરપાડા | સુરત | ૧૦૩ | ૪ | ૯ | *HOST* |
| ૪ | ૧૧/૪/૧૨ | માલ્ધા | માંડવી | સુરત | ૧૩૬ | ૩ | ૧૨ | *HOST* |
| ૫ | ૧૫/૪/૧૨ | અરેઠ | માંડવી | સુરત | ૧૧૦ | ૫ | ૬ | *HOST+DBCS+VFI* |
| ૬ | ૧૮/૪/૧૨ | ઉખલદા | સોનગઢ | તાપી | ૧૩૩ | ૨ | ૧૮ | *HOST* |
| ૭ | ૨૨/૪/૧૨ | પીપલવાડા | માંડવી | સુરત | ૧૦૪ | ૫ | ૨૩ | *JACT+DBCS+VFI* |
| ૮ | ૨૫/૪/૧૨ | બેડકુવા | બારડોલી | સુરત | ૪૩ | ૨ | ૩ | *HOST+DBCS+VFI* |
| ૯ | ૨૯/૪/૧૨ | પાતલ | માંડવી | સુરત | ૧૩૮ | ૩ | ૨૨ | કિર્તીસિંહ વશી+*DBCS+VFI* |
| ૧૦ | ૨/૫/૧૨ | લાખગામ | માંડવી | સુરત | ૧૧૪ | ૩ | ૧૪ | *HOST+JACT+DBCS+VFI* |
| ૧૧ | ૬/૫/૧૨ | દોસવાડા | સોનગઢ | તાપી | ૧૬૦ | ૩ | ૧૧ | *HOST+JACT+DBCS+VFI* |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૯/૫/૧૨ | મોટા તારપાડા | સોનગઢ | તાપી | ૮૨ | ૩ | ૩ | HOST+JACT+DBCS+VFI |
| ૧૩ | ૧૩/૫/૧૨ | બેડકુવા દુર | વ્યારા | તાપી | ૧૬૧ | ૨ | ૧૦ | HOST+JACT+DBCS+VFI |
| ૧૪ | ૧૬/૫/૧૨ | મોસ્કુટ | ડેડીયાપાડા | નર્મદા | ૯૧ | ૨ | ૭ | HOST+JACT+DBCS+VFI |
| ૧૫ | ૨૩/૫/૧૨ | ચારની | ઉમરપાડા | સુરત | ૮૯ | ૬ | ૧૧ | HOST+JACT+DBCS+VFI |
| ૧૬ | ૨૭/૫/૧૨ | ફુલવાડી | માંડવી | સુરત | ૫૮ | ૪ | ૯ | HOST+JACT+DBCS+VFI |
| ૧૭ | ૩૦/૫/૧૨ | જામકુઈ | માંડવી | સુરત | ૭૦ | ૨ | ૧૫ | HOST |
| ૧૮ | ૩/૬/૧૨ | કેવડીયા | માંડવી | સુરત | ૧૪૨ | ૭ | ૧૫ | TSM+VFI |
| ૧૯ | ૬/૬/૧૨ | સઠવાવ | માંડવી | સુરત | ૧૨૮ | ૬ | ૧૬ | TSM+VFI |
| ૨૦ | ૧૦/૬/૧૨ | ભાતખાઈ | માંડવી | સુરત | ૧૦૧ | ૨ | ૧૮ | TSM+VFI |
| ૨૧ | ૧૩/૬/૧૨ | રેગામા | માંડવી | સુરત | ૭૫ | ૬ | ૬ | TSM+VFI |
| ૨૨ | ૧૭/૬/૧૨ | ઉશ્કેર–રામકુંડ | માંડવી | સુરત | ૧૭૬ | ૭ | ૩૦ | TSM+VFI |
| ૨૩ | ૨૦/૬/૧૨ | ચુડેલ | માંડવી | સુરત | ૩૬ | ૦ | ૪ | TSM+VFI |
| ૨૪ | ૨૪/૬/૧૨ | સોનગઢ | સોનગઢ | તાપી | ૬૩ | ૫ | ૩૦ | TSM+VFI |
| ૨૫ | ૨૭/૬/૧૨ | કસાલ | માંડવી | સુરત | ૨૩૬ | ૫ | ૪૨ | TSM+VFI |
| ૨૬ | ૧/૭/૧૨ | કીમ | ઓલપાડ | સુરત | ૩૧૪ | ૧૨ | ૩૮ | સાધના કુટીર હોસ્પિટલ – કિમ +VFI |
| ૨૭ | ૪/૭/૧૨ | રતનીયા | માંડવી | સુરત | ૧૩૩ | ૭ | ૪૮ | TSM+VFI |
| ૨૮ | ૮/૭/૧૨ | બલેઠી | માંડવી | સુરત | ૧૪૬ | ૨ | ૧૭ | TSM+VFI |
| ૨૯ | ૧૧/૭/૧૨ | તડકેશ્વર | માંડવી | સુરત | ૧૭૨ | ૪ | ૮ | TSM+VFI |
| ૩૦ | ૧૫/૭/૧૨ | (આંબા)પારડી | માંડવી | સુરત | ૭૩ | ૧ | ૧૧ | TSM+VFI |
| ૩૧ | ૧૮/૭/૧૨ | લીમધા | માંડવી | સુરત | ૪૦ | ૩ | ૮ | TSM+VFI |
| ૩૨ | ૨૨/૭/૧૨ | ઉમરપાડા | ઉમરપાડા | સુરત | ૧૩૬ | ૪ | ૧૩ | TSM+VFI |
| ૩૩ | ૨૫/૭/૧૨ | વરેઠી | માંડવી | સુરત | ૧૧૭ | ૩ | ૧૧ | TSM+VFI |
| ૩૪ | ૨૯/૭/૧૨ | સેલંબા | સાગબારા | નર્મદા | ૧૪૭ | ૮ | ૧૫ | SG+VFI+DBCS |
| ૩૫ | ૩૧/૭/૧૨ | નરેણ | માંડવી | સુરત | ૫૬ | ૪ | ૧૦ | TSM+VFI |
| ૩૬ | ૫/૮/૧૨ | ઘંટોલી | માંડવી | સુરત | ૧૬૬ | ૮ | ૩૬ | લાયન્સ કલબ ઓફ સુરત સિલ્ક સીટી |
| ૩૭ | ૮/૮/૧૨ | લાખગામ | માંડવી | સુરત | ૭૭ | ૪ | ૮ | TSM+VFI |
| ૩૮ | ૧૨/૮/૧૨ | પાતાલદેવી | માંગરોલ | સુરત | ૧૧૧ | ૪ | ૯ | કિર્તીસિંહ વશી+DBCS+HOST+VFI |
| ૩૯ | ૧૬/૮/૧૨ | લુહારવડ | માંગરોલ | સુરત | ૧૮૧ | ૪ | ૨૩ | શ્રી કૃષ્ણસખા ગૃપ |
| ૪૦ | ૧૯/૮/૧૨ | બૌધાન | માંડવી | સુરત | ૧૭૧ | ૫ | ૨૬ | રામજીભાઈ ચાંદક |
| ૪૧ | ૨૨/૮/૧૨ | વાંકલા | માંડવી | સુરત | ૧૦૮ | ૨ | ૧૧ | TSM+HOST+VFI |
| ૪૨ | ૨૬/૮/૧૨ | માંગરોલ | માંગરોલ | સુરત | ૧૫૬ | ૭ | ૨૦ | રોટરી કલબ ઓફ ખરચ, કોસંબા+***DBCS+VFI*** |
| ૪૩ | ૨૯/૮/૧૨ | ગામતળાવ | માંડવી | સુરત | ૨૦૫ | ૨ | ૨૪ | ***TSM+VFI*** |
| ૪૪ | ૨/૯/૧૨ | સોનગઢ | સોનગઢ | તાપી | ૧૨૪ | ૬ | ૨૨ | ***SG+DBCS+VFI*** |
| ૪૫ | ૫/૯/૧૨ | પીપલવાડા | માંડવી | સુરત | ૧૫૦ | ૩ | ૨૮ | ***HOST+DBCS+VFI*** |
| ૪૬ | ૯/૯/૧૨ | ખાપર | અકકલકુવા | નંદુરબાર | ૪૧૬ | ૯ | ૩૨ | ***DBCS+VFI+LIONS+LIO CLUB SURAT*** |
| ૪૭ | ૧૨/૯/૧૨ | ગોડધા | માંડવી | સુરત | ૯૦ | ૪ | ૯ | ***JACT+DBCS+VFI*** |
| ૪૮ | ૧૩/૯/૧૨ | નેત્રંગ | નેત્રંગ | ભરૂચ | ૬૫ | ૪ | ૧૨ | HOST+DBCS+VFI |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪૯ | ૧૬/૯/૧૨ | મઢી | બારડોલી | સુરત | ૨૬૮ | ૧૧ | ૧૪ | ટેક્ષટાઈલ બેંક સુરત+DBCS+VFI |
| ૫૦ | ૨૦/૯/૧૨ | નીગામા | માંડવી | સુરત | ૨૩૨ | ૫ | ૩૬ | LIO CLUB SURAT+DBCS+VFI |
| ૫૧ | ૨૩/૯/૧૨ | હીદલા | સોનગઢ | તાપી | ૧૩૬ | ૧૧ | ૨૬ | રામરતનજી ભુતરા ટ્રસ્ટ + DBCS+VFI |
| ૫૨ | ૨૬/૯/૧૨ | ઈસર | માંડવી | સુરત | ૧૫૨ | ૮ | ૧૭ | HOST+DBCS+VFI |
| ૫૩ | ૨૭/૯/૧૨ | ઝંખવાવ | માંગરોલ | સુરત | ૧૬ | ૩ | ૮ | JACT+DBCS+VFI |
| ૫૪ | ૩૦/૯/૧૨ | કોસાડી | માંડવી | સુરત | ૧૩૬ | ૬ | ૧૭ | JACT+DBCS+VFI |
| ૫૫ | ૩/૧૦/૧૨ | અમલસાડી | માંડવી | સુરત | ૧૬૬ | ૫ | ૨૫ | JACT+DBCS+VFI |
| ૫૬ | ૭/૧૦/૧૨ | ઉમરાણ | ડેડીયાપાડા | નર્મદા | ૯૬ | ૬ | ૧૮ | મહેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી +DBCS+VFI |
| ૫૭ | ૧૦/૧૦/૧૨ | મુંજલાવ | માંડવી | સુરત | ૮૬ | ૬ | ૧૧ | HOST+DBCS+VFI |
| ૫૮ | ૧૪/૧૦/૧૨ | બોરીઆ | માંગરોલ | સુરત | ૧૩૬ | ૪ | ૨૦ | ભરતભાઈ ખંડુભાઈ દેસાઈ–કોસંબા+DBCS+VFI |
| ૫૯ | ૧૪/૧૦/૧૨ | કાકડકુઈ | વાલીયા | ભરૂચ | ૧૩૭ | ૨ | ૧૦ | ભરતકાકા +DBCS+VFI |
| ૬૦ | ૧૭/૧૦/૧૨ | નીદવાડા | સોનગઢ | તાપી | ૧૨૮ | ૩ | ૨૨ | JACT+DBCS+VFI |
| ૬૧ | ૨૧/૧૦/૧૨ | વાલોડ | વાલોડ | તાપી | ૩૨૦ | ૮ | ૩૨ | ઓમ પ્રકાશજી ટૂટેજા +DBCS+VFI |
| ૬૨ | ૨૫/૧૦/૧૨ | બંધારપાંડા | સોનગઢ | તાપી | ૧૬૮ | ૫ | ૧૮ | HOST+DBCS+VFI |
| ૬૩ | ૨૮/૧૦/૧૨ | દતવાડા | સાગબારા | નર્મદા | ૧૨૭ | ૫ | ૨૭ | ઓમ પ્રકાશજી ટૂટેજા +DBCS+VFI |
| ૬૪ | ૩૧/૧૦/૧૨ | ઉન | માંડવી | સુરત | ૯૮ | ૪ | ૭ | HOST+DBCS+VFI |
| ૬૫ | ૪/૧૧/૧૨ | સાલૈયા | માંડવી | સુરત | ૯૬ | ૭ | ૯ | ઉર આશા ઝવેરી +TSM+VFI |
| ૬૬ | ૭/૧૧/૧૨ | જુ. કાકરાપાર | માંડવી | સુરત | ૧૩૯ | ૩ | ૨૪ | TSM + VFI |
| ૬૭ | ૨૧/૧૧/૧૨ | કોલવાણ | સાગબારા | નર્મદા | ૧૫૮ | ૪ | ૧૭ | ઓમ પ્રકાશજી ટૂટેજા +DBCS+VFI |
| ૬૮ | ૨૫/૧૧/૧૨ | ઉમરપાડા | ઉમરપાડા | સુરત | ૧૭૪ | ૪ | ૨૧ | ઓમ પ્રકાશજી ટૂટેજા +DBCS+VFI |
| ૬૯ | ૨૮/૧૧/૧૨ | કસાલ | માંડવી | સુરત | ૫૪ | ૨ | ૬ | HOST+TSM+VFI |
| ૭૦ | ૨/૧૨/૧૨ | મોટીચેર | વ્યારા | તાપી | ૧૧૬ | ૬ | ૩૭ | TSM+VFI |
| ૭૧ | ૫/૧૨/૧૨ | વદેશીયા | માંડવી | માંડવી | ૨૦૯ | ૩ | ૨૪ | TSM+VFI |
| ૭૨ | ૯/૧૨/૧૨ | ખાપર | અકકલકુવા | નંદુરબાર | ૩૭૫ | ૧૦ | ૭૧ | ઓમ પ્રકાશજી ટૂટેજા +DBCS+VFI |
| ૭૩ | ૧૨/૧૨/૧૨ | નાના જાંબુડા | વાલીયા | ભરૂચ | ૨૩૭ | ૧૪ | ૨૩ | JACT+DBCS+VFI |
| ૭૪ | ૧૬/૧૨/૧૨ | લાજપોર | ચોર્યાસી | સુરત | ૩૪૨ | ૧૫ | ૧૯ | કિશોરભાઈ ચૌહાણ ત્રરાજસ્થાન યુવા સંઘ+DBCS+VFI |
| ૭૫ | ૧૯/૧૨/૧૨ | તુકેદ | માંડવી | સુરત | ૧૭૯ | ૫ | ૩૧ | TSM+VFI+JACT |
| ૭૬ | ૨૩/૧૨/૧૨ | ઘંટોલી | માંડવી | સુરત | ૨૨૪ | ૫ | ૫૨ | લીલાધરજી રાઠી+DBCS |
| ૭૭ | ૨૫/૧૨/૧૨ | માછીસાદડા | મહુવા | સુરત | ૩૮૫ | ૭ | ૪૫ | SG+DBCS+VFI |
| ૭૮ | ૩૦/૧૨/૧૨ | બોરદા | સોનગઢ | તાપી | ૨૫૬ | ૧૪ | ૨૬ | રાજસ્થાન યુવા સંઘ+DBCS+VFI |
| ૭૯ | ૨/૧/૧૩ | ઝાંખલા | માંડવી | સુરત | ૨૩૧ | ૬ | ૪૬ | સ્વામીજી તરસાડા+TSM+HOST+VFI |
| ૮૦ | ૬/૧/૧૩ | સોનગઢ | સોનગઢ | તાપી | ૩૦૨ | ૧૬ | ૪૯ | દ્વારકાપ્રસાદ મારૂ+DBCS+VFI |
| ૮૧ | ૯/૧/૧૩ | નાના જાંબુડા | વાલીયા | ભરૂચ | ૧૧૪ | ૫ | ૧૭ | JACT+DBCS+VFI |
| ૮૨ | ૧૧/૧/૧૩ | કલમકુઈ | વાલોડ | તાપી | ૨૧૮ | ૧૦ | ૨૬ | તરલાબહેન શાહ, વાલોડ+TSM+VFI |
| ૮૩ | ૧૩/૧/૧૩ | શામપુરા | કામરેજ | સુરત | ૩૩૧ | ૧૬ | ૪૬ | કરસનકાકા+DBCS+VFI |
| ૮૪ | ૧૬/ ૧/૧૩ | ગોડસંબા | માંડવી | સુરત | ૧૩૪ | ૧૦ | ૩૩ | TSM+HOST+VFI |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮૫ | ૨૦/૧/૧૩ | પાટ | સાગબારા | નર્મદા | ૧૩૨ | ૮ | ૨૯ | માનસમંડલ,સુરત+*DBCS+VFI* |
| ૮૬ | ૨૩/૧/૧૩ | ગોપાલપુરા | સોનગઢ | તાપી | ૧૮૮ | ૯ | ૨૨ | *TSM+JACT+VFI* |
| ૮૭ | ૨૭/૧/૧૩ | કાકરપાડા | ડેડીયાપાડા | નર્મદા | ૧૨૩ | ૧૩ | ૧૫ | છત્રસિંહ માધવસિંહ ઠાકોર+*DBCS+VFI* |
| ૮૮ | ૩૦/૧/૧૩ | ઈટવાઈ | નિઝર | તાપી | ૧૭૯ | ૭ | ૨૪ | *HOST+TSM+VFI* |
| ૮૯ | ૩/૨/૧૩ | કુંભીયા | વ્યારા | તાપી | ૨૭૭ | ૨૫ | ૫૦ | લીલાભાઈ શાહ,સુરત+*VFI* |
| ૯૦ | ૬/૨/૧૩ | પાલોદ | માંગરોલ | સુરત | ૨૩૭ | ૧૦ | ૧૩ | પાલોદ ગ્રામ પંચાયત+*TSM+VFI* |
| ૯૧ | ૧૦/૨/૧૩ | બૌધાન | માંડવી | સુરત | ૧૭૭ | ૧૯ | ૨૧ | માનસમંડલ+કનૈયાલાલ શાહ+*VFI* |
| ૯૨ | ૧૩/૨/૧૩ | નાના જાબુંડા | વાલીયા | ભરૂચ | ૨૯ | ૧ | ૩ | *JACT+DBCS+VFI* |
| ૯૩ | ૧૭/૨/૧૩ | ઘાટા | વ્યારા | તાપી | ૧૨૭ | ૭ | ૨૮ | બચુભાઈ ઊટીયાદરા+*TSM+VFI* |
| ૯૪ | ૧૯/૨/૧૩ | ગોદાવાડી | માંડવી | સુરત | ૯૨ | ૪ | ૧૮ | *HOST+TSM+VFI* |
| ૯૫ | ૨૦/૨/૧૩ | ખેરવાડા | સોનગઢ | તાપી | ૧૪૫ | ૪ | ૧૪ | *HOST+TSM+VFI* |
| ૯૬ | ૨૪/૨/૧૩ | સેલંબા | સાગબારા | નર્મદા | ૨૫૦ | ૧૪ | ૩૩ | *SG+DBCS+VFI* |
| ૯૭ | ૨૬/૨/૧૩ | તરસાડા | માંડવી | સુરત | ૧૮૫ | ૯ | ૨૧ | *TSM+VFI* |
| ૯૮ | ૨૭/૨/૧૩ | બીલવાણ | ઉમરપાડા | સુરત | ૨૮૫ | ૭ | ૨૨ | બહાદુરસિંહ ચૌહાણ,કોસંબા+*TSM+VFI* |
| ૯૯ | ૩/૩/૧૩ | કોસંબા | માંગરોલ | સુરત | ૩૧૫ | ૨૭ | ૨૭ | ઈનરવ્હીલ કલબ,ખરચ,કોસંબા+*DBCS+VFI* |
| ૧૦૦ | ૬/૩/૧૩ | હરીપુરા | બારડોલી | સુરત | ૧૪૦ | ૯ | ૧૨ | *TSM+VFI* |
| ૧૦૧ | ૧૦/૩/૧૩ | સોનગઢ | સોનગઢ | તાપી | ૧૧૧ | ૫ | ૨૭ | *SG+DBCS+VFI* |
| ૧૦૨ | ૧૨/૩/૧૩ | વાઘેચા | બારડોલી | સુરત | ૭૬ | ૦ | ૯ | *TSM+VFI* |
| ૧૦૩ | ૧૩/૩/૧૩ | રોસવાડ | માંડવી | સુરત | ૧૩૦ | ૯ | ૧૪ | *TSM+VFI* |
| ૧૦૪ | ૧૭/૩/૧૩ | કાકરાપાર | માંડવી | સુરત | ૨૧૫ | ૧૪ | ૬૯ | *KAPS* |
| ૧૦૫ | ૨૦/૩/૧૩ | ઉશ્કેર–રામકુંડ | માંડવી | સુરત | ૫૭ | ૩ | ૧૪ | *TSM+VFI* |
| ૧૦૬ | ૨૧/૩/૧૩ | દેવગીરી | માંડવી | સુરત | ૬૬ | ૧ | ૧૬ | *TSM+VFI* |
| ૧૦૭ | ૨૨/૩/૧૩ | કીમડુંગરા | માંડવી | સુરત | ૮૧ | ૨ | ૯ | *TSM+VFI* |
| ૧૦૮ | ૨૪/૩/૧૩ | હીદલા | સોનગઢ | તાપી | ૧૨૫ | ૬ | ૧૯ | *TSM+VFI* |
| ૧૦૯ | ૩૧/૩/૧૩ | વાલોડ | વાલોડ | તાપી | ૨૩૬ | ૧૯ | ૩૧ | *TSM+VFI* |
| કુલ | | | | | ૧૬૭૮૭ | ૬૯૪ | ૨૨૮૦ | |

**નોંધ: HOST–હરિ ઓમ સેવા ટ્રસ્ટ, JACT–જીવન અક્ષય ચેરીટેબલ ટ્રસ્ટ, VFI–વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, TSM–ટ્રાયબલ સબપ્લાન માંડવી, DBCS–ડીસ્ટ્રીકટ બ્લાઈન્ડનેસ કંટ્રોલ સોસાયટી–સુરત., SG–સરગમ ગ્રુપ.**

## તાલીમ પ્રવૃત્તિ:

### *a)* સ્ટાફની તાલીમ :

મે ૨૦૧૨ અને જૂન ૨૦૧૨ દરમિયાન બે જૂથમાં સ્ટાફના બધા જ સભ્યોને મદુરાઈની અરવિંદ આઈ હોસ્પિટલમાં ત્યાંની કામગીરી જોવા સમજવા મોકલ્યા કારણકે અરવિંદ આઈ હોસ્પિટલ દુનિયાની મોટામાં મોટી આંખની હોસ્પિટલ છે જ્યાં તેના પાંચ જુદા જુદા શહેરના સેન્ટરો મળીને વર્ષના ૪ લાખથી વધુ આંખના ઓપરેશનો થાય છે. આ ઉપરાંત રીસર્ચ, ટ્રેનીગ, આંખની સર્જરીમાંવપરાતા લેન્સ તથા અન્ય સામગ્રીનું ઉત્પાદન વિગેરે પણ મોટા પ્રમાણમાં થાય છે. સૌએ આ મુલાકાત બાદ આપણી હોસ્પિટલમાં જરૂરી સુધારા સૂચવ્યા તે મુજબ.વ્યવહારીક રીતે શકય એ ફેરફાર અમલમાં પણ મૂકયા.

જુલાઈ ૨૦૧૨ – એક મહિના માટે ડો. ખુશ્બુબહેન 'રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી' ની તાલીમ લેવા સ્વખર્ચે કોઈમ્બતુર,

અરવિંદ આઈ હોસ્પિટલમાં ગયા. આ દરમિયાન પડદાની સારવાર માટે અમદાવાદથી ડો. અમીષભાઈ પટેલ અને વડોદરાથી ડો. માધવીબહેન શેઠ આવ્યા. તે જ રીતે ઓગષ્ટમાં ડો. કામિનીબહેન પટેલ વીસનગર ફેકો તાલીમ માટે ગયા હતા.

હવે ચક્ષુદાન માટે ઓપ્થેલ્મીક આસીસ્ટંટ પણ આંખ કાઢી શકે તેની પરવાનગી કેન્દ્ર સરકારે આપી હોવાથી 'ઈન્યુકલીયેશન'ની તાલીમ માટે પ્રદિપભાઈ પટેલ તથા યતીનભાઈ મિસ્ત્રી સુરત લોકદૃષ્ટિ આઈબેંકમાં ૨ દિવસ માટે જઈ આવ્યા. હવે તેઓ આ કામગીરી સંભાળશે.

આ ઉપરાંત ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને ઓપ્થેલ્મીક નર્સીંગની તાલીમ હોસ્પિટલમાં જ કરી અને તાલીમ પૂર્ણ કરેલા કાર્યકરોને હોસ્પિટલમાં જ કામે રાખ્યા. અગાઉ હોસ્પિટલમાં જ તાલીમ લઈ ચૂકેલા ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને નર્સીંગ સ્ટાફની લેખિત પરીક્ષા લીધી.

### B) બહારના સ્ટાફની તાલીમ :

બારડોલીથી કીજલબહેન પંચાલ તેમજ શારદાબહેન ઓપરેશન થીયેટરની કામગીરીની એક અઠવાડિયાની તાલીમ માટે આવ્યા હતા. ફાર્માસીસ્ટ ઓબ્ઝર્વર તરીકે તરૂલતા ચૌધરી સપ્ટેમ્બર દરમિયાન આવ્યા. દક્ષિણ આફ્રિકાના કોંગોથી એક ડોકટર ડોડેટ ત્રણ માસની SICSની તાલીમ માટે આવ્યા. જનાવરની આંખ પર તથા મૃત આંખ પર પ્રેકટીસ કર્યા પછી તેમને ડો. રોહનભાઈએ SICSની તાલીમ આપી. તાલીમ બાદ તેઓ પોતાના વતન પહોંચીને આ તાલીમનો બરાબર ઉપયોગ કરી રહ્યા છે. ડો. ડોડેટ અને તેમની સંસ્થાએ તાલીમ બદલ ખુશી પ્રગટ કરી છે.

ઝારખંડના ખુંટી જીલ્લાની હોસ્પિટલમાંથી ટૂંકાગાળાના અભ્યાસ – ઓપરેશન થીયેટર ટેકનીક અને વિઝન બિલ્ડીંગ એક્ષરસાઈઝ માટે મેનેજમેન્ટ અને ઓટી સ્ટાફ અહી નવેમ્બર – ડીસેમ્બર દરમિયાન આવ્યા. તે જ રીતે ઓપરેશન થીયેટર મેનેજમેન્ટની એક અઠવાડિયાની તાલીમ માટે સુંદરવન, પશ્ચિમ બંગાળથી SHIS સ્ટાફના સભ્યો આવ્યા.

સેવા રૂરલના ઓપ્થાલ્મોલોજીસ્ટ ડો. માર્ગીબહેન એક અઠવાડિયાની 'ફેકો' તાલીમ માટે આવ્યા. લંડનથી નતાશા કપુર અને અમેરીકાથી સુહલ શાહ હોસ્પિટલની કામગીરી જોવા સમજવા આવ્યા હતા. તેમણે પોતાના અનુભવો વ્યકત કરતા પત્રો અત્રે પેજ નં.૨૯ અને ૩૦ પર રજૂ કર્યા છે.

### c) કન્સલ્ટન્સી અને ઈવેલ્યુએશન :

ડો. ઉદયભાઈ જુદી જુદી હોસ્પિટલના આમંત્રણને માન આપીને મૂલ્યાંકનની કામગીરી માટે વર્ષ દરમિયાન ગયા હતા. સુંદરવનની હોસ્પિટલ – જે સાઈટ સેવર્સની પાર્ટનર હોસ્પિટલ છે તેના મૂલ્યાંકન માટે પ્રદિપભાઈ પટેલ પણ ગયા હતા.

| ક્રમ | નામ | સ્થળ | તારીખ | હેતુ | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧. | સેવા સદન આઈ હોસ્પિટલ | ભોપાલ | ૬–૭ સપ્ટેમ્બર ૨૦૧૨ | હોસ્પિટલ મૂલ્યાંકન | સાઈટસેવર્સ પાર્ટનર |
| ૨. | આર.એન.સી. આઈ હોસ્પિટલ | વલસાડ | ૨૮–૨૯ સપ્ટેમ્બર ૨૦૧૨ | હોસ્પિટલ મૂલ્યાંકન | સ્વૈચ્છિક સંસ્થા |
| ૩. | એસ.જી.વી.એસ. હોસ્પિટલ | ઝારખંડ | ૮–૯ ઓકટોબર ૨૦૧૨ | હોસ્પિટલ મૂલ્યાંકન | સાઈટસેવર્સ ઈન્ટ. પાર્ટનર |
| ૪. | એસ.એચ.આઈ.એસ. | સુંદરવન | ૮–૯ નવેમ્બર ૨૦૧૨ | હોસ્પિટલ મૂલ્યાંકન | સાઈટસેવર્સ ઈન્ટ. પાર્ટનર |
| ૫. | એસ.એસ.ડી.સી. | સુંદરવન | નવેમ્બર ૨૦૧૨ | હોસ્પિટલ મૂલ્યાંકન | સાઈટસેવર્સ ઈન્ટ. પાર્ટનર |

## D) વર્કશોપ અને કોન્ફરન્સ :

કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયા (COSI)ની વાર્ષિક મિટીંગમાં ડો. ઉદયભાઈ ગજીવાળાએ હાજરી આપી. આ મીટીગમાં પ્રાયમરી (પ્રાથમિક) આંખ સંભાળ વિશે અગત્યની ચર્ચા કરવામાં આવી. દિવ્યજ્યોતિ ટ્રસ્ટ પણ COSI નું સભ્ય બન્યું છે હવે આગામી COSI ની વાર્ષિક મિટીંગ દિવ્યજ્યોતિ ટ્રસ્ટ, માંડવી ખાતે યોજવાનું નક્કી કર્યું છે. મોટેભાગે ૨૨ – ૨૩ નવેમ્બર ૨૦૧૩ના રોજ આ મિટીગ માંડવી ખાતે રાખીશું.

| ક્રમ | નામ | સ્થળ | તારીખ | કોન્ફરન્સ વિગત | ભાગ લેનાર તરીકે રીસોર્સ પર્સન તરીકે |
|---|---|---|---|---|---|
| ૧. | ડો. રોહન ચરીવાળા અને ડો. ખુશ્બુ ડોકટર | દિલ્હી | ૬/૮ એપ્રિલ ૨૦૧૨ | DOS– દિલ્હી ઓપ્થેલ્મોલોજી સોસાયટી | બે સેશન માટે રીસોર્સ પર્સન અને સહભાગી |
| ૨. | ડો. ઉદયભાઈ ગજીવાળા | આણંદ–ધર્મજ | ૧૦ જુન ૨૦૧૨ | ઈન્ફેકશન કંટ્રોલ વર્કશોપ | રીસોર્સ પર્સન |
| ૩. | ડો. ઉદયભાઈ ગજીવાળા | અમદાવાદ | ૧ જુલાઈ ૨૦૧૨ | સ્વૈચ્છિક સંસ્થાઓની મિટીગ | રીસોર્સ પર્સન |
| ૪. | ડો. ઉદયભાઈ ગજીવાળા | મદુરાઈ | ૨૧/૨૨ જુલાઈ ૨૦૧૨ | વિઝન ૨૦૨૦ વર્કશોપ | ૧ સેશન ચેરપર્સન, મોડરેટર – ૧ સેશન |
| ૫. | માધવીબહેન ગજીવાળા | મદુરાઈ | ૨૧/૨૨ જુલાઈ ૨૦૧૨ | વિઝન ૨૦૨૦ વર્કશોપ | સહભાગી |
| ૬. | ડો. રોહન ચરીવાળા | હૈદ્રાબાદ | ૨૮/૨૯ જુલાઈ ૨૦૧૨ | એ.આર.વી.ઓ. | સહભાગી + પેપર પ્રેઝન્ટ |
| ૭. | ડો. રોહન ચરીવાળા | હૈદ્રાબાદ | ૨૮/૨૯ જુલાઈ ૨૦૧૨ | આઈ.એ.પી.બી. વાર્ષિક મિટીગ | પેપર પ્રેઝન્ટ |
| ૮. | ડો. રોહન ચરીવાળા | હૈદ્રાબાદ | ૨૮/૨૯ જુલાઈ ૨૦૧૨ | આઈ.એસ.જી.ઈ.ઓ. વાર્ષિક મિટીગ | પેપર પ્રેઝન્ટ |
| ૯. | પ્રદિપભાઈ પટેલ | હૈદ્રાબાદ | ૨૮/૨૯ જુલાઈ ૨૦૧૨ | આઈ.એ.પી.બી. વાર્ષિક મિટીગ | સહભાગી |
| ૧૦. | ડો. ઉદયભાઈ ગજીવાળા | અમદાવાદ | ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૨ | ગવર્નમેન્ટ ઓપ્થાલ્મોલોજીસ્ટ મીટીગ | રીસોર્સ પર્સન |
| ૧૧. | ડો. ઉદયભાઈ ગજીવાળા<br>ડો. રોહન ચરીવાળા<br>ડો. ખુશ્બુ ડોકટર<br>ડો. કામિની પટેલ | સુરત | સપ્ટેમ્બર ૨૦૧૨ | વાર્ષિક મિટીગ ગુજરાત ઓપ્થેલમીક સોસાયટી | રીસોર્સ પર્સન<br>પેપર પ્રેઝન્ટ |
| ૧૨. | ડો. ઉદયભાઈ ગજીવાળા | આણંદ/ વડોદરા | ૧૦/૧૧ ઓકટોબર ૨૦૧૨ | વર્લ્ડ સાઈટ ડે ઉજવણી | રીસોર્સ પર્સન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | દિલ્હી | ૩૦ નવેમ્બર/ ૧ ડિસેમ્બર | COSI મિટીંગ | રીસોર્સ પર્સન |
| ૧૪. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | સુરત | ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ | રીફ્રેકટીવ એરર પ્લાનીંગ | ઓર્ગેનાઈઝર (વિઝન ૨૦૨૦ તરફથી) |
| ૧૫. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | કલકત્તા | ૧૮ ડિસેમ્બર ૨૦૧૨ | પ્રોટોકોલ વર્કશોપ | રીસોર્સ પર્સન |
| ૧૬. | ડૉ. રોહન ચરીવાળા<br>ડૉ. ખુશ્બુ ડોકટર | હૈદ્રાબાદ | ૧૭/૨૦ જાન્યુઆરી ૨૦૧૩ | AIOS જોઈંટ મિટીંગ | ઈ– પોસ્ટર પ્રેઝન્ટેશન (રજૂઆત) |
| ૧૭. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | અમદાવાદ | ૨૬ જાન્યુઆરી ૨૦૧૩ | ACOIN મિટીંગ | રીસોર્સ પર્સન + જજ (ફ્રી પેપર સેશનમાં) |
| ૧૮. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | અમદાવાદ | ૨૬ જાન્યુઆરી ૨૦૧૩ | જનરલ બોડી મિટીંગ<br>વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ<br>ગુજરાત ચેપ્ટર | – |
| ૧૯. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | ગાંધીનગર | ૫ ફેબ્રુઆરી ૨૦૧૩ | ટેલીમેડીસીન પ્રોજેકટ ગાંધીનગર | |
| ૨૦. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | મુંબઈ | ૮/૯ ફેબ્રુઆરી ૨૦૧૩ | હોસ્પિટલ ઈન્ફેક્શન સોસાયટી મિટીંગ (HISI) | પાર્ટીસીપન્ટ |

## <u>અન્ય સમાજ ઉપયોગી પ્રવૃત્તિઃ</u>

લાયન્સ કલબ ઓફ સુરત સીલ્ક સીટી દ્વારા સાંભળવાની તકલીફ ધરાવતા લોકો માટે એક કેમ્પ દિવ્યજયોતિ ટ્રસ્ટના સહયોગથી માંડવીમાં હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યો. આ કેમ્પમાં ૧૨૫ જેટલા લોકોની તપાસ થઈ અને ૭૫ દર્દીઓને સાંભળવામાં ઉપયોગી સાધન (હીયરીંગ એઈડ) આપવામાં આવ્યા. આ સાધનમાં દરેકને તેમની આવકના દાખલાને આધારે માફી કે અંશતઃ માફી કરવામાં આવી.

દિવાળીમાં સંસ્થાના એક શુભેચ્છક દાતાએ માંડવીના ૫૦૦ ઘરોમાં મિઠાઈ વહેંચીને લોકોને દિવાળીમાં મીઠાશનો અનુભવ કરાવ્યો. દિવાળી બાદ આ જ દાતાએ ૫૦૦ સાડીઓ અને કરિયાણાની કીટ બનાવીને લાખગામ વિસ્તારમાં ગરીબ કુટુંબોમાં વહેંચણી કરી અને લોકોના આશીર્વાદ મેળવ્યા. ખરેખર, આવા ઉદાર સદ્‌ગૃહસ્થોથી આ ધરતી દીપે છે.

અન્ય એક સદ્‌ગૃહસ્થે સંસ્થાની કામગીરી વિશે સાંભળીને, પોતે પણ કંઈક કરવા ઈચ્છે છે એમ જણાવ્યું અને માંડવીની મુલાકાત લીધા પછી ગરીબ લોકોને વસ્ત્રોનું વિતરણ કર્યું. ભણસાળી ટ્રસ્ટ દ્વારા ડાંગ વિસ્તારમાં અવિકસિત ગામોમાં સર્વાંગી વિકાસની જે પ્રવૃત્તિ થાય છે તે રૂબરૂ જોવા ટ્રસ્ટી શ્રી ભરતભાઈ, શ્રી બાલુભાઈ, ડૉ. ઉદયભાઈ તથા માધવીબહેન અને શ્રી રામનારાયણજી તેમજ શ્રી ઓમપ્રકાશજી સપ્ટેમ્બર ૨૦૧૨માં ગયા હતા.

તેના આધારે માંડવી તાલુકામાં પણ જરૂરીયાત ધરાવતા ગામની તપાસ કરી અને તેના સર્વાંગી વિકાસ માટે ત્રણ ગામ પસંદ કર્યા છે. જેની ફિલ્ડ વર્કની જવાબદારી સંભાળવા એક MSW કાર્યકરની પહેલી જાન્યુઆરી ૨૦૧૩થી નિમણૂંક કરી છે. આ ત્રણે ગામની કામગીરી માટેનો ખર્ચ સુરતની સંસ્થા 'છાંયડો' કરશે.

## અન્ય સંસ્થાને મદદ :

જીવન જયોત ટ્રસ્ટ – અમરોલી, સુરત ખાતે નવી આંખની હોસ્પિટલના ઓ.ટી. માટે સાધનો ખરીદવા તેમજ ઓ.ટી.નું ડ્રોઈંગ તૈયાર કરાવવામાં દિવ્યજયોતિ ટ્રસ્ટના ડો. ઉદયભાઈ મદદરૂપ થયા.

જીવન અક્ષય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જાંબુડા, તા. વાલીયામાં એક આરોગ્ય કેન્દ્ર ચલાવવામાં આવે છે ત્યાં મદદરૂપ થયા.

## નેત્રંગ અને ઝંખવાવ કેન્દ્રની કામગીરી :

પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ – પ્રોજેકટ અંતર્ગત નેત્રંગ અને ઝંખવાવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જે ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવે છે, ત્યાં દૈનિક આંખની ઓપીડીનું કામ દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા નિમણૂંક કરાયેલા ઓપ્થેલ્મીક આસીસ્ટંટ દ્વારા કરવામાં આવે છે. આ પ્રવૃત્તિ એપ્રિલ ૨૦૧૨ થી દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા સંભાળવાની શરૂ કરી છે. ઓપરેશન કરવા માટે માંડવીથી ડોકટર અને ૨ નર્સીંગ સ્ટાફ દર મંગળવાર અને શુક્રવાર નેત્રંગ – ઝંખવાવ જાય છે. આ રીતે ૧ વર્ષ (એપ્રિલ ૨૦૧૨ – માર્ચ ૨૦૧૩) ની કામગીરી પાના નં. ૬ માં દર્શાવી છે.

## શાળાકીય આંખ તપાસની પ્રવૃત્તિ :

શાળાએ જતા બાળકો અને તેમના વાલીઓ, બાળકોની આંખની તકલીફ વિશે ખાસ માહિતગાર હોતા નથી. આથી શાળાએ જતા બાળકોની આંખની તપાસ કરીને જો ચશ્માની જરૂરીયાતવાળા બાળકોને સમયસર ચશ્મા આપી શકાય તેમજ અન્ય તકલીફનું પણ સમયસર નિદાન થાય તો ભવિષ્યમાં ગંભીર તકલીફ કે અંધાપો આવતો નિવારી શકાય. આથી, આ કાર્યક્રમ ઘણું મહત્વ ધરાવે છે.

અંધજન પુનર્વસન કાર્યક્રમના ભાગરૂપે શાળાકીય આંખ તપાસનું ટાઈમટેબલ બનાવ્યું અને પેજ નં. : ૧૬ માં દર્શાવ્યા મુજબ કામગીરી કરી. આ કામગીરીમાં સ્થાનિક સરકારી ઓપ્થેલ્મીક આસીસ્ટંટ પણ મદદરૂપ થયા.

આ ઉપરાંત માંડવી હાઈસ્કુલમાં ૨૫૦ બાળકોની તપાસ થઈ અને તેમને ડી.બી.સી.એસ. સુરત તરફથી ચશ્મા આપવામાં આવશે. વાંકલ હાઈસ્કુલમાં ૫૪૦ બાળકોની તપાસ કરીને ૨૩૦ બાળકોનું રીફ્રેકશન કર્યુ અને ૧૦ બાળકોને વધુ તપાસ માટે બેઝ હોસ્પિટલ પર મોકલ્યા.

બાબેનની શાળામાં ૩૬૦ બાળકોની તપાસ કરી અને ૧૨૦ રીફ્રેકશન કર્યા તેમાંથી ૮ બાળકોને વધુ તપાસ માટે બેઝ હોસ્પિટલ પર મોકલ્યા.

અસ્તાન કન્યાશાળાની ૬૬૦ વિદ્યાર્થીનીઓની તપાસ કરીને ૧૮૫ રીફ્રેકશન કર્યા તેમા ૫ બાળકીઓને બેઝ હોસ્પિટલ પર મોકલ્યા.

## શાળાકીય તપાસના ફાયદા

તરૂણકુમાર ગરાસીયા, ગામ–વાંસકૂઈ, તાલુકો – મહુવા, જી. સુરત ગામનો ધોરણ – ૮ માં અભ્યાસ કરતો કિશોર છે. તેના પિતા મજૂરી કામ કરે છે આથી આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. વાંસકૂઈ ગામની શાળામાં દિવ્યજયોતિ ટ્રસ્ટના અંધજન પુનર્વસન કાર્યક્રમ હેઠળ ફીલ્ડ વર્કર દ્વારા શાળા તપાસનો કાર્યક્રમ કરવામાં આવ્યો, જેમાં તરૂણની ડાબી આંખમાં દૃષ્ટિ ઓછી જણાઈ. આથી તેને તેજસ આંખની હોસ્પિટલમાં વધુ તપાસ અને સારવાર માટે આવવા જણાવ્યું. તેજસ હોસ્પિટલમાં તેની ઝીણવટભરી તપાસમાં ડાબી આંખમાં મોતિયો હોવાનું જણાયું આથી તેને બાળકોની આંખના ડોકટર નિતીનભાઈ, જેઓ મહિનામાં એકવાર માંડવી આવે છે તેમને બતાવવા જણાવ્યું. ડો. નિતીનભાઈએ પણ મોતિયાનું નિદાન કર્યુ અને એનેસ્થેટીસ્ટને બોલાવીને ડો. નિતીનભાઈએ તરૂણનું ડાબી આંખનું મોતિયાનું ઓપરેશન કર્યુ. હવે તરૂણની ડાબી આંખમાં દૃષ્ટિ સુધરી ગઈ છે તેથી તેના માતાપિતા ખુબ ખુશ છે. તરૂણના પિતા મજૂર છે અને રાષ્ટ્રીય સુરક્ષા વીમા યોજના અંતર્ગત કાર્ડ ધરાવે છે તેથી તરૂણકુમારની સર્જરી તદ્દન મફત કરવામાં આવી. જો શાળા તપાસનો કાર્યક્રમ ન કર્યો હોત તો તરૂણને પોતાને મોતિયો હોવાની ખબર ન પડત અને લાંબાગાળે તેની દૃષ્ટિને કાયમી નુકશાન થયું હોત. આમ શાળાકીય આંખ તપાસના કાર્યક્રમથી બાળકોમાં થતી આંખની તકલીફ સમયસર પારખી શકાય છે અને તેનો ઈલાજ થઈ શકે છે જે રાષ્ટ્રીય અંધત્વ નિવારણમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે.

## તા. ૦૪/૧૨/૨૦૧૨ થી ૩૧/૦૩/૨૦૧૩ સુધી
## અંધજન પુનર્વસન અંતર્ગત માંડવી તાલુકા સ્કુલ સ્ક્રીનીંગ રીપોર્ટ

| કલસ્ટર | શાળાની સંખ્યા | રજીસ્ટર સંખ્યા | હાજર સંખ્યા | તપાસ થયેલ સંખયા | ખામીવાળા બાળકોની સંખ્યા | રીફર | રીફ્રેકશનની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| દેવગઢ | ૨૨ | ૧૫૦૭ | ૧૩૨૦ | ૧૩૨૦ | ૩૮ | ૦૬ | ૩૪ |
| માલ્ધા | ૧૬ | ૪૮૬ | ૪૨૮ | ૪૨૮ | ૪૨ | ૦૧ | ૩૪ |
| સઠવાવ | ૨૨ | .૮૮૩ | ૮૨૮ | ૮૨૮ | ૩૯ | ૧૧ | ૪૧ |
| દઢવાડા | ૧૯ | ૫૬૯ | ૫૨૫ | ૫૨૫ | ૧૮ | ૦૧ | ૧૮ |
| માંડવી | ૧૫ | ૧૩૮૪ | ૧૨૬૦ | ૧૨૬૦ | ૭૨ | ૧૨ | ૪૦ |
| રતનીયા | ૧૫ | ૮૦૩ | ૭૩૪ | ૭૩૪ | ૫૩ | ૧૦ | ૨૬ |
| ગોદાવાડી | ૧૯ | ૧૦૯૧ | ૯૪૨ | ૯૪૨ | ૪૫ | ૦૪ | ૨૭ |
| પાતલ | ૩૩ | ૧૬૫૧ | ૧૫૮૩ | ૧૫૮૩ | ૧૭૫ | ૦૬ | ૪૨ |
| અરેઠ | ૧૭ | ૧૨૦૬ | ૧૦૫૦ | ૧૦૫૦ | ૫૪ | ૦૫ | ૨૨ |
| તડકેશ્વર | ૧૩ | ૧૬૨૨ | ૧૩૭૭ | ૧૩૭૭ | ૧૧૮ | ૦૩ | ૪૮ |
| કુલ | ૧૯૧ | ૧૧૨૦૨ | ૧૦૦૪૭ | ૧૦૦૪૭ | ૬૫૪ | ૫૯ | ૩૩૨ |

## અંધજન પુનર્વસન કાર્યક્રમ – સામુદાયિક આંખોની સારવારનો કાર્યક્રમ:

એપ્રિલ ૨૦૧૨ થી માંડવી તાલુકામાં અંધજન પુનર્વસન કાર્યક્રમ શરૂ કર્યો. માંડવી તાલુકાના કુલ ૧૩૩ ગામની લગભગ ૨ લાખની વસ્તીને આ પ્રોજેકટમાં આવરી લીધી છે. સૌ પ્રથમ ૧૩૩ ગામને ૧૦ કલસ્ટરમાં (જૂથમાં) વહેંચ્યા અને દરેક કાર્યકરને તેના કલસ્ટર વિશે માહિતી આપી.

### માંડવી તાલકામાં અંધજન પુનર્વસન કાર્યકરો દ્વારા થયેલી કામગીરી

| કલસ્ટર | ગામની સંખ્યા | કુલ વસ્તી | કુલ રીફર | મોતિયાના કુલ ઓપરેશન | RBS | U/S | ડાયાબિટીસ દર્દી પોઝિટીવ | B-ફોર્મ | અંધની યાદી | અન્ય વિકલાંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવગઢ | ૧૫ | ૧૯૬૬૯. | ૧૩૮ | ૭૭ | ૨૩૦૫ | ૨૩૦૫ | ૬૬ | ૭ | ૧૦ | ૮૫ |
| માલ્ધા | ૧૮ | ૯૧૮૮ | ૨૩૫ | ૬૧ | ૧૬૭૯ | ૧૬૭૧ | ૩૬ | ૨૧ | ૬ | ૬૩ |
| સઠવાવ | ૧૩ | ૧૫૦૨૨ | ૩૩૯ | ૭૮ | ૧૯૦૭ | ૧૯૦૭ | ૬૪ | ૨૯ | ૧૨ | ૮૩ |
| દઢવાડા | ૧૫ | ૯૫૧૩ | ૨૫૧ | ૮૫ | ૧૩૭૪ | ૧૨૮૭ | ૨૪ | ૩૫ | ૫ | ૨૨ |
| માંડવી | ૭ | ૨૨૬૯૨ | ૪૧૨ | ૩૦૩ | ૨૫૪૫ | ૨૩૨૪ | ૨૨૬ | ૫૮ | ૨૫ | ૮૦ |
| રતનીયા | ૧૦ | ૧૩૧૧૧ | ૪૩૩ | ૧૦૩ | ૨૧૦૬ | ૨૧૦૬ | ૭૨ | ૧૦ | ૧૦ | ૧૭ |
| ગોદાવાડી | ૧૩ | ૨૫૦૨૪ | ૯૬૦ | ૨૬૪ | ૨૬૦૧ | ૨૫૬૦ | ૨૪૭ | ૭૭ | ૧૬ | ૬૮ |
| પાતલ | ૧૫ | ૨૧૧૮૯ | ૬૮૧ | ૨૦૬ | ૧૯૬૮ | ૧૯૬૮ | ૭૮ | ૬૪ | ૧૨ | ૮૮ |
| અરેઠ | ૧૩ | ૨૧૧૧૬ | ૯૨૫ | ૧૬૦ | ૨૧૫૫ | ૨૧૫૫ | ૯૪ | ૧૪ | ૧૪ | ૭૮ |
| તડકેશ્વર | ૧૩ | ૨૧૭૬૦ | ૩૨૬ | ૧૬૯ | ૧૯૯૯ | ૧૬૧૮ | ૯૮ | ૧૪૦ | ૧૫ | ૭૮ |
| કુલ | ૧૩૨ | ૧૭૮૨૮૪ | ૪૭૦૦ | ૧૫૦૬ | ૨૦૬૩૯ | ૧૯૯૦૧ | ૧૦૦૫ | ૪૫૫ | ૧૨૫ | ૬૬૨ |

આ બધા કાર્યકરોની પ્રથમ તબકકાની ૧૫ દિવસની તાલીમ મે ૨૦૧૨ના પ્રથમ અઠવાડિયામાં પુરી કરીને અંધત્વના સર્વેનું કામ ઘરે ઘરે ફરીને શરૂ કર્યુ. આની સાથે જ ૪૦ વર્ષથી ઉપરના લોકોની ડાયાબિટીસ્‌ની તપાસ, લોહી અને પેશાબમાં શર્કરાનું પ્રમાણ જાણીને કરી. આ રીતે ઘરે ઘરે જઈને ડાયાબિટીસ ધરાવતા લગભગ ૨૦ હજાર જેટલા લોકોની જે તપાસ થઈ તે અદ્વિતીય છે. આ ઉપરાંત આ વિસ્તારના લોકોની સામાજીક સ્થિતિનો પણ સર્વેમાં અભ્યાસ કર્યો. સર્વેની સાથે જ જે તે ગામમાં આંખના નિદાન કેમ્પનું પણ આયોજન કર્યુ, અને કાર્યકરોના સઘન પ્રયત્નોને કારણે આવા દરેક કેમ્પને ઘણો સારો પ્રતિસાદ મળ્યો દરેક કેમ્પમાં સરેરાશ ૧૫૦ થી વધુ દર્દીની તપાસ અને ૧૫ જેટલા ઓપરેશનો માટેના દર્દીઓ હોસ્પિટલ રીફર થયા. આ સિવાય પણ ફીલ્ડ વર્કરો દ્વારા આંખની તકલીફ ધરાવતા લોકોને હોસ્પિટલ તપાસ માટે મોકલવા રીફર સ્લીપ આપવામાં આવી. આ સ્લીપ લઈને આવતા લોકોની તપાસ, જરૂર મુજબ ઓપરેશન કે અન્ય સારવાર મફત કરવામાં આવી આમ આ ફીલ્ડ વર્કરો દ્વારા મોકલવામાં આવતા દર્દીઓ લગભગ દરરોજ હોસ્પિટલમાં જોવા મળતા હતા.

સમગ્ર સર્વે અને ડાયાબિટીસની તપાસ માટે લોકોએ ઘણો સહકાર આપ્યો, જે અમારી પણ અપેક્ષા બહારનું હતું. આ ગ્રામ્ય લોકોને પોતાના ડાયાબિટીસ અંગે જાણકારી નહોતી. લગભગ દર અઠવાડિયે એક બે દર્દી ૫૦૦ મી.ગ્રા./ ડી.એલ.ની તીવ્રતા ધરાવતો ડાયાબિટીસવાળા મળી આવે છે જેની તેમને ખબર પણ નથી હોતી. આમ ડાયાબિટીસ ધરાવતા ઘણા લોકો હોસ્પિટલે આવીને યોગ્ય સારવાર લેતા થયા. આ પ્રક્રિયા અમારા માટે અઘરી હતી પણ લોકોને આનાથી ઘણો લાભ થશે, કારણકે ઘણા લાંબા સમયનો ડાયાબિટીસ ઘણી બિમારી નોતરે છે. તેથી જો વહેલી જાણ થાય અને સમયસર સારવાર લેવામાં આવે તો ઘણી તકલીફ આવતી અટકાવી શકાય. આ કામગીરીમાં કાર્યકરોએ હૃદયપૂર્વક પુરા પ્રયત્નો કર્યા.

આ કાર્યકરોની બીજા તબકકાની તાલીમ, સર્વે પુરો થયા પછી ઓકટોબર, નવેમ્બરમાં કરી. સર્વેની મળેલી આંકડાકીય માહિતીની કોમ્પ્યુટર એન્ટ્રી તબકકાવાર કરી. જેમાં ઘણો સમય થયો, પણ માંડવી તાલુકામાં અંધત્વના સર્વે ઉપરાંત સામાજીક સ્થિતિનો અભ્યાસ અને ૪૦ વર્ષથી વધુ ઉંમરના લોકોની ડાયાબિટીસની તપાસની સંપૂર્ણ કામગીરી નો યશ આ ટીમને આપવો ઘટે. આ કાર્યકરોની તાલીમ માટે સેવા રૂરલમાંથી શ્રી વિક્રમભાઈ વાંસદીયા બે દિવસ માટે આવ્યા. તેમના બહોળા અનુભવ અને શીખવવાની પધ્ધતિથી કાર્યકરોને પોતાના કામની સમજ અને સ્પષ્ટતા વિશે ઘણો લાભ થયો. અંધજન પુનર્વસન કાર્યક્રમના બે સભ્યો અગાઉ આ કાર્યક્રમ કરી ચૂકયા હોવાથી કામ સરસ રીતે થઈ શકયું જેમાં ૧ બ્રેઈલ શિક્ષકનો સમાવેશ થાય છે.

કાર્યકરોને અંધજનની પરિસ્થિતિ સમજાય તે માટે તેમની તાલીમના ભાગરૂપે કાર્યકરોએ આંખે પાટા બાંધીને ફરવાનું તેમજ કામો કરવાના હોય છે. જેમાં શાક સમારવું, રોટલી વણવી, ચા બનાવવી તેમજ રસ્તો ઓળંગવો, દાદર ચઢવા, ઉતરવા વિગેરેનો સમાવેશ થાય છે. આ બધુ હોસ્પિટલમાં થતું હતુ ત્યારે લોકો માટે એ એક અચરજ સમાન થઈ રહ્યું.

આ ઉપરાંત આ કાર્યકરોને બ્લાઈન્ડ પીપલ એસોસીયેશન અમદાવાદની ૧ અઠવાડિયાની મુલાકાત માટે મોકલ્યા. જયાં બધી કામગીરી અંધ લોકો કેટલી સરળતાથી કરે છે, તે તેમણે પ્રત્યક્ષ નિહાળ્યું. કાર્યકરોએ તેમના સાયલા પ્રોજેકટની પણ મુલાકાત લીધી. જાન્યુઆરી ૨૦૧૩માં આ કાર્યકરોએ સુરેન્દ્રનગરની સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજની મુલાકાત લીધી. તેઓએ અંધકન્યાઓના સમૂહલગ્ન અને અંધબાળાઓની વાનગી હરિફાઈ જેવા કાર્યક્રમોમાં હાજરી આપી.

આમ, આ બે તબકકાની તાલીમ અને બ્લાઈન્ડ પીપલ એસોસીયેશન અંધજન મંડળ, અમદાવાદની – સાયલાની મુલાકાત બાદ તેઓ અંધવ્યકિતની પરિસ્થિતિને બરાબર સમજતા થયા. ત્યારબાદ ખરેખર પુનર્વસનનું કામ શરૂ કર્યું. ૧૦ બાળકો સહિત કુલ ૧૧૫ અંધવ્યકિત મળ્યા. આ દસ બાળકોને શાળાઓમાં પ્રવેશ અપાવ્યો છે અને તેઓ નિયમિત શાળાએ જાય તે માટે પ્રયત્નો ચાલુ છે. તે જ રીતે એક છોકરીને સુરેન્દ્રનગર વધુ અભ્યાસ માટે મોકલી છે અને બીજી છોકરીઓ ત્યાં જાય તે માટે પ્રયત્નો કરીએ છીએ. ઘંટોલીના એક યુવાનને ટાટાવાડી, ફણસા ૨ વર્ષની તાલીમ માટે મોકલ્યો હતો પણ થોડા વખત પછી તે પાછો આવ્યો. હવે તેને જૂનાગઢ મોકલવાનો પ્રયત્ન કરીએ છીએ.

દિવાળીના વેકેશન દરમિયાન અંધબાળકોની શિબિર કરી. ૧૪ બાળકોએ એમાં ભાગ લીધો જેમાં માંડવી ઉપરાંત ઝઘડીયા, વાલિયા, ડેડીયાપાડા અને અંકલેશ્વરના અંધબાળકોનો સમાવેશ થાય છે. અઠવાડિયાની શિબિર દરમિયાન તેઓ થોડું બ્રેઈલ શીખ્યા, પ્રાણી સંગ્રહાલય–સરથાણા, સુરતની મુલાકાત લીધી, બાગમાં ફરવા ગયા અને ક્રિકેટ પણ રમ્યા. આ બાળકોને ભાંગેલા પુલ પાસે બિલકેશ્વર મહાદેવ મંદિરના પુજારીજીએ જમવા બોલાવ્યા અને જમાડીને આશીર્વાદ રૂપે દક્ષિણા પણ આપી. આ સિવાય ગામના એક સદ્ગૃહસ્થે ૫૦૦૦ રૂા. રોકડા તેમની પ્રવૃત્તિ માટે થતા ખર્ચ માટે તેમજ બજારમાં કાપડના એક વેપારીએ સૌને પાઉભાજી ખવડાવ્યા. આપણા સમાજમાંથી હજુ માનવતા મરી નથી તે આ બાબતથી સાબિત થાય છે. એક સાંજે આ બધા બાળકોએ ગીત–સંગીતનો કાર્યક્રમ આપ્યો જેને અમારા સી સ્ટાફ સભ્યોએ પરિવાર સાથે માણ્યો. હવે બીજી શિબીર મે વેકેશનમાં કરીશું એમ નકકી કર્યું છે.

દરેક ગામમાં આ કાર્યક્રમને પુરતો સહકાર મળે તે માટે કાર્યક્રમની જાણકારી આપવા માંડવી તાલુકાના દરેક ગામના સરપંચ અને આગેવાનોનો સ્નેહમિલન કાર્યક્રમ ૨ જી ઓકટોબરના રોજ રાખવામાં આવ્યો જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો અને બધા સરપંચો, આગેવાનોએ એક જ સૂરમાં મદદરૂપ થવાની ખાતરી આપી.

આમ અંધજન પુનર્વસન કાર્યક્રમ ઘણી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. સામાન્ય રીતે અંધ બાળકો ઘરે રહીને બરાબર અભ્યાસ કરી શકતા નથી. તેથી આ બાળકોને જો હોસ્ટેલની સુવિધા ઉભી કરીને માંડવીની શાળામાં જ અભ્યાસ કરાવવામાં આવે તો તેમની શૈક્ષણિક પ્રગતિ સારી રીતે થાય, ઉપરાંત હોસ્ટેલમાં જીવન ઘડતરની તાલીમ પણ આપવામાં આવે, તો તે બાળકના સર્વાંગી વિકાસમાં ઉપયોગી થાય અને તે પોતાનું ભવિષ્ય સુધારી શકે. આમ ભવિષ્યમાં અહી અંધબાળકોની હોસ્ટેલ ઉભી કરવાનું આયોજન છે. આવી કામગીરી રૂબરૂ જોવા માટે અજેન્દ્રભાઈ સુણવા, ગણેશભાઈ ડોડીયા અને રાજેશભાઈ ચૌધરીએ સાપુતારાની અંધ શાળા હોસ્ટેલની મુલાકાત લીધી.

<u>ચક્ષુદાન અંગે જાગૃતિ :</u>

કીકીના રોગો ધરાવતા કેટલાક દર્દીઓને જો કીકી બદલી આપી શકાય તો તેઓને પુનઃદષ્ટિ મળી શકે અને તેઓ અંધત્વના અભિશાપમાંથી બચી જાય. આવી કીકીનું દાન મૃત વ્યકિત (પોતાના મૃત્યુ અગાઉ ચક્ષુદાનનો સંકલ્પ કર્યો હોય) કે તેના સ્વજનો કરી શકે. પરંતુ સામાન્ય લોકોમાં ચક્ષુદાન અંગે જાણકારી નથી, તેમજ કેટલીક જૂનવાણી માન્યતાઓ; જેમકે ચક્ષુદાન કરવાથી ચહેરો બગડી જાય, બીજા જન્મે આંખ ન મળે, બરાબર ઉપયોગ ન થાય તો નકામી જાય વિગેરે જેવી વિચારસરણીને કારણે લોકો ચક્ષુદાન કરતા નથી.

૨૫ ઓગષ્ટથી ૮ સપ્ટેમ્બર – ચક્ષુદાન પખવાડિયું દરમિયાન જુદા જુદા ૪ ગામોમાં ચક્ષુદાન અંગે જાગૃતિ આણવા પ્રયત્નો કર્યા. આ પ્રવૃત્તિ માટે હોસ્પિટલમાંથી એક ઓપ્થાલ્મીક આસીસ્ટંટ દ્વારા આ અંગે વિડીયો બતાવીને લોકો સાથે ચર્ચા તથા પ્રશ્નોત્તરથી માહિતી આપવામાંઆવી.

આ ઉપરાંત ડો. ઉદયભાઈએ માંડવી તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે વર્ષમાં ત્રણેક વાર, ચક્ષુદાન અંગે, શાળામાં ભણતા બાળકોની તકલીફ વિશે તેમજ હોસ્પિટલમાં આંખની સારવાર માટે ઉપલબ્ધ સુવિધા અંગે જાણકારી આપતું વકતવ્ય આપ્યું. દરેક વખતે ૭૦ થી ૮૦ શિક્ષકો હાજર હતા. આમ શિક્ષકો દ્વારા વાલીઓ–બાળકોના સમુદાય સુધી ચક્ષુદાન અંગે જાગૃત્તિ આણવા નો પ્રયત્ન કર્યો. દિવ્યજયોતિ ટ્રસ્ટને સરકારશ્રી તરફથી હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ

(અનુંસંધાન પાના નં. ૨૮)




હોસ્પિટલમાં ડોકટર દ્વારા દર્દીની તપાસ



નેત્રંગ ખાતે દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા કામગીરી




ઝંખવાવ ખાતે દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા કામગીરી




નેત્રનિદાન કેમ્પમાં દર્દીની ડાયાબિટીસની તપાસ



નિદાન કેમ્પના સ્થળ પર જવા અને દર્દી લાવવા અને લઈ જવા ૪૦ સીટની બસની સુવિધા




ઓ.એન.જી.સી. – હજીરા દ્વારા સ્પોન્સર નિદાન કેમ્પ






ઓપરેશન પહેલા

ઓપરેશન પછી

૬ માસના આર્યન વસાવાની બંને આંખોના મોતિયાનું ઓપરેશન



ડો. ડોડેટ – મોતિયાના ઓપરેશનની તાલીમ દરમિયાન



આફ્રિકાના કોંગોથી ડો. ડોડેટને મોતિયાના ઓપરેશનની તાલીમ બદલ સર્ટીફીકેટ એનાયત



ઓપ્થેલ્મીક આસીસ્ટંટની તાલીમ માટે બિહારથી આવેલા તાલીમાર્થીને સર્ટીફીકેટ એનાયત



સતત શિક્ષણ – પરિક્ષણ– મુલ્યાંકન



કાકરાપાર અણુમથક અને તેજસ આંખની હોસ્પિટલના હોદ્દેદારો વચ્ચે સમજૂતી કરાર



કાકરાપાર અણુમથકના અધિકારી સાથે વિટ્રેકટોમી મશીનના ઉદ્દઘાટન પ્રસંગે




કાકરાપાર અણુમથકના સહયોગથી નેત્રયજ્ઞના લાભાર્થીઓ




કાકરાપાર અણુમથકના અધિકારીઓ સાથે મિલન



લાયન્સ કુલબ ઓફ સુરત સિલ્ક સીટી અને લીયો કલબ દ્વારા આયોજીત કેમ્પ



ડો. કર્નલ દેશપાંડે અને શ્રી નિરંજનભાઈ પંડયા (પૂના) હોસ્પિટલની મુલાકાતે





માંડવી તાલુકાના ગામોના આગેવાનો – સરપંચોનું સ્નેહ મિલન





હોસ્પિટલ દ્વારા ૩ ડિસેમ્બર – વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી, માંડવી તાલુકાના વિકલાંગો સાથે






ચક્ષુદાન માટેની જાગૃતતા – સ્મશાન ગૃહ, માંડવી

અંધજન પુનર્વસન કાર્યકરોની તાલીમ – શ્રી વિક્રમભાઈ



અંધજન પુનર્વસન કાર્યકરોની આંખે પાટા બાંધીને રસોઈની તાલીમ



દિવાળી વેકેશનમાં અંધબાળકોની શિબીર



શિબિર દરમિયાન અંધબાળકો દ્વારા રસોડાની કામગીરી



અંધબાળકો દ્વારા ગીત – સંગીતનો કાર્યક્રમ



અંધબાળકોની રમત – ગમત
(પિરામીડ ગાર્ડન–માંડવી )



અંધબાળકોની શિબીર દરમિયાન તુટેલા પુલની મુલાકાત



સ્ટાફના બાળકો દ્વારા દિવાળીની ઉજવણી



રંગોળીની સજાવટ – સ્ટાફ સમૂહ દ્વારા



સ્ટાફ પરિવાર સાથે સાપુતારાનો પ્રવાસ



શ્રી જયોતિભાઈ દેસાઈ સાથે 'માતાપિતા અને બાળક'ના
સબંધ પર વર્કશોપ



ટ્રસ્ટીઓ સાથે વિઝન બિલ્ડીંગ એક્ષરસાઈઝ



સ્ટાફ સાથે વિઝન બિલ્ડીંગ એક્ષરસાઈઝ
વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ – ઈન્ડિયાના હોદ્દેદારો દ્વારા

નેત્રદીપક

માંડવીમાં આવેલી તેજસ આંખની હોસ્પિટલ દ્વારા સાત વ્યક્તિઓને મફતમાં નેત્ર રોપણ, ઘર મળતાં પરિવારોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો

# માંડવીમાં 7 વ્યક્તિના જીવનમાં રોશન

# માંડવી તેજસ આંખની હોસ્પિટલનો પ્રથમ વાર્ષિક દિન યોજાયો

## માંડવીમાં વિકલાંગ દિનની ઉજવણી

સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરાયા

ભાસ્કર ન્યૂઝ. માંડવી

માંડવીમાં આવેલી આંખની હોસ્પિટલમાં વિકલાંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા હતા.

માંડવીમાં તેજસ આંખની હોસ્પિટલ દ્વારા અ... પીડાતા ગરીબ લો... રોશની ફેલાવી ર... વ્યવહાર સાથે અ... ઉપરાંત જનજાગૃ... પ્રયાસો કરવામ... સોમવારે વિકલાં... એક વિશિષ્ટ કા... કરાયું હતું.



માંડવીમાં આવેલી તેજસ આંખની હોસ્પિટલમાં વિકલાંગ દિનના કાર્યક્રમમાં કર્ણપ્રિય ગીત રજૂ કરતી અંધજન યુવતી. તસવીર: જિતેન્દ્રસિંહ પરમાર

## અંધજનને પગભર કરવાની જવાબદારી આપણી છે

માંડવી આંખની હોસ્પિટલ દ્વારા અંધજન પુનર્વસન અંગે જાગૃતિ લાવવા અગ્રણીઓના સ્નેહમિલનમાં વળીબી વજ્ઞ

ભાસ્કર ન્યૂઝ. માંડવી

## ઝાંખલા અને બોરદામાં નેત્ર કેમ્પ યોજાશે

માંડવી : માંડવીના દિવ્ય જ્યોતિ ટ્રસ્ટ સંચાલિત તેજસ આંખની હોસ્પિટલ દ્વારા તા.30 ડિસેમ્બરને રવિવારના રોજ સોનગઢ તાલુકાના બોરદા મુકામે અને તા.2 જાન્યુઆરી 13ને બુધવારના રોજ માંડવીના ઝાંખલા ગામે આંખના રોગનો નિદાન કેમ્પ રાખવામાં આવ્યો છે. આ કેમ્પમાં આંખના રોગ જેવા કે આંખે ઝાંખુ દેખાતું હોય આંક લાલ થતી હોય, વેલ મોતિયો વગેરે રોગની તપાસ કરવામાં આવશે. જેમને ઓપરેશનની જરૂર હોય તેવા દર્દીને હોસ્પિટલની ગાડીમાં માંડવી લઈ જતી ઓપરેશન કરીને બીજા દિવસે ફરી કેમ્પના સ્થળે મુકી આવવામાં આવશે. જેથી કેમ્પ સ્થળની તમામ દર્દીઓને કેમ્પનો લાભ લેવા વિનંતી કરવામાં આવી છે.

## અણુમાલામાં યોજાયેલા નેત્રયજ્ઞમાં ૭૦ દર્દીઓને નવી દૃષ્ટિ મળી

- કુલ ૨૧૫ દર્દીઓની આંખોની તપાસ થઈ : ૭૦ ઓપરેશનો અને ૯૬ દર્દીઓને ચશ્માનું વિતરણ

વ્યારા, તા. ૨૩

અણુમાલા ખાતે પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે યોજાયેલા નેત્રયજ્ઞમાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં જરૂરિયાતમંદો ઊમટી પડતા કુલ ૨૧૫ દર્દીઓની આંખોની તપાસ કરાઈ હતી. જેમાંથી ૭૦ દર્દીઓને મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી મૂકી અપાતા તેઓને નવી દૃષ્ટિ




8 સુરત | ગુરુવાર 7 ફેબ્રુઆરી, 2013

બારડોલી - વ્યારા

## 39.50 લાખની સહાયથી માંડવીની હોસ્પિટલમાં રેટીના ક્લ

કાકરાપાર અણુમથકે 39.50 લાખની સહાય આપી હતી

ભાસ્કર ન્યૂઝ. માંડવી

માંડવી અણુ વિદ્યુત મથકની કોર્પોરેટ સોસિયલ રિસ્પોન્સીબિલીટી કાર્યક્રમ અંતર્ગત માંડવીના દિવ્ય જ્યોતિ ટ્રસ્ટ સંચાલિત તેજસ આંખની હોસ્પિટલ ખાતે કાકરાપાર અણુમથકના સાઈટ ડાયરેક્ટ એલ. કે. જૈનના હસ્તે આંખના પડદાના ઓપરેશન માટે અદ્યતન સાધનોની અણુ જ્યોતિ રેટીના ક્લીનીકનો શુભારંભ કરાયો હતો. આ માટે કાકરાપાર અણુમથકે રૂ. 39.50 લાખની સહાય આપી હતી.

પ્રારંભમાં હોસ્પિટલના ટ્રસ્ટના મંત્રી નવીન શાહે સૌને આવકાર્યા હતાં. તેમજ પ્રમુખ ભરતભાઈ શાહે દાતાઓના સહયોગ ભાવનાને બિરદાવી બેવર્ષમાં હોસ્પિટલના સ્ટાફની મહેનતથી કરાયેલી જનસેવાનો ચિતાર આપ્યો હતો. જ્યારે એલ. કે. જૈને જણાવ્યું કે આ હોસ્પિટલમાં રેટીના ક્લીનિકનો શુભારંભ આદિવાસી પરિવારજનોને આધુનિક સુવિધાઓ પ્રાપ્ત થશે. આસપાસના વિસ્તારમાં જનકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે શિક્ષણ, આરોગ્ય તથા પ્રાથમિક જરૂરિયતો માટેની માળખાકીય સુવિધા વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ છે. પ્રયોજના વહીવટદાર કે. કે. પરમારે પણ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના ગરીબ પ્રજાજનોને અપાતી સુવિધાની

# પત્રકારોની કલમે – હોસ્પિટલની કામગીરી



*Thomas Dater of Ramsey (c) receives the "Dr. William H. Kelly", award of Community Service, shown here with Thomas Dunn and Roy Polizzi*

## More Club News

*continued from page 6*

### BERGEN HIGHLANDS/RAMSEY

The Bergen Highlands-Ramsey Rotary Club (www.bergenhighlandsrotary.org) recently presented the Dr. William H. Kelley Community Service Award to Thomas Dater of Ramsey at its annual Installation Dinner on June 5, 2012 at the Ramsey Golf and Country Club.

The award was presented to Mr. Dater by Rotarian Tom Dunn.

Mr. Dater was editor and publisher of Ramsey's Home and Store News, and was recognized for his many years of community involvement and service to the area. The Bergen Highlands-Ramsey Rotary Club is pleased to honor this tireless community contributor with the Dr. William H. Kelley Community Service Award.

Dr. William H. Kelley, in whose honor the prestigious award is given, was a member of the Bergen Highlands -Ramsey Rotary Club for over 50 years with perfect attendance. He was chairman of the Club's yearly Blood Drive and played Santa at local nursing homes. He held the Club's highest Paul Harris award and served on many Rotary district committees, working with over 50 clubs in the regional Rotary district.

Dr. Kelley was a founding member of the Happy Heartbeats Clown Group, which brought laughter and magic to many children-in-need groups, including Tomorrows Children at Hackensack Hospital. He was a tireless worker for countless community groups and activities for decades.



*Right: District 7490 Newsletter editor Tom Grissom gave blood during the Bergen Highlands-Ramsey Club's recent drive.*

### INDIAN MASTER GRANT



As members of Bergen Highlands, you should be very proud of Vijay's work and dedication to this matching grant. As indicated, PDG Raj did a lot to assist on the administrative side. A worthy use of Rotary Foundation funds combined with a vision by a fellow club member. Congratulations to all!

*Letter to Gov Emil as follows:*




You will be very happy to note that under your leadership, our district - 7490 and our club - Bergen Highlands Ramsey Rotary, completed a worthy international project, which is going to help correct the eyesight of thousands of people in India. Please accept my sincere thanks and appreciation for agreeing to undertake this worthy project; and giving me an opportunity to serve the club as well as the district.

I also wish to acknowledge guidance and assistance by PDG Raj Bhatia. His support was immensely helpful.

Please proudly communicate this accomplishment to the District Staff; as well as, the district newsletter; if you feel appropriate.

With Regards and sincere thanks.

Vijay Dalal
*Rotarian – Bergen Highlands Ramsey*





On the 20th May 2012 at 5.30 PM we handed over the equipment promised under the M.G.No. 76485 to Tejas Eye Hospital Mandvi, Gujarat, India.

The Hospital had arranged a big meeting inviting local dignitaries and some revered blind people who are working for the rehabilitation of the sightless people.

More than 200 persons attended. I will be sending a completion report along with all the accounts in the near future.

This is just to inform you of the project status.

With warm regards
PDG Kulbandhu Sharma

CONNECT @ THE WEB & SOCIAL MEDIA

**DISTRICT 7490 GOVERNOR'S NEWSLETTER**

Governor Emil Geering

Editor: Thomas Grissom
njinkman@optonline.net

It's been a pleasure bringing you the newsletter this year, and we appreciate the support you've shown.

Our very best wishes to the Incoming team!

Reach Within to Embrace Humanity



રોટરી મેચીંગ ગ્રાંટ પ્રોજેકટ વિશે રોટરી બર્ગન હાઈલેન્ડ – ન્યુ જર્સી – કલબના ન્યુઝ લેટરમાં

એક્ટ (HOTA) અંતર્ગત ચક્ષુદાન મેળવવા માટેનું પ્રમાણપત્ર મળી ગયું છે તેમજ બેઝ હોસ્પિટલની માન્યતા પણ મળી ગઈ છે. કીકી બદલવાના કુલ ૧૦૦ ઓપરેશનો ૧૩ એપ્રિલ સુધીમાં થઈ ગયા છે જેમાંથી ૬૦ જેટલા દર્દીઓને દૃષ્ટિ પ્રાપ્ત થઈ શકી છે. અત્યાર સુધી સાત – આઠ વાર સ્થાનિક દાતાઓ તરફથી ચક્ષુદાન મળ્યું છે બાકીના ચક્ષુ – સુરતની લોકદૃષ્ટિ ચક્ષુબેંકમાંથી પ્રાપ્ત થયા હતા.

## અમારા મુલાકાતીઓ :

વર્ષ દરમિયાન સમાજના જુદા જુદા વર્ગમાંથી મુલાકાતીઓ આવ્યા જેઓએ અમારો ઉત્સાહ વધાર્યો અને દાનનો પ્રવાહ વહેવડાવીને કાર્યને આગળ ધપાવવામાં મદદરૂપ રહ્યા.

આ મુલાકાતીઓમાં સુરત આર્યન એન્ડ સ્ટીલ મર્ચન્ટના સભ્યો, સરગમ બિલ્ડર્સ સુરતથી શ્રી કરસનભાઈ પ્રજાપતિ (હવે સ્વ.), ધનસુખભાઈ પટેલ, વિહાણથી રમેશભાઈ અને હસમુખભાઈ પટેલ, સુરતથી શ્રી ઓમપ્રકાશજી ટૂટેજા, ઉર – આશા જવેરી ફાઉન્ડેશનના સ્થાપકો શ્રી અરૂણભાઈ તથા શ્રીમતી આશાબહેન જવેરી, લાયન્સ કલબ ઓફ સુરત સિલ્ક સીટી અને લીયો કલબ ઓફ સુરત સિલ્ક સીટીના સભ્યો, ભણસાળી ટ્રસ્ટના પ્રમુખ શ્રી અશોકભાઈ ભણસાળી, મુંબઈના શ્રી કુલીનકાંત લુઠીયા, રાજસ્થાન યુવાસંઘના સભ્યો, અમેરીકાથી ડો. ભારતીબહેન મલિક, ડો. ભદ્રાબહેન શાહ, ડો. અશ્વિનભાઈ પટેલ અને ડો. યશવંતભાઈ પટેલ, ડો. અમીતભાઈ પટેલ જેવા લોકોએ દાન આપીને પ્રોત્સાહિત કર્યા.

જયારે ડો. સંગ્રામ પાટીલ અને ડો. નૂપુર પાટીલ, ડો. પંકજભાઈ, ડો. પરાંદે, ડો. છાબરા, ડો. પરેશભાઈ, ડો. પ્રફુલ્લભાઈ શિરોયા , ડો. રમણીકભાઈ અને ડો. ભાનુબહેન મહેતાએ હોસ્પિટલની પ્રવૃત્તિઓ નિહાળી, સૂચનો કર્યા અને બિરદાવી.

તે જ રીતે સરકારશ્રીના અધિકારીઓ ગાંધીનગરથી સચિવશ્રી અનિલભાઈ પટેલ, પ્રાયોજના વહીવટદાર શ્રી પી.કે. દેસાઈ સોશ્યલ વેલ્ફેર ડીપાર્ટમેન્ટમાંથી જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત સિવીલ હોસ્પિટલના ડો. પ્રિતીબહેન કાપડીયા તથા ડો. શિવાનીબહેન, ઓ.એન.જી.સી.ના અધિકારીઓ તથા એન.ટી.પી.સી. કાકરાપારના અધિકારીઓએ સંસ્થાની મુલાકાત લીધી.

આ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થા – ભાવનગર પી.એન.આર. સોસાયટીના સભ્યો તથા ટ્રસ્ટીશ્રીઓ; જીવન અક્ષય ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી રાજેશભાઈ જવેરી, લાયન્સ કલબ ઓફ બારડોલીના સભ્યો, દક્ષિણ ગુજરાત પ્રોડકટીવીટી કાઉન્સીલના પ્રમુખ તથા રોટરી ઈન્ટરનેશનલ ડીસ્ટ્રી. ૩૦૬૦ ના હોદ્દેદારો, વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયાના સી.ઈ.ઓ. ડો. જી. વી. રાવ તથા પ્રમુખશ્રી કર્નલ ડો. દેશપાંડે; આર.એન.સી. હોસ્પિટલ વલસાડના અધિકારીઓ અને નેત્રસેવા ટ્રસ્ટના હરેન્દ્રભાઈ વિગેરેએ પણ સંસ્થાની મુલાકાત લીધી અને હોસ્પિટલની પ્રવૃત્તિ નિહાળી.

અમેરીકાથી કેટલાક શુભેચ્છકોએ હોસ્પિટલની મુલાકાત લીધી અને હોસ્પિટલની પ્રવૃત્તિથી પ્રેરાઈને એક શુભેચ્છકની દીકરીએ અમેરીકા જઈ ૫૦૦ જેટલા ચશ્મા એકત્રિત કર્યા અને તેને ત્યાંની શાળાનો એવોર્ડ પણ મળ્યો. તો બીજા એક શુભેચ્છકની દીકરી સુહલ શાહે પોતાના અહીના અનુભવ વિશે રટ્ગર યુનિવર્સીટીમાં લેખ પ્રકાશિત કર્યો. જે પાના નં. ૨૯ પર પ્રસ્તુત છે.

# આંખ ઉઘાડનાર અનુભવ

– સુહલ શાહ

ગરીબી :

આપણે આ શબ્દ વિશે શું જાણીએ છીએ ?આનો આપણી દષ્ટિએ શું અર્થ છે ? જયાં સુધી આપણે નજરે ન નિહાળીએ ત્યાં સુધી આને ન સમજી શકીએ. આ ઉનાળામાં મને ભારતના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સેવાભાવી હોસ્પિટલની મુલાકાત લેવાની તક મળી, જેણે મારું જીવન બદલી નાંખે એવો અનુભવ કરાવ્યો. આ હોસ્પિટલનો મંત્ર છે 'કોઈ પણ વ્યકિત જરૂરી સારવારના અભાવે અંધ ન બને'. મને કોઈએ જણાવ્યું કે અહી ગામમાં પ્રતિદિન માથાદીઠ આવક ૨૬ રૂા. છે જે ૫૦ સેન્ટથી પણ ઓછું થાય!! આટલી બધી ઓછી આવકમાંએ તેઓ ઘર બાંધતા હશે, બાળકોને ઉછેરતા હશે અને ખોરાક મેળવતા હશે. પણ ઈલેકટ્રીસીટી જેવી જરૂરીયાતને ભૂલી જાવ કેમકે ન્હાવાનો કે કપડા ધોવાનો સાબુ જેવી નાની અને સાદી જરૂરીયાત પણ અહી વૈભવ ગણાય! તેમની તંદુરસ્તી માટે તો તેમણે કેવળ ઈશ્વરને પ્રાર્થના જ કરવાની કે તેઓ ગંભીરપણે બિમાર ન પડે !!

૧૬૦૦૦ ચોરસ ફૂટની હીરાની ફેકટરીને સમાજના ઉદાર દાતાઓના સહયોગથી ૪૦ પથારીની આંખની હોસ્પિટલમાં ફેરવી, જયાં દર્દીઓની જરૂરિયાત પ્રમાણેની સારવાર મફત કે વ્યાજબી દરે ઉપલબ્ધ છે. આ કામ માટે પસંદ કરાયેલ વિસ્તાર સુરતના આદિવાસી વિસ્તારના કેન્દ્રમાં આવેલું ૨૫૦૦૦ની વસ્તીવાળું માંડવી ગામ છે. જેની આજુબાજુમાં ખરેખર આંખની સારવારની કોઈ સુવિધા નથી. આ ઉપરાંત હોસ્પિટલ દ્વારા દાખલ દર્દી સાથે ૧ સગાને રહેવા, જમવાની અને કેમ્પના સ્થળે પરત જવાની વાહન વ્યવહારની સુવિધા મફત પુરી પાડવામાં આવે છે. એક બપોરે જમવાના સમયે ઓપરેશન કરાયેલા આંખ પર પટ્ટી મારેલા દર્દીઓને તેમના સગાઓ રસોડા તરફ દોરી જતા મેં જોયા, પગમાં પહેરવાના જૂતા પણ ન હોય તેવા લોકોની આંખમાં અહી મળતા ભોજનથી કૃતકૃત્યતાની લાગણી મેં અનુભવી.

ઓપીડી વિસ્તારમાં ડો. ઉદય ગજીવાળા (ઉપપ્રમુખ અને હોસ્પિટલના સ્થાપકો પૈકી એક) તથા તેમના સહકાર્યકર ડોકટરો દર્દીઓની તપાસ કરે છે, દવાઓ લખે છે, પડદા કે મોતિયાનું નિદાન કરી સારવાર આપે છે, આંખમાં કચરૂં પડયું હોય તો કાઢે છે એમ ઘણું બધું કરે છે. આમ દર્દીઓની દષ્ટિની તપાસ થાય છે અને ત્યારબાદ તેઓ જરૂર હોય તો ચશ્મા પણ ત્યાંથી જ ખરીદે છે જે ઘણા કિફાયતી ભાવે મળે છે (અને ગરીબ દર્દીઓને મફત મળે છે) દવાઓ પણ માત્ર આંખના રોગોની જ નહી પણ ડાયાબિટીસ કે પ્રેશર જેવા સર્વસામાન્ય રોગો માટેની પણ કિફાયતી ભાવે મળી રહે છે.

ડાયાબિટીસથી આંખના પડદાને કાયમી નુકશાન થવાની સંભાવના છે, આથી દર્દીઓને નિયમિત વાર્ષિક તપાસ કરાવવા જણાવવામાં આવે છે. હોસ્પિટલમાં જ ડાયાબિટીસના દર્દીઓના પડદાની તપાસ અને સારવાર માટે રેટીના કલીનીક છે. મને ફીલ્ડ સ્ટાફ દ્વારા ઘરે ઘરે ફરીને આંખના દષ્ટિક્ષેત્રની તપાસ અને ડાયાબિટીસની તપાસ થાય છે; તે જોવાની તક મળી. આ ઉપરાંત અઠવાડિયામાં બે નિદાન કેમ્પ થાય છે જેમાં મફત નિદાન થાય છે અને ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને હોસ્પિટલ પર તે જ દિવસે લાવવામાં આવે છે.

આ ઉપરાંત મને ડો. રોહન ચરીવાળાએ ૨૫ મોતિયાના ઓપરેશન કર્યા તે પણ તેમની સાથે જ ઉભા રહીને નિહાળવાનું સદ્ભાગ્ય મળ્યું. હોસ્પિટલના ઉદ્ઘાટનના પ્રથમ ૧૦ મહિનામાં ૩૬૦૦ ઓપરેશન થયા જેમાંથી ૨૯૦૦ જેટલા મોતિયાના ઓપરેશન હતા. હોસ્પિટલની સફળતાની કહાનીમાં એક ૬ માસના બાળકની જન્મજાત મોતિયાની સર્જરીનો પણ સમાવેશ થાય છે. સમાજમાં થોડી પણ ખોડ ખાંપણવાળા લોકો અત્યંત કઠિનતા અનુભવે છે તેવા સંજોગોમાં આ બાળકને સામાજીક અને ભૌતિક રીતે જે લાભ થશે તે અમૂલ્ય છે. તે જ રીતે ૨૧ વર્ષની છોકરીને પણ અંધત્વને કારણે લગ્ન કરવામાં કે સમાજજીવનમાં ઘણી મુશ્કેલીનો અનુભવ થાત, પરંતુ બંને આંખે મોતિયાના ઓપરેશન કરાવ્યા બાદ પુનઃ દષ્ટિ પ્રાપ્ત થતાં જ તેણીનું જીવન બદલાઈ ગયું.

હોસ્પિટલના સ્ટાફમાં એક બ્રેઈલ શિક્ષક પણ છે, જે આજુબાજુના વિસ્તારના અંધબાળકોને તેમના ઘરે જઈને બ્રેઈલ શીખવે છે. આમ, હોસ્પિટલ માત્ર સારવાર જ નહી પણ, પ્રેમ, રાહત અને ઉજજવળ ભવિષ્ય માટે આશા જન્માવે છે.
આમ આપની ગરીબી વિશેની વ્યાખ્યા જે હોય, તે આવી સ્થિતિમાં જીવનારને મદદ કરવાના ઘણા રસ્તા છે.
આપ ગરીબી નિવારણ અંગેની જાગૃત્તિ માટે કે દાન આપવામાં જોડાયેલા હોવ, એક રીતે તો આ ગરીબીના વિષચક્રને નાથવામાં મદદરૂપ થઈ શકો છો. આ હોસ્પિટલ અંગે વધુ જાણકારી માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો. www.divyajyotitrust.org

## નતાશા કપુર – હોસ્પિટલની મુલાકાત (વિદ્યાર્થીની–લંડન)

હું ખુબ ભાગ્યશાળી હતી કે મને દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા ચાલતી તેજસ આંખની હોસ્પિટલની મુલાકાત લેવાની તક મળી. હોસ્પિટલ ભારતના ગુજરાત રાજયના સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી છે. હોસ્પિટલનું ઉદ્દઘાટન મે ૨૦૧૧માં થયું અને તે આંખની આધુનિક સારવાર આપે છે. જે હોસ્પિટલના અતિકુશળ સ્ટાફને આભારી છે. હોસ્પિટલમાં પૂર્ણ સમયના પડદાના અને કીકીના નિષ્ણાંત ડોકટર છે; અને બાળકોની આંખના ડોકટર મહિનામાં એકવાર આવે છે.
હોસ્પિટલમાં જ દવાની અને ચશ્માની દુકાન છે આ બધુ જ આ વિસ્તારના ગરીબ લોકો, કે જેઓ શહેરની હોસ્પિટલમાં જઈને પોતાની સારવાર નથી મેળવી શકતા તેમને માટે ઉપયોગી છે.
મે આ હોસ્પિટલમાં ૧૦ દિવસ વિતાવ્યા અને ઈચ્છુ કે હજુ વધુ રહેવા મળે. દર બુધવારે અને રવિવારે ડોકટર, ચશ્માફીટ કરનાર, ઓપ્ટોમેટ્રીસ્ટ અને વહીવટી સ્ટાફ સૌ માંડવીની હોસ્પિટલની બાજુના વિસ્તારમાં કોઈ એક સ્થળે મફત નિદાન કેમ્પ કરવા જાય છે. દર્દીને જો ચશ્માંની જરૂરત હોય તો તેમને મફત અથવા વેચાણથી આપવામાં આવે છે અને આંખની અન્ય તકલીફવાળા દર્દીઓને બસમાં બેસાડીને ઓપરેશન માટે લઈ જવામાં આવે છે અને ઓપરેશન પછી ફરી તે જગ્યાએ મુકી દેવામાં આવે છે. મોટાભાગના દર્દીઓ વૃધ્ધ હોય છે અને મોતિયાની તકલીફ ધરાવે છે અને કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા છે. તેમની સાથે આવનાર પણ કોઈ નથી હોતું કે તેમને માટે ૧ દિવસનું જમવાનું મેળવવું પણ મુશ્કેલ હોય છે તે જાણીને હૃદય કંપી જાય છે. આવા લોકો પાસે તેમનો ૩ દિવસનો રહેવા – જમવાનો કે બીજા કોઈપણ પ્રકારનો ખર્ચ લેવામાં આવતો નથી.
હોસ્પિટલ દ્વારા હાલમાં બે પ્રકારના ક્ષેત્રીય કાર્યક્રમો ચાલે છે એક અંધ બાળકોના શિક્ષણનો અને બીજો અંધજનોના પુનર્વસનનો. અંધજન પુનર્વસન કાર્યકરો ૪૦ કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં ફરીને કોઈ અંધ વ્યકિત/ બાળક હોય તેની ભાળ મેળવે છે. તેઓ માત્ર અંધ વ્યકિતને જ નહી પણ તેના કુટુંબની જરૂરીયાતનું ઘ્યાન રાખે છે.
દર અઠવાડિયે બે વાર હોસ્પિટલ તરફથી ડોકટર અને બે નર્સને સરકારી દવાખાનામાં મોતિયાના ઓપરેશન માટે મોકલવામાં આવે છે. મને આ ઓપરેશન નિહાળવાની અને રોગના વિશે જાણવાની તક મળી. મને વિટ્રેકટોમી અને મેકયુલર હોલ સર્જરી જેવી પડદાને લગતી શસ્ત્રક્રિયા જોવાની તક પણ મળી. હોસ્પિટલમાં કીકીના પ્રત્યારોપણની સર્જરી પણ થાય છે.
હોસ્પિટલમાં ઓપરેશન પહેલા અને પછીની સમજણ આપવા માટે કાઉન્સેલરની સુવિધા પણ છે. જે વૃધ્ધ અને અભણ લોકોને તેમના માટે ઓપરેશન કેટલું જરૂરી છે તે અને શકય તેટલું વહેલું કરાવવું શા માટે જરૂરી છે તેની સમજણ આપે છે જે ખરેખર અઘરૂં કામ છે. ઓપરેશન માટે દર્દીને તૈયાર કરવા એ ખૂબ મુશ્કેલ છે કારણ કે તેઓ મોટેભાગે ખેતી આધારીત જીવન જીવે છે જેમને એક પણ દિવસ મજૂરી ગુમાવવી પાલવે નહી. મહિલાઓને બધી સારવાર મફત હોવા છતાં એટલા માટે નથી ફાવતું કેમ કે ઘરે બાળકો અને વૃધ્ધોની સંભાળ કોણ લેશે તે તેમને માટે મુશ્કેલ પ્રશ્ન છે.
મારા દસ દિવસના વસવાટ દરમિયાન હું શીખી કે આંખ સંભાળનું આરોગ્ય સંભાળના સંદર્ભમાં તો ઘણું મહત્વ છે જ પરંતું તેનું મૂલ્ય પણ મને સમજાયું. ત્રીજા વિશ્વમાં એવા અનેક લોકો છે જેમની મૂળભૂત જરૂરીયાત પણ પુરી થઈ શકતી નથી અને છતાં તેઓ કશી ફરિયાદ કરતા નથી અને પોતાનું જીવન ખુશીથી વિતાવે છે. પ્રથમ વિશ્વના લોકોએ આમની પાસે ઘણું શીખવાનું છે.

## સ્ટાફ વેલ્ફેર પ્રવૃત્તિ :

સ્ટાફના સભ્યો પરસ્પર સંપ – સહકાર અને ઉત્સાહથી કામ કરે અને પરિવારભાવના વિકસે તે માટે અવારનવાર જુદા જુદા કાર્યક્રમ, પ્રવાસ–પર્યટન વિગેરેનું આયોજન કરવામાં આવે છે. મદુરાઈની અરવિંદ આઈ હોસ્પિટલના મુલાકાત પ્રવાસની સાથે કન્યાકુમારી અને રામેશ્વરમના પ્રવાસનું આયોજન કર્યુ. ૧૫ મી ઓગષ્ટ અને ૨૬ મી જાન્યુઆરીએ સ્ટાફ સાથે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કર્યુ. જાણીતા કેળવણીકાર જયોતિભાઈ દેસાઈએ સ્ટાફના પરિવાર સાથે મા–બાપ અને બાળકના સબંધ પર ૧ ½ દિવસના વર્કશોપમાં વાર્તાલાપ કર્યો. સ્ટાફના બાળકો માટે સરથાણા નેચર પાર્ક, ડુમસ અને અંબિકાનિકેતન મંદિરની નાની પિકનીકનું આયોજન કર્યુ. દિવાળીની ઉજવણી કરી, સ્ટાફના બધા બાળકોએ ફટાકડા ફોડયા, રંગોળી કરી અને સમૂહભોજન કર્યુ. દરેક સ્ટાફના સભ્યને એક શુભેચ્છકે સાડીનું વિતરણ કર્યુ. કલાસ ૪ ના કર્મચારીઓને ભાલચંદ્રભાઈ શુકલ તરફથી કપડા – ધાબળાનું વિતરણ કર્યુ. સ્ટાફ તરફથી કાકરાપાર – અણુમથકની મુલાકાત કરવા માટેની માંગણી રજૂ થતા ત્યાંના સત્તાવાળા સાથે પત્રવ્યવહાર કરી અનુમતિ મેળવીને સ્ટાફના સભ્યોને કાકરાપાર અણુમથકની મુલાકાત કરાવી.

૨૬ મી જાન્યુઆરીએ બધા જ સ્ટાફ – પરિવાર સહિત સાપુતારાના નાના પ્રવાસનું આયોજન કર્યુ.

## રીસર્ચ એકટીવીટી :

ડો. રોહનભાઈએ કમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીનો ૧ વર્ષનો કોર્ષ લંડનમાંથી કર્યો હોવાથી અહી રીસર્ચની પ્રવૃત્તિ પણ શરૂઆતથી જ કરી દીધી છે. વર્ષ ૨૦૧૧–૧૨ માં રેપીડ એસેસમેન્ટ ઓફ બ્લાઈન્ડનેસ (RAB) સ્ટડી કરવામાં આવ્યો. આ વર્ષે ૨૦૧૨ – ૧૩ માટે રીફ્રેકટીવ એરરનો સ્ટડી (RAVI/RARE) કરવા માટે પ્રપોઝલ તૈયાર કરી અને આ અભ્યાસ માટેના નાણા દોરાબજી તાતા ટ્રસ્ટમાંથી મળ્યા છે. આ કામગીરી જાન્યુઆરી ૨૦૧૩ થી શરૂ કરી દીધી છે અને ફીલ્ડમાં જઈને ડોર ટુ ડોર સર્વે માટે ગામના સરપંચ અને સુરતના જે તે વોર્ડના કોર્પોરેટર પાસે પરવાનગી મેળવીને ડોર ટુ ડોર સર્વે એપ્રિલ–મેમાં કરવામાં આવશે. આ સર્વે પરથી મળેલા તારણો અમારી કામગીરીના આયોજનમાં–ખાસ કરીને ચશ્માની ખામી દૂર કરીને, અંધત્વનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ થશે.

ડો. ખુશ્બુબહેને 'ઈરવીન ગાસ સીન્ડ્રોમ' પર તૈયાર કરેલું પેપર DOS TIMES ના ડીસેમ્બરના અંકમાં પ્રકાશિત થયું છે.

તેજ રીતે અંધત્વનું પ્રમાણ જાણવા માટે કરેલા સર્વે પર આધારિત પેપર જે ગુજરાત ઓપ્થેલ્મોલોજી સોસાયટીમાં રજૂ કર્યુ તેને પ્રથમ ઈનામ મળ્યું.

ડો. રોહનભાઈએ સુરત જીલ્લાના ૭ આદિવાસી તાલુકાઓમાં નિવારી શકાય તેવા અંધત્વના કારણનો અભ્યાસ કરીને જે મહાનિબંધ તૈયાર કર્યો હતો તેની રજૂઆત સુરત ખાતે ગુજરાત ઓપ્થેલ્મીક કોન્ફરન્સમાં કરતાં તેને શ્રેષ્ઠ પેપરનો એવોર્ડ મળ્યો. આ જ પેપરની રજૂઆત હૈદ્રાબાદ ખાતે આઈ.એ.પી.બી.ની કોન્ફરન્સ અને આઈ.એસ.જી.ઈ.ઓ. ની મિટીગમાં કરતાં ત્યાં પણ તેની ઘણી સરાહના થઈ. આ પેપર હવે ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજીકલ સોસાયટીની ફેબ્રુઆરી ૨૦૧૪માં યોજાનાર કોન્ફરન્સમાં આગ્રા ખાતે રજુ કરવામાં આવશે.

ડો. ખુશ્બુબહેને સુરતની ગુજરાત ઓપ્થેલ્મીક કોન્ફરન્સમાં 'રેટીનલ વેઈન ઓકલુઝનમાં' એન્ટી VEGF ડ્રગની અસર વિશે પેપર રજૂ કર્યુ અને આ પેપર હૈદ્રાબાદના ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજીકલ કોન્ફરન્સ જે જાન્યુઆરી ૨૦૧૩માં થઈ ત્યાં પણ પોસ્ટર તરીકે રજૂ કરવામાં આવ્યું.

## એવોર્ડ અને સન્માન :

સુરતના આયર્ન એન્ડ સ્ટીલ મર્ચન્ટ એસોસીયેશન તરફથી દિવ્યજયોતિ ટ્રસ્ટ માંડવીને માનવતાના ઉમદા કાર્ય બદલ પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું. લાયન્સ કલબ ઓફ સુરત સિલક સીટીના વાર્ષિક કાર્યક્રમમાં ડો. ઉદયભાઈને આમંત્રણ આપવામાં આવ્યું અને દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા થતા કાર્યને સન્માન આપ્યું.

રોટરી કલબ ઓફ અમદાવાદ, મહાનગર તરફથી ડો. ઉદયભાઈને 'વોકેશનલ એકસેલન્સ એવોર્ડ' આપવામાં આવ્યો.

## ભવિષ્યનુંઆયોજન :

❖ કાકરાપાર અણુમથકના – કાકરાપાર સ્થિત આરોગ્ય કેન્દ્ર ખાતે અઠવાડિયામાં એક વાર ઓપીડી ચલાવવાનું આયોજન કર્યું છે.

❖ પાછળ આવેલી જમીનમાં બાંધકામ કરીને ચક્ષુબેંક, ટ્રેનીગ સેન્ટર, સી.બી.આર. ઓફીસ, દર્દીઓ માટે ડોરમેટરી તેમજ બહારથી અભ્યાસ માટે આવતા તાલીમાર્થી માટે રહેવાની અને સ્ટાફ કવાટર્સની સુવિધા ઉભી કરવાનું આયોજન કર્યુ છે.

❖ દિવ્યજયોતિ ટ્રસ્ટ દ્વારા ઓપ્થેલ્મીક આસીસ્ટંટ, ઓપ્થેલ્મીક નર્સીગ, ચશ્મા ફીટીગ અને ઓ.ટી.બોયની તાલીમ આપવામાં આવે છે તેનું દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંકલન કરી જરૂરી પ્રમાણપત્ર મેળવવા માટે પ્રયત્નો કરવા.

❖ ડોકટરોને તાલીમ અપાવવા પરદેશ મોકલવા.

❖ ચક્ષુદાન અંગે જાગૃતિ આણવા સઘન પ્રયત્નો કરવા.

## અમારા પ્રશ્નો – મુશ્કેલીઓ :

❖ દર્દીઓની અજ્ઞાનતા – અણસમજને કારણે ઓપરેશન પછી પૂરતી કાળજીનો અભાવ. તેને દૂર કરવા માટે દર્દી અને તેના સગાને વારંવાર સમજાવવામાં આવે છે.

❖ ચક્ષુદાન અંગે જાગૃતિના અભાવને કારણે જેમને કીકી બદલવાની હોય તેવા દર્દીઓ પણ જલ્દીથી આવતા નથી આથી કેટલીકવાર દાનમાં મળેલું સારૂં કોર્નીયા નકામુ થઈ જાય છે.

❖ ખૂબ ઝડપથી કામનું વિસ્તરણ થયું હોવાથી સ્ટાફના પૂરતા પ્રયત્નો છતાં કયાંક અધૂરપ વર્તાય છે. અનુભવ ઓછો પડે છે. ટ્રેનીગ માટે પૂરતો અવકાશ રહેતો નથી.

❖ કેટલીકવાર દર્દીઓ પૂછયા વગર હોસ્પિટલમાંથી ભાગી જાય તેમને લેવા જતા અમારા સ્ટાફ પર શારીરિક કે શાબ્દીક હુમલા કર્યા હોય એવું પણ બને છે. દારૂની બદીને કારણે રાત્રે દારૂ પીને ધમાલ પણ મચાવે અને બીજા લોકોને મુશ્કેલીમાં મુકી દે છે, સ્ટાફને ધમકી આપે, જો કે આવું કયારેક જ બને છે.

❖ સરકારી કામકાજમાં અસાધારણ વિલંબને કારણે જરૂરી સુવિધા ઉભી કરવા માટે બાંધકામનું કામ શરૂ કરી શકાતું નથી.

❖ સ્ટાફની ખાસ કરીને ડ્રાઈવરોની આવન જાવન.

## વિઝન ૨૦૨૦ : રાઈટ ટુ સાઈટ – ઈન્ડિયા : ગુજરાત ચેપ્ટર :

વિઝન ૨૦૨૦ : રાઈટ ટુ સાઈટના ગુજરાત ચેપ્ટરના પ્રમુખ તરીકે ડો. પી. એન. નાગપાલ સાહેબે ૨૦૦૬ થી માર્ચ ૨૦૧૨ સુધી ફરજ બજાવ્યા બાદ એપ્રિલ ૨૦૧૨ થી તે જવાબદારી ડો. ઉદયભાઈને સોંપી છે. તેથી વિઝન ૨૦૨૦ : રાઈટ ટુ સાઈટના ગુજરાત ચેપ્ટરના વડા તરીકે નીચે મુજબની કામગીરી હાથ ધરી.

આ વર્ષના વર્લ્ડ સાઈટ ડેની ઉજવણી તા. ૧૦/૧૧ ઓકટોબર દરમિયાન આણંદ–વડોદરામાં કરી જેમાં મુખ્ય ભાર ઝામરની સારવાર અને તેને લગતી બાબતો પર આપવામાં આવ્યો કારણ કે ઝામર પણ અંધત્વનું અગત્યનું કારણ છે.

તા. ૧૬ ડીસેમ્બર ૨૦૧૨ ના રોજ 'પ્લાનીગ ઓફ રીફ્રેકટીવ સર્વિસ' એ વિષય પર એક વર્કશોપમાં ૭૫ જેટલા ડેલીગેટ્સ હાજર રહ્યા હતા. દિલ્હી ઓલ ઇન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સના કોમ્યુનિટી ઓપ્થાલ્મોલોજીના વડા ડો. પ્રવિણ વશિષ્ઠ; અને પ્રમુખ ડો. કર્નલ દેશપાંડે અને સી.ઈ.ઓ. ડો. જી.વી. રાવ આ વર્કશોપમાં હાજર રહ્યા હતા. તેમની ઉપસ્થિતિથી ઘણો ફાયદો થયો. આ સૌ મહાનુભાવોને હાર્દિક ધન્યવાદ.

## "સેવાના મેવા કયારેક આવા પણ હોય ....."

વાલીયા ગામના ભગાભાઈ વસાવા ૬૫ વર્ષના ખેતમજૂર છે. તેમની પત્ની ૩–૪ વર્ષ પહેલા અવસાન પામ્યા છે. તેમને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે પણ ભગાભાઈને દીકરાઓ સાથે ફાવતું નથી અને પત્ની ગુજરી ગયા છે. તેથી તેઓ દીકરી જમાઈ સાથે વાલીયા રહે છે. તેમની બંને આંખમાં ઝાંખું દેખાતા મોતિયાનું ઓપરેશન કરાવ્યું પણ લેન્સ નહોતો મુકાવ્યો તેથી તેમને દેખાતું નહોતું.

માંડવીની તેજસ આંખની હોસ્પિટલમાં લેન્સ મુકીને તેમની એક આંખનું ઓપરેશન ફરીથી કર્યુ. ઓપરેશન પછી પટ્ટી મારીને વોર્ડમાં મોકલ્યા પણ ભગાભાઈની સાથે કોઈ નહોતું એટલે, કે દારૂ ન આપવાને લીધે કે ગમે તે કારણસર તેઓ હોસ્પિટલમાં કોઈને જાણ કર્યા વગર નાસી ગયા. બહારના લોકોએ આંખ પર પટ્ટીવાળા ભગાભાઈને જોતા હોસ્પિટલ પર ફોન કરીને જાણ કરી. તેથી અમારા સ્ટાફના બે–ત્રણ જણ જુદી જુદી જગ્યાએ શોધવા માટે દોડયા. જેમાં એક વ્યકિત હોસ્પિટલમાં દુધ આપવાવાળા ભાઈ હતા. તેમને તો ભગાભાઈ કરડયા પણ ખરા. ભગાભાઈ હોસ્પિટલથી ૩–૪ કિ.મી. દૂર વરેઠ–પેટીયા ગામની નહેર પાસેથી મળી આવ્યા. તેમને પાછા હોસ્પિટલ લઈ જવાનું જણાવતાં, પહેલા તો વિરોધ કર્યો. કાર્યકર સાથે થોડી ઝપાઝપી પણ કરી, તેમ છતાં અમારા કાર્યકરે ધીરજ ન ગુમાવતા, સમજાવટ ચાલુ રાખી અંતે તેઓ કાર્યકરની મોટરસાઈકલ પર બેસી હોસ્પિટલ પરત આવ્યા. ઓપરેશન પછીની સંભાળ બરાબર થતાં તેમની એ આંખે બરાબર દેખાતું થઈ ગયું. ત્યારપછી ફરીવાર આંખે વગાડીને આવ્યા ફરી ઓપરશન કરવું પડયું ત્યારબાદ પણ દવા બરાબર ન મુકવાથી કીકી ઉપર ચાંદુ પડયું. કીકી બદલવાનું ઓપરેશન કરવાની જરૂર છે તેમ જણાવ્યું હોવા છતાં તેમણે ઓપરેશન કરાવ્યું નથી.

પોતાના વર્તાવ વિશે બચાવ કરતા કહે છે કે તે વખતે મને કંઈ ભાન નહોતું અથવા મને કઈ યાદ નથી. આમ પોતાને કંઈક ફાયદો થયો છે, અગાઉ પોતે સારૂ વર્તન નહોતું કર્યુ એમ તેમને સમજાય છે. પોતાને શું ફાયદો થયો છે તે પણ ન સમજી શકતા લોકોને માટે કામ કરવા બેઠા છીએ એટલે આવા અનુભવો પણ થાય છે. કયારેક અણસમજને લીધે ઓપરેશન પછી સરખી દવા ન નાંખે કે પાટો ખોલી નાંખે. આંખ ધોઈ નાંખે જેવા જોખમો પણ દર્દી માટે ઉભા થાય. આવા અનેક પડકાર વચ્ચે ઈશ્વરકૃપા અને શુભેચ્છકોના સહકારથી આ કાર્ય થઈ રહ્યું છે.

## આમનું કોણ બેલી થશે ?

હોલ્કીબેન વસાવા ૭૦ વર્ષના શાહ ગામ તા. માંગરોલના વતની છે અને દીકરો હોવા છતાં એકલવાયુ જીવન જીવતા હતા. તે દરમિયાન ગામમાં આંખનો નિદાન કેમ્પ યોજાયો જેમાં હોલ્કીબેન પણ બતાવવા આવ્યા અને બંને આંખમાં મોતિયાનું નિદાન થયું. તેમની સાથે આવનાર કોઈ નહોતું તેથી ગામના જ એક બહેન, જેમને પોતાને પણ સર્જરી કરાવવાની હતી તે તેમની કાળજી રાખવા તૈયાર થયા અને તેઓ હોસ્પિટલ આવ્યા. અહી ફરી તપાસ કરતાં બંને આંખમાં મોતિયો છે એમ ખાતરી થઈ. તેથી તેનુ એક આંખનું મોતિયાનું ઓપરેશન કર્યુ.

સર્જરી થઈ ગયા પછી રાત્રે હોલ્કીબેને ખૂબ ધમાલ કરી. બીજા દર્દીના ખાટલા પર બેસી જાય, ગાળો બોલે–મારે, ખાટલા નીચે ભરાય જાય અને કોઈની સમજાવટથી માને નહી. બીજા દર્દીઓને નુકસાન ન થાય તે માટે તેમના સગાઓએ હોલ્કીબેનના હાથ પગ બાંધ્યા પણ તેમ છતાં તેમને કાબુમાં રાખવા અઘરા થઈ પડયા.

આખરે હોલ્કીબહેનના પોતાના–તેમજ અન્ય દર્દીના હિતને ધ્યાનમાં રાખી હોલ્કીબેનને ઊંઘની દવા આપી તેની પણ અસર ન થતાં ઉપર અલાયદી વ્યવસ્થા કરી ઈન્જેકશન આપીને સૂવડાવ્યા. ત્યારબાદ આખી રાત ઊંઘ લઈને સવારે ઉઠયા પછી તેમને પુછયું કે રાત્રે શું થયું હતું? તો જવાબમાં તેમણે તો અજ્ઞાન જ વ્યકત કર્યુ. આખરે તેમને સારૂ દેખાતા જાતે જ ચાલીને બસમાં બેસી કેમ્પના સ્થળે પરત પહોંચી ગયા.

હોલ્કીબહેન સાથે આવેલ અન્ય દર્દી કે જેમણે હોલ્કીબહેનની જવાબદારી સંભાળી હતી તેઓને પણ આંખે દેખાતું થયું હોવાથી ખૂબ ખુશ છે અને બીજા કોઈ પણ દર્દીને તકલીફ હોય તો તેમને પણ મદદ કરવા તૈયાર છે.

# દિવ્યજ્યોતિ ટ્રસ્ટ (મેડીકલ અને ઓપ્ટીકલ)
## તેજસ આંખની હોસ્પિટલ, સુથાર ફળિયા, તા. માંડવી, જી. સુરત
## સરવૈયું ૩૧/૦૩/૨૦૧૩

| વિગત | શીડયુલ્ડ નં. | રકમ (રૂા.) |
|---|---|---|
| ફંડના સ્ત્રોત | — | — |
| શેર હોલ્ડરનું ફંડ | — | — |
| કેપીટલ | — | — |
| રીઝર્વ અને સરપ્લસ | ૧ | ૧,૧૨૯,૧૪૭.૭૬ |
| લોન ફંડ | | |
| સીકયોર્ડ લોન | | |
| અનસીકયોર્ડ લોન | ૨ | ૧,૦૭,૯૨૬.૦૦ |
| કુલફંડ | | ૧,૨૩૭,૦૭૩.૭૬ |
| ફંડ – એપ્લીકેશન | | |
| સ્થાવર મિલકત | ૩ | |
| ગ્રોસ મિલકત | | ૭૮,૮૪૩.૦૦ |
| ઘસારા ખર્ચ | | ૧૬,૩૨૬.૪૫ |
| ચોખ્ખી મિલકત | | ૬૨,૫૧૬.૫૫ |
| વર્ક ઈન પ્રોગ્રેસ | | — |
| રોકાણ | | — |
| હાલની મિલકત, લોન, એડવાન્સ | | |
| ઈન્વેન્ટરી/સ્ટોક | ૪ | ૯૫૧,૧૨૩.૦૦ |
| દેવુ | ૫ | ૨,૫૯૦.૦૦ |
| રોકડ અને બેંક બેલેન્સ | ૬ | ૧૪૮,૩૧૫.૦૦ |
| અન્ય ચાલુ મિલકત | | — |
| લોન અને એડવાન્સ | ૭ | ૯૩,૩૨૮.૨૧ |
| | | ૧,૧૯૫,૩૫૬.૨૧ |
| બાદઃ હાલની જવાબદારી અને વ્યવસ્થા | | |
| ચાલુ જવાબદારી | — | |
| પ્રોવિઝન | ૮ | ૨૦,૭૯૯.૦૦ |
| | | ૨૦,૭૯૯.૦૦ |
| ચોખ્ખી ચાલુ મિલકત | | ૧,૧૭૪,૫૫૭.૨૧ |
| પરચૂરણ ખર્ચ (માંડી વાળવાના બાકી) | | — |
| કુલ ફંડ | | ૧,૨૩૭,૦૭૩.૭૬ |

# દિવ્યજ્યોતિ ટ્રસ્ટ (મેડીકલ અને ઓપ્ટીકલ)
## તેજસ આંખની હોસ્પિટલ, સુથાર ફળિયા, તા. માંડવી, જી. સુરત
## ૩૧/૦૩/૨૦૧૩ ના રોજ પુરા થતા વર્ષનું નફા – નુકશાન ખાતું

| વિગત | શીડયુલ્ડ નં. | | રકમ (રૂા.) |
|---|---|---|---|
| વેચાણ | ૯ | | ૪,૮૦૬,૭૬૨.૮૦ |
| ઉઘડતો સ્ટોક | ૧૦ | ૪૭૧,૭૮૯.૦૦ | |
| ખરીદી | ૧૧ | ૩,૩૭૧,૩૬૨.૭૭ | |
| સીધા ખર્ચ | ૧૨ | ૬૪૭,૨૮૩.૫૦ | |
| | | ૪,૪૯૦,૪૩૫.૨૭ | |
| બાદ : છેવટનો સ્ટોક | | ૯૫૧,૧૨૩.૦૦ | |
| વેચેલા માલની પડતર | | | ૩,૫૩૯,૩૧૨.૨૭ |
| ગ્રોસ નફો | | | ૧,૨૬૭,૪૫૦.૫૩ |
| અન્ય આવક | ૧૩ | | ૩૭૦.૨૭ |
| | | | ૧,૨૬૭,૮૨૦.૮૦ |
| બાદ : અન્ય ખર્ચ | ૧૪ | | ૪૯૧,૪૫૧.૩૬ |
| ચોખ્ખો નફો – ઘસારા અને ટેક્ષ પહેલા | | | ૭૭૬,૩૬૯.૪૪ |
| બાદ : ઘસારા ખર્ચ | | | ૧૬,૩૨૬.૪૫ |
| ચોખ્ખો નફો ટેક્ષ પહેલા | | | ૭૬૦,૦૪૨.૯૯ |
| સરવૈયામાં લાવેલ નફો | | | ૭૬૦,૦૪૨.૯૯ |

શીડયુલ્ડ ૧ થી ૧૪ – હિસાબનો સંયુકત ભાગ

એમ. જે. ખીલાવાળા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
સુરત.

# દિવ્યજયોતિ ટ્રસ્ટ
## તેજસ આંખની હોસ્પિટલ, સુથાર ફળિયા, તા. માંડવી, જી. સુરત
## સરવૈયું ૩૧/૦૩/૨૦૧૩

| વિગત | શીડયુલ્ડ નં. | રકમ (રૂા.) |
|---|---|---|
| ફંડના સ્ત્રોત | | — |
| શેર હોલ્ડરનું ફંડ | | — |
| કેપીટલ | | — |
| રીઝર્વ અને સરપ્લસ | ૧ | ૪૮,૭૬૯,૪૬૪.૬૦ |
| લોન ફંડ | | — |
| સીકયોર્ડ લોન | | — |
| અનસીકયોર્ડ લોન | | ૪૮,૭૬૯,૪૬૪.૬૦ |
| કુલ ફંડ | | |
| ફંડ – એપ્લીકેશન | | |
| સ્થાવર મિલકત | ૨ | |
| ગ્રોસ મિલકત | | ૨૮,૮૫૨,૭૧૧.૦૦ |
| ઘસારા ખર્ચ | | ૨,૭૯૨,૩૬૯.૬૩ |
| ચોખ્ખી મિલકત | | ૨૬,૦૬૦,૩૪૧.૩૭ |
| વર્ક ઈન પ્રોગ્રેસ | | — |
| રોકાણો | ૩ | ૯,૦૩૦,૦૦૩.૦૦ |
| હાલની મિલકત, લોન, એડવાન્સ | | |
| ઈન્વેન્ટરી/ સ્ટોક | ૪ | ૯૧૪,૯૫૦.૯૨ |
| દેવુ | ૫ | ૧૦,૦૦૦.૦૦ |
| રોકડ અને બેંક બેલેન્સ | ૬ | ૧૨,૧૮૯,૯૩૦.૩૧ |
| અન્ય ચાલુ મિલકત | | — |
| લોન અને એડવાન્સ | ૭ | ૬૨૨,૦૨૯.૦૦ |
| | | ૧૩,૭૩૬,૯૧૦.૨૩ |
| બાદ: હાલની જવાબદારી અને વ્યવસ્થા | | |
| ચાલુ જવાબદારી | ૮ | ૫૭,૭૯૦.૦૦ |
| પ્રોવિઝન | | — |
| | | ૫૭,૭૯૦.૦૦ |
| ચોખ્ખી ચાલુ મિલકત | | ૧૩,૬૭૯,૧૨૦.૨૩ |
| પરચૂરણ ખર્ચ (માંડી વાળવાના બાકી) | | — |
| કુલ ફંડ | | ૪૮,૭૬૯,૪૬૪.૬૦ |

# દિવ્યજયોતિ ટ્રસ્ટ
## તેજસ આંખની હોસ્પિટલ, સુથાર ફળિયા, તા. માંડવી, જી. સુરત
## ૩૧/૦૩/૨૦૧૩ ના રોજ પુરા થતા વર્ષનું નફા – નુકશાન ખાતું

| વિગત | શીડયુલ્ડ નં. | રકમ (રૂા.) |
|---|---|---|
| (અ)આવક | | |
| પરોક્ષ આવક | ૯ | ૧૮,૮૮૯,૬૩૬.૦૦ |
| સ્ટોકમાં વધઘટ | | ૯૧૪,૯૫૦.૯૨ |
| કુલ (અ) | | ૧૯,૮૦૪,૫૮૬.૯૨ |
| (બ) ખર્ચ | | |
| ખરીદ ખર્ચ | ૧૦ | ૩૫,૦૩૬.૧૨ |
| પરોક્ષ ખર્ચાઓ | ૧૧ | ૧૫,૦૨૩,૦૫૧.૩૨ |
| કુલ (બ) | | ૧૫,૦૫૮,૦૮૭.૪૪ |
| ચોખ્ખો નફો – ઘસારા અને ટેક્ષ પહેલા | | ૪,૭૪૬,૪૯૯.૪૮ |
| ઘસારા ખર્ચ | | ૨,૭૯૨,૩૬૯.૬૩ |
| ઘસારા બાદ કુલ નફો/ખોટ | | ૧,૯૫૪,૧૨૯.૮૫ |
| કુલ નફો/ખોટ બેલેન્સ શીટમાં જમા/બાદ | | ૧,૯૫૪,૧૨૯.૮૫ |

શીડયુલ્ડ ૧ થી ૧૨ – હિસાબનો સંયુકત ભાગ

એમ. જે. ખીલાવાળા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
સુરત.

# સંસ્થાની પારદર્શીતા અને વિશ્વસનીયતા

| | વિગત | | | | અમલ |
|---|---|---|---|---|---|
| (A) | નોંધણી | | | | |
| | • સાર્વજનિક ટ્રસ્ટ કાયદો | | | | ઈ/૬૯૨૧/સુરત, તા. ૧૯/૧/૨૦૧૦ |
| | • PAN પરમેનેન્ટ એકાઉન્ટ નંબર | | | | AABTD 3401D |
| | • આવકવેરા કાયદામાંથી કરમુકિત ૮૦ જી (૫) હેઠળ (૫૦%) | | | | ઓફિસર II/ટિકનીકલ/૧૦૪/ડી–૧૧/૨૦૦૯–૧૦ તા. ૨૯/૦૩/૨૦૧૦ |
| | • FCRA (ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ) વનટાઈમ પરમીશન | | | | II/૨૧૦૨૨/૯૪/૦૫૭૬૦૧/૨૦૧૦ FCRA III ૨૭/૧૧/૧૨ |
| (B) | સંસ્થાના ધ્યેય અને અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા | | | | |
| | • સંસ્થાના વિવિધ અહેવાલોમાં રજૂઆત | | | | સ્પષ્ટ |
| | • કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં રૂપાંતરિત થયું છે ? | | | | સારી રીતે |
| | • કાર્યકરો, લાભાર્થીઓ અને સ્થાનિક લોકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | | | | સારી |
| (C) | વહીવટ અને સંચાલન | | | | |
| | • ટ્રસ્ટી મંડળ (નિયમિત મિટીંગ) | | | | ટ્રસ્ટીઓ : ૧૩, ટ્રસ્ટીઓ પૈકી ૨ ટ્રસ્ટીઓ તેમના પૂર્ણ સમયના કામ બદલ વેતન મેળવે છે. ટ્રસ્ટી મિટીંગ તારીખ : ૧૧/૭/૧૨, ૧૬/૧૦/૧૨, ૮/૧/૧૨, ૧૨/૩/૧૩ |
| | • કારોબારી કમિટી (વર્ષમાં ૨ વાર) | | | | કમિટી સભ્યો : ૨૨, તારીખ : ૧/૪/૧૨, ૨/૧૨/૧૨. |
| | • દરેક પ્રવૃત્તિનું સમયાંતરે મોનીટરીગ તથા પ્રવૃત્તિ માટેની સ્પષ્ટ ગાઈડલાઈન | | | | નિયમિત અને ઝડપી અમલ |
| | • ખરીદી, સ્ટોર અને વિતરણ પધ્ધતિ તથા ડેડ સ્ટોક રજીસ્ટર | | | | વ્યવસ્થિત નોંધ થાય છે/ કોમ્પ્યુટર સોફટવેર |
| (D) | સ્ટાફની વહીવટમાં સામેલગીરી | | | | |
| | • સ્ટાફ મિટીંગ | | | | નિયમિત |
| | • વિભાગીય મિટીંગ | | | | નિયમિત |
| (E) | ક્ષમતા સંવર્ધન અને વ્યવસાયિક વિકાસની તકો | | | | સંસ્થાકીય તેમ જ અન્ય સંસ્થાની મુલાકાત વિગેરે દ્વારા દરેકને પોતાની ક્ષમતા વધારવાની તક |
| (F) | માનવ સંસાધન | | | | |
| | • નિમણૂંક પત્રો અને કાર્યકરો માટે નીતી નિયમો | | | | તમામ કાર્યકરોને આપેલા છે |
| | • પી. એફ. ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા મળવાપાત્ર લાભ | | | | અમલમાં |
| | • વર્કમેન કોમ્પેન્સેશન એકટ હેઠળ વીમો, મની ઈન્શ્યોરન્સ પોલીસી | | | | અમલમાં |
| | • પરિવાર ભાવના અને બિનઓપચારિક વાતાવરણ | | | | ઉત્સવ–ઉજવણી, શિબિર, પ્રવાસ, ગેટ ટુ ગેધર વિગેરે દ્વારા વિકસાવવા પ્રયત્ન |
| | કુલ વેતન | પુરૂષ | સ્ત્રી | કુલ | |
| | રૂા. ૫,૦૦૦ થી ઓછું | – | – | – | |
| | રૂા. ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ | ૨૫ | ૧૯ | ૪૪ | |
| | રૂા. ૧૦,૦૦૦ થી રૂા. ૨૦,૦૦૦ | ૩ | ૩ | ૬ | |
| | રૂા. ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ | ૧ | – | ૧ | |
| | રૂા.૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ | ૧ | – | ૧ | |
| | રૂા. ૪૦,૦૦૦ થી વધુ | ૨ | ૪ | ૬ | |
| | કુલ | ૩૨ | ૨૬ | ૫૮ | |
| | માસિક વેતન : (ઉચ્ચતમ રૂા. ૬૬,૦૦૦/–, લઘુત્તમ રૂા. ૫,૦૦૦/–) | | | | |

| | | |
|---|---|---|
| (G) | જવાબદેહિતા અને પારદર્શિતા | |
| | • વાર્ષિક ઓડિટ થયેલા હિસાબો | નિયમિત પધ્ધતિસર દર વર્ષે |
| | • સંસ્થાની કામગીરીનો અહેવાલ | દર મહિને 'ઈ–ન્યુઝ' લેટર+ વાર્ષિક અહેવાલ |
| | • વાર્ષિક બજેટની ચર્ચા | ટ્રસ્ટી મિટીગમાં |
| | • હિસાબી પધ્ધતિ | નિયમો અનુસાર અમલ |
| | • દરેક નાણાકીય લેવડ – દેવડ માટે રસીદ અને બીલ | તે માટે ચોકસાઈ પૂર્વક આગ્રહ |
| | • હિસાબી મોનીટરીગ માટે મિટીગ | વર્ષમાં૩ થી ૪ વાર |
| | • પ્રવૃત્તિઓનુંમૂલ્યાંકન | નિયમિત સમયાંતરે |
| | • ચેરીટી કમિશ્નર, આવકવેરા, લઘુત્તમ વેતન ધારો વિગેરે કાયદાની જરૂરિયાત | ચુસ્તપણે અમલ થાય તેની કાળજી |
| (H) | બાહ્ય સંસ્થા દ્વારા મૂલ્યાંકન | – |

## સંસ્થાકીય દાતાઓ

| | | |
|---|---|---|
| શેર એન્ડ કેર ફાઉન્ડેશન | અમેરીકા | (ડોલર) ૩,૦૦,૦૦૦ |
| ન્યુકલીયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા | કાકરાપાર | ૩૯,૫૦,૦૦૦ |
| ધન પેસ્તનજી પરખ ડીશ્ક્રેશનરી ટ્રસ્ટ | મુંબઈ | ૧૫,૦૦,૦૦૦ |
| વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા | મુંબઈ | ૧૩,૧૨,૫૦૦ |
| લીલાવતી આર. શાહ, મેડીકલ રીલીફ ટ્રસ્ટ,મુંબઈ | મુંબઈ | ૬,૫૦,૦૦૦ |
| ભણશાળી ટ્રસ્ટ | મુંબઈ | ૫,૦૦,૦૦૦ |
| પેન્ટાગોન ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૪,૫૦,૦૦૦ |
| હરિઓમ સેવા ટ્રસ્ટ | વડોદરા | ૩,૫૬,૬૫૦ |
| તારાબહેન નારણભાઈ પટેલ, ચેરીટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૨,૨૦,૦૦૦ |
| સુરત – માનવસેવા સંઘ | સુરત | ૧,૫૦,૦૦૦ |
| ઉર– આશા જવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ | મુંબઈ | ૧,૧૦,૦૦૦ |
| હરિરામ ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૧,૦૨,૦૦૦ |
| સોયાદ્રીદેવી લીલાધર રાઠી ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૧,૦૧,૦૦૦ |
| બી.આર. ધોળાભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૧,૦૦,૦૦૦ |
| એમ.ડી.સી. ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૧,૦૦,૦૦૦ |
| જીવન અક્ષય ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૫૭,૫૦૦ |
| ગિરીકુંજ ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૫૧,૦૦૦ |
| કમલા કેશવ યોગ ટ્રસ્ટ | સુરત | ૫૧,૦૦૦ |
| પી.એન. પટેલ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૨૫,૦૦૦ |
| તૃપ્તિ – પરાગ ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૨૫,૦૦૦ |
| ચિન્મય સેવા ટ્રસ્ટ | સુરત | ૧૬,૦૦૦ |
| માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧૫,૦૦૦ |
| નાગરભાઈ દીવેલીયાભાઈ વસાવા સ્મૃતિ સહાયક ટ્રસ્ટ | માંડવી | ૧૧,૦૦૦ |
| સરસ્વતી જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| ભોગીલાલ દીપચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | નવસારી | ૧૦,૦૦૦ |
| સંતપુનિત માનવકલ્યાણ ટ્રસ્ટ | મુ. જેસ્પોર, તા. ઝઘડીયા | ૬,૫૦૦ |

## વ્યકિતગત / અન્યજૂથના દાતાઓ

| | | |
|---|---|---|
| સુરભીબહેન અગાશીવાળા | મુંબઈ | ૫,૦૦,૦૦૦ |
| એક શુભેચ્છક – પરિવાર | અમદાવાદ | ૫,૦૦,૦૦૦ |
| ધાનેરા ડાયમંડ | સુરત | ૪,૧૧,૦૦૦ |

| | | |
|---|---|---|
| ડો. યશવંત સી. પટેલ | આણંદ | ૩,૫૧,૦૦૦ |
| શ્રી લક્ષ્મી ફેશન પ્રાઈવેટ લીમીટેડ | સુરત | ૨,૫૦,૦૦૦ |
| શ્રી કરશનભાઈ અને ગુલાબબહેન ભકત | શામપુરા | ૨,૫૧,૦૦૦ |
| મહેરા આઈટેક પ્રાઈવેટ લીમીટેડ | મુંબઈ | ૨,૦૧,૦૦૦ |
| જનકભાઈ ઘેલાભાઈ તથા જાગૃતિબેન કુમારભાઈ શાહ, પરિવાર | સુરત | ૧,૪૦,૦૦૦ |
| નિલેશ આર. પટેલ | વડોદરા | ૧,૨૫,૦૦૦ |
| વિજયભાઈ કણીયા | સુરત | ૧,૦૨,૫૦૦ |
| અનવરભાઈ માલમ અને સિદીકભાઈ માલમ પરિવાર | સુરત | ૧,૦૦,૦૦૦ |
| હેતલ ટ્રેડીગ કું. હ. વસંતભાઈ શાહ | વડોદરા | ૧,૦૦,૦૦૦ |
| પ્રકાશભાઈ શાહ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦ |
| કલ્પનાબહેન ગિરીશભાઈ પટેલ | વડોદરા | ૧,૦૦,૦૦૦ |
| ધી સુરત આયર્ન એન્ડ સ્ટીલ મરચન્ટ એસોસીયેશન | સુરત | ૮૬,૦૦૦ |
| લીયો કલબ ઓફ સુરત સિલ્ક સીટી | સુરત | ૭૭,૦૦૦ |
| શ્રી હરેશભાઈ ટાંક અને પરિવાર | સુરત | ૭૫,૦૦૦ |
| ગુણવંતભાઈ નગીનદાસ શાહ | સુરત | ૭૫,૦૦૦ |
| ચેતનભાઈ શાહ અને નીલેશભાઈ શાહ તથા પરિવાર | સુરત | ૭૦,૦૦૦ |
| જયંતિલાલ સંઘવી તથા પરિવાર | સુરત | ૬૪,૩૭૫ |
| મગનભાઈ પટેલ | માંડવી | ૬૩,૦૦૦ |
| ધી ટેક્ષટાઈલ કો. ઓપ. બેંક ઓફ સુરત | સુરત | ૫૧,૦૦૦ |
| શાહલોન સિલ્ક મિલ્સ પ્રા. લી. | સુરત | ૫૧,૦૦૦ |
| કલામંદિર જવેલર્સ | કોસંબા | ૫૧,૦૦૦ |
| શ્રી સોરઠવિશા શ્રીમાળી જૈન સમાજ | સુરત | ૫૧,૦૦૦ |
| વિરલ બિલ્ડર્સ | સુરત | ૫૧,૦૦૦ |
| ભીખુભાઈ રાયચંદ શાહ | સુરત | ૫૧,૦૦૦ |
| બાબુભાઈ પટેલ | સુરત | ૫૧,૦૦૦ |
| ચંદ્રેશભાઈ મગનભાઈ પટેલ | સુરત | ૫૧,૦૦૦ |
| શ્રી શ્યામ સેવા સમિતી | સુરત | ૫૧,૦૦૦ |
| શ્રી સતી ટેક્ષ પ્રિન્ટ પ્રા. લી. | સુરત | ૫૧,૦૦૦ |
| શ્રીજી પ્રિન્ટ પ્રા. લી. | સુરત | ૫૧,૦૦૦ |
| જગદીશ જી. પરિહાર તથા પરિવાર | સુરત | ૫૧,૦૦૦ |
| ડો. પ્રફુલ્લભાઈ તથા ડો. સંધ્યાબહેન છાસટીયા તથા પરિવાર | સુરત | ૫૦,૦૦૨ |
| વેડછી પ્રદેશ સેવા સમિતી – ઈન્દુભાઈ શાહ | વલસાડ | ૫૦,૦૦૦ |
| લાયન્સ કલબ ઓફ સુરત સિલ્ક સીટી | સુરત | ૫૦,૦૦૦ |
| નલીનભાઈ ડી. શાહ તથા દિપીકાબહેન ડી. શાહ તથા પરિવાર | માંડવી | ૫૦,૦૦૦ |
| ધનસુખભાઈ ગોવિંદભાઈ પટેલ | માંડવી | ૫૦,૦૦૦ |
| પ્રમોદ પટેલ તથા સારિકા પટેલ | સુરત | ૫૦,૦૦૦ |
| એક સદ્દગૃહસ્થ તરફથી | મુંબઈ | ૫૦,૦૦૦ |
| વિશાખાબહેન કાપડીયા | સુરત | ૫૦,૦૦૦ |
| શ્રી સત્યસાંઈ મેડીકલ સેન્ટર | વિહાણ | ૩૬,૦૦૦ |
| ભરતકુમાર વજેચંદ શાહ | સુરત | ૩૬,૦૦૦ |
| મીનોલ એસિડસ એન્ડ કેમિકલ્સ પ્રા.લી. | વડોદરા | ૩૧,૧૧૧ |
| શ્રી હર્ષદભાઈ કનૈયાલાલ શાહ | અંકલેશ્વર | ૩૧,૦૦૦ |
| નિમેષકુમાર આર. નાયક | સુરત | ૩૧,૦૦૦ |
| વિશ્વેશ્વર પોપટ અને ડો. તૃપ્તિબહેન પોપટ | જામનગર | ૩૧,૦૦૦ |
| નિશાબહેન અને ઉદીપ્તભાઈ તાલેરા | સુરત | ૩૧,૦૦૦ |
| કિરીટકુમાર છત્રસિંહ વશી | તરસાડી | ૩૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| યોગેશભાઈ હસમુખભાઈ નવસારીવાળા | સુરત | ૩૦,૦૦૦ |
| રેખાબહેન કરસનભાઈ પ્રજાપતિ–સ્વ. કરસનભાઈ પ્રજાપતિના સ્મરણાર્થે | સુરત | ૨૭,૫૦૦ |
| વજુભાઈ ધનરાજભાઈ ગઢવી | માંડવી | ૨૭,૫૦૦ |
| ધનુબહેન ખુશાલભાઈ ભારતી | વ્યારા | ૨૫,૦૦૦ |
| હંસાબહેન શાંતિલાલ તારપરા | સુરત | ૨૫,૦૦૦ |
| અનિલભાઈ બી. દેસાઈ | મુંબઈ | ૨૫,૦૦૦ |
| વિજયભાઈ દાલીયા અને પરિવાર | સુરત | ૨૫,૦૦૦ |
| કુસુમબહેન મારફતીયા | મુંબઈ | ૨૫,૦૦૦ |
| સી.એન. પરમાર | ખોલવડ | ૨૫,૦૦૦ |
| ભાવિન હસમુખલાલ મિસ્ત્રી | માંડવી | ૨૫,૦૦૦ |
| નિર્મલાબહેન જી. પટેલ | માંડવી | ૨૫,૦૦૦ |
| સ્મિતાબહેન એ. શેઠ – સ્વ. અશ્વિન શેઠના સ્મરણાર્થે | સુરત | ૨૩,૫૦૦ |
| અબ્દુલ રહેમાન | સુરત | ૨૧,૦૦૦ |
| આશિષ જીતેન્દ્રભાઈ નાયક | સુરત | ૨૧,૦૦૦ |
| ડો. જયેશભાઈ મર્ચન્ટ | માંડવી | ૨૧,૦૦૦ |
| કિશોરભાઈ હીરાલાલ મજમુદાર – સ્વ. પદ્મજા શાહના વહીવટકર્તા | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| શાંતાબહેન નગીનભાઈ પટેલ તથા નગીનભાઈ પટેલ | બારડોલી | ૨૧,૦૦૦ |
| હરિવદન નરભેરામ પટેલ | સુરત | ૨૦,૧૦૦ |
| ડો. ચંદ્રકાંતભાઈ કે. વોરા | ઝઘડીયા | ૨૦,૦૦૦ |
| ચેતનાબહેન રઘુવીરસિંહ ઠાકોર | કોસંબા | ૨૦,૦૦૦ |
| શાહ પરિવાર | માંડવી | ૨૦,૦૦૦ |
| સબસેટ સિસ્ટમ – સુધીરભાઈ શાહ | અમદાવાદ | ૧૬,૧૦૦ |
| ગ્રામ પંચાયત | પાલોદ | ૧૫,૦૦૦ |
| ગીતાબહેન વિજયભાઈ રસકપુરવાળા | સુરત | ૧૫,૦૦૦ |
| અનંત સોફ્ટેક પ્રા. લી. | અમદાવાદ | ૧૫,૦૦૦ |
| આસ્થા ઈન્ફ્રાસ્ટ્રક્ચર | અમદાવાદ | ૧૫,૦૦૦ |
| ડો. મુકેશ મહેશ્વરી | અમદાવાદ | ૧૫,૦૦૦ |
| ભરતભાઈ ખંડુભાઈ દેસાઈ | તરસાડી | ૧૫,૦૦૦ |
| હીરૂબહેન પટેલ તથા શિવજીભાઈ પટેલ | સુરત | ૧૫,૦૦૦ |
| ડેવલપમેન્ટ સપોર્ટ ટીમ | અંકલેશ્વર | ૧૫,૦૦૦ |
| રામચંદ્ર વિનાયક મરકેળ | મુંબઈ | ૧૩,૫૦૦ |
| બીનાબહેન કાપડીયા | માંડવી | ૧૩,૫૦૦ |
| મિતેન્દ્રસિંહ સજ્જનસિંહ સોલંકી | માંડવી | ૧૩,૦૦૦ |
| વિનયકુમાર કનૈયાલાલ શેઠ | બૌધાન | ૧૨,૫૦૦ |
| ધનસુખભાઈ ટી. ટેલર | માંડવી | ૧૨,૫૦૨ |
| અનંતકુમાર યોગેશભાઈ પાઠક | કોસંબા | ૧૨,૨૦૦ |
| દેવર્ષિ ફેબ્રીક્સ | સુરત | ૧૨,૦૦૦ |
| બહાદુરસિંહ ગંભીરસિંહ ચૌહાણ | કોસંબા | ૧૧,૧૧૧ |
| દીલીપભાઈ મોદી | બૌધાન | ૧૧,૧૧૧ |
| તરલાબહેન બાબુભાઈ શાહ | વાલોડ | ૧૧,૧૧૧ |
| ડી.સી.જરીવાળા | સુરત | ૧૧,૦૦૦ |
| ખુશ્બુ હોસ્પિટલ | બારડોલી | ૧૧,૦૦૦ |
| ડો. હરેશભાઈ અને ક્રીનાબહેન ભાવસાર | સુરત | ૧૧,૦૦૦ |
| ભાનુકુમાર શાહ | સુરત | ૧૧,૦૦૦ |
| પ્રાણજીવનદાસ મોદી | માંડવી | ૧૧,૦૦૦ |
| રાજેશભાઈ દેસાઈ | સુરત | ૧૧,૦૦૦ |
| વિજયભાઈ જૈન અને રેખાબહેન જૈન | સુરત | ૧૧,૦૦૦ |

| | | |
|---|---|---|
| છગનભાઈ નારણભાઈ પટેલ અને તારાબહેન છગનભાઈ પટેલ | માંડવી | ૧૧,૦૦૦ |
| પ્રવીણચંદ્ર જગજીવનદાસ સુરતી | સુરત | ૧૧,૦૦૦ |
| પ્રફુલ્લભાઈ ભટ્ટ | સુરત | ૧૧,૦૦૦ |
| શાંતિલાલ મકનજી મહેતા | સુરત | ૧૧,૦૦૦ |
| અશોકભાઈ પી. શાહ | માંડવી | ૧૧,૦૦૦ |
| ડો. હંસાબહેન સુરેન્દ્રકુમાર દવે | નડિયાદ | ૧૧,૦૦૦ |
| નટુભાઈ પરભુભાઈ રબારી | માંડવી | ૧૧,૦૦૦ |
| રણધીરભાઈ ઈશ્વરલાલ | સુરત | ૧૧,૦૦૦ |
| મનજીભાઈ કે. શેટા | સુરત | ૧૧,૦૦૦ |
| સરગમ બિલ્ડર્સ | સુરત | ૧૧,૦૦૦ |
| લક્ષ્મીબહેન મોહનભાઈ માવાણી | અંકલેશ્વર | ૧૧,૦૦૦ |
| રણજીતસિંહ અનુપસિંહ મહીડા | તરસાડાબાર | ૧૧,૦૦૦ |
| શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી | કામરેજ | ૧૧,૦૦૦ |
| પટેલ બચુભાઈ હીરાભાઈ | ઊટીયાદરા | ૧૧,૦૦૦ |
| ધી માંડવી પંચાલ સુથાર એન્ડ લુહાર પ્રો. કું. | માંડવી | ૧૧,૦૦૦ |
| વાસંતીબહેન મહેતા | ઓલપાડ | ૧૧,૦૦૦ |
| રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડટાઉન | સુરત | ૧૧,૦૦૦ |
| લખપતરાય કોચર | સુરત | ૧૦,૫૦૦ |
| રજનીકાંત કાંતિલાલ દ્વિવેદી | મુંબઈ | ૧૦,૦૦૧ |
| શૈલેષભાઈ દેસાઈ | સુરત | ૧૦,૦૦૦ |
| પંકજભાઈ મારફતીયા | મુંબઈ | ૧૦,૦૦૦ |
| અનઈ શાહ | મુંબઈ | ૧૦,૦૦૦ |
| નરેશભાઈ થાણાવાળા | મુંબઈ | ૧૦,૦૦૦ |
| ડો. ગીતાબહેન ઠાકોરભાઈ મોદી | વડોદરા | ૧૦,૦૦૦ |
| સ્વ. આશાબહેનના સ્મરણાર્થે – બાલુભાઈ પટેલ | સુરત | ૧૦,૦૦૦ |
| પ્રશાંતભાઈ મહેતા | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| જાગૃતિબહેન દ્વિવેદી | સુરત | ૧૦,૦૦૦ |
| સાધના કુટીર હોસ્પિટલ | કીમ | ૧૦,૦૦૦ |
| મુકેશભાઈ સોમાભાઈ પટેલ | સુરત | ૧૦,૦૦૦ |
| નિશીબહેનના સ્મરણાર્થે પરિવારજનો તરફથી | માંડવી | ૮,૦૦૦ |
| દેવેન્દ્રકુમાર સીગ | કોસંબા | ૭,૫૦૦ |
| વિપુલકુમાર વિજ | કોસંબા | ૭,૫૦૦ |
| ઉર્મિબહેન બીહારીભાઈ શાહ | મુંબઈ | ૭,૦૦૦ |
| સ્વસ્તિક બિલ્ડર્સ | સુરત | ૬,૫૦૧ |
| પ્રભુતાબહેન આર. ગજીવાળા | સુરત | ૬,૨૦૦ |
| રણછોડભાઈ બી. ઘેલાણી | સુરત | ૬,૦૦૦ |
| સુશીલાબહેન એચ. મહેતા | મુંબઈ | ૬,૦૦૦ |
| ધર્મિષ્ઠાબહેન ઉમેશભાઈ પટેલ | માંડવી | ૬,૦૦૦ |
| ગૌરાંગ દેસાઈ | સુરત | ૬,૦૦૦ |
| કિરણ સીન્થેટીકસ | સુરત | ૬,૦૦૦ |
| રવીન્દુભાઈ નરેશભાઈ તુરખીયા | મુંબઈ | ૫,૫૦૦ |
| સુરેશ પ્રફુલ્લચંદ્ર શાહ | સુરત | ૫,૫૦૦ |
| વિનોદભાઈ અદાણી | સુરત | ૫,૫૦૦ |
| બાલુભાઈ શાહ | સુરત | ૫,૫૦૦ |
| પરેશ હેમરાજ જૈન | સુરત | ૫,૫૦૦ |
| વિષ્ણુભાઈ જયરામભાઈ ખૈની | સુરત | ૫,૫૦૦ |
| અરજણભાઈ વિરજીભાઈ લાડીયા | સુરત | ૫,૫૦૦ |

| | | |
|---|---|---|
| ચેતનભાઈ ડી. રાંદેરીયા | સુરત | ૫,૧૧૧ |
| શ્રીનાથ એગ્રો સેન્ટર | માંડવી | ૫,૧૦૦ |
| નંદલાલ ઝારોલા અને મહેશભાઈ પારેખ | માંડવી | ૫,૧૦૦ |
| ઈલાબહેન એમ. પરોણીગર | સુરત | ૫,૦૦૧ |
| ઉમેદસિંહ બી. ચૌધરી | માંડવી | ૫,૦૦૧ |
| તારામતીબહેન બી. કુર્મી | વલસાડ | ૫,૦૦૧ |
| અશોકકુમાર બાબુલાલ શાહ | માંડવી | ૫,૦૦૧ |
| સીમાબહેન સંજયકુમાર પરીખ | સુરત | ૫,૦૦૧ |
| હેમંતભાઈ ઈશ્વરભાઈ ચોકસી | સુરત | ૫,૦૦૧ |
| નલીનીબહેન મણીભાઈ પટેલ | ભાવનગર | ૫,૦૦૧ |
| અક્ષયકુમાર એમ. મહેતા | મુંબઈ | ૫,૦૦૧ |
| સ્વ. જતીનભાઈ માનસીગભાઈ ચૌધરી હ. માનસીગભાઈ | માંડવી | ૫,૦૦૧ |
| લાલચંદ ધૂંગાજી શાહુ | માંડવી | ૫,૦૦૦ |
| હંસાબહેન ભરતભાઈ નાયક | સુરત | ૫,૦૦૦ |
| સુષ્માબહેન ડી.દરજી | સુરત | ૫,૦૦૦ |
| સમીર જમનાદાસ દેસાઈ | સુરત | ૫,૦૦૦ |
| શાંતાબહેન સુમનલાલ શાહ | વાલોડ | ૫,૦૦૦ |
| સ્વ. કાંતિલાલ ચુનીલાલ લોખંડવાળા પરિવારના સ્મરણાર્થે રક્ષાબહેન શાહ | વાલોડ | ૫,૦૦૦ |
| હરજીવન વસનજી ચેરીટેબલ ટ્રસ્ટ (સુરજવાડી) | મુંબઈ | ૫,૦૦૦ |
| ઉષા ફાઉન્ડેશન | અમદાવાદ | ૫,૦૦૦ |
| નિમેશકુમાર હરીશભાઈ શાહ | માંડવી | ૫,૦૦૦ |
| રાકેશકુમાર રજનીકાંત ભટ્ટ | માંડવી | ૫,૦૦૦ |
| એમ. એ. વોરા | સુરત | ૫,૦૦૦ |
| જગદીશભાઈ દુર્લભભાઈ દરજી | વડોદરા | ૫,૦૦૦ |
| રમણીકભાઈ હાલારી તથા હસુમતીબહેન | સુરેન્દ્રનગર | ૫,૦૦૦ |
| જયદેવભાઈ કે. દેસાઈ | કોસંબા | ૫,૦૦૦ |
| બિંદુબહેન કામદાર | ધરમપુર | ૫,૦૦૦ |
| ધનસુખભાઈ નાથુભાઈ લેથવાલા | સુરત | ૫,૦૦૦ |
| ચિરાગ કિશોરચંદ્ર શાહ | સુરત | ૫,૦૦૦ |
| જયશ્રીબહેન સૂર્યકાંત ધ્રુવ | અમદાવાદ | ૫,૦૦૦ |
| જયનાબહેન અગ્રવાલ | મુંબઈ | ૫,૦૦૦ |
| શ્રી સંજય પોરે | મુંબઈ | ૫,૦૦૦ |
| શકુંતલાબહેન રમેશચંદ્ર શાહ | સુરત | ૫,૦૦૦ |
| કલ્પનાબહેન દેસાઈ | સુરત | ૫,૦૦૦ |
| ડો. મહેન્દ્રભાઈ સોલંકી | સુરત | ૫,૦૦૦ |
| જતીનભાઈ કે. શાહ | સુરત | ૫,૦૦૦ |
| રાજનભાઈ સી. પંડયા | કોસંબા | ૫,૦૦૦ |
| માંડવી દશાશ્રીમાળી પંચ | માંડવી | ૫,૦૦૦ |
| ભાઈલાલ શિવાભાઈ પટેલ | નારસંદા | ૫,૦૦૦ |
| ગુણવંતભાઈ પટેલ | અમદાવાદ | ૫,૦૦૦ |
| પ્રેમત એલ. લાલવાણી | અમદાવાદ | ૫,૦૦૦ |
| દેવ કન્સલ્ટન્ટ | અમદાવાદ | ૫,૦૦૦ |
| વિજયભાઈ વસંતભાઈ પટેલ | માંડવી | ૪,૫૦૦ |
| પિંકીબહેન ભૂપેન્દ્રભાઈ શાહ | સુરત | ૪,૦૦૦ |
| વૈભવ ડી. પરીખ | સુરત | ૩,૫૦૦ |
| કાન્તાબહેન ડાહયાભાઈ | સુરત | ૩,૫૦૦ |
| નિતીશભાઈ રજનીભાઈ | સુરત | ૩,૫૦૦ |

| | | |
|---|---|---|
| શ્રી શ્યામ સેવા સમિતી | સુરત | ૩,૧૦૦ |
| નિખિલ જે. મહેતા | માંડવી | ૩,૦૦૨ |
| ડો. પ્રભાબહેન મહેશભાઈ દેસાઈ | વલસાડ | ૩,૦૦૧ |
| વિનોદકુમાર છબીલદાસ ઝવેરી | સુરત | ૩,૦૦૧ |
| સિદીકભાઈ | સુરત | ૩,૦૦૦ |
| રમાબહેન રતીલાલ પટેલ | સુરત | ૩,૦૦૦ |
| જયેશભાઈ બી. દેસાઈ | સુરત | ૩,૦૦૦ |
| પ્રણવકુમાર દાંતવાળા | સુરત | ૩,૦૦૦ |
| પારૂલ પરેશ પઢીયાર | સુરત | ૩,૦૦૦ |
| લલીતાબહેન ધીરજલાલ શાહ | સુરત | ૩,૦૦૦ |
| ડો. કનુભાઈ વેકરીયા | સુરત | ૩,૦૦૦ |
| માલતીબહેન ધીરુભાઈ પટેલ | સુરત | ૨,૫૦૦ |
| જીજ્ઞેશભાઈ એન. શાહ | સુરત | ૨,૫૦૧ |
| પ્રકાશભાઈ એ. શાહ | સુરત | ૨,૫૦૦ |
| એમ.કે. શેઠ | સુરત | ૨,૫૦૦ |
| અનેરી સીલેકશન | સુરત | ૨,૫૦૦ |
| સંજયકુમાર પરીખ | સુરત | ૨,૫૦૦ |
| મહેન્દ્ર કનૈયાલાલ મહેતા | સુરત | ૨,૫૦૦ |
| હરીભાઈ પી. શાહ | સુરત | ૨,૫૦૦ |
| મંજરીબહેન ગોરધનદાસ | પુના | ૨,૨૨૨ |
| દિનેશભાઈ બી. વરીયા | મુંબઈ | ૨,૨૦૦ |
| બી.એન. જગદીશવાળા | મુંબઈ | ૨,૨૦૦ |
| આદીલ સૈયદ | મુંબઈ | ૨,૨૦૦ |
| ગણેશ ફાર્મા | વડોદરા | ૨,૧૦૦ |
| પન્નાબહેન હરસિંગ ચૌધરી | બહેડા, રાયપુર, વ્યારા | ૨,૦૫૧ |
| શર્મિષ્ઠાબહેન જયંતિલાલ મહેતા | મેઘરજ | ૨,૦૦૦ |
| રમાબહેન પટેલ | મુંબઈ | ૨,૦૦૦ |
| દક્ષાબહેન શાહ | વાલોડ | ૨,૦૦૦ |
| મનીષ શાંતિલાલ સારંગ | સુરત | ૨,૦૦૦ |
| દેવરાજભાઈ અને અનસુયાબહેન પટેલ | સુરત | ૨,૦૦૦ |
| સત્યેન બી. નાયક | સુરત | ૨,૦૦૦ |
| આઈ. વી.દરજી | સુરત | ૨,૦૦૦ |
| રમણીકભાઈ વાસણવાળા | સુરત | ૨,૦૦૦ |
| સતીષચંદ્ર એસ. દલાલ | સુરત | ૨,૦૦૦ |
| ડો. જીતેન્દ્ર આર. પટેલ | સુરત | ૨,૦૦૦ |
| પ્રભુભાઈ સુખાભાઈ પટેલ | સુરત | ૨,૦૦૦ |
| દેવીકાબહેન અને ધનસુખભાઈ પેચીવાલા | મુંબઈ | ૨,૦૦૦ |
| એક વૈષ્ણવભાઈ તરફથી | સુરત | ૨,૦૦૦ |
| તૈલી સોનીબહેન | સુરત | ૨,૦૦૦ |
| ચેષ્ટાબહેન | સુરત | ૨,૦૦૦ |
| નાનુભાઈ | સુરત | ૨,૦૦૦ |
| બજરંગલાલ જાવર | સુરત | ૨,૦૦૦ |
| અમીતભાઈ પટણી | સુરત | ૧,૫૧૨ |
| પ્રતિભાબહેન કે. શાહ | સુરત | ૧,૫૦૩ |
| પન્નાબહેન કે. પરોણીગર | સુરત | ૧,૫૦૦ |
| કુમારી દિર્શી પી. શાહ | અમલસાડી | ૧,૫૦૦ |
| સુરેશભાઈ કેશવ લાડ | | |

| | | |
|---|---|---|
| વિજયભાઈ એસ. પટેલ | સુરત | ૧,૫૦૦ |
| બંસીલાલ જૈન | સુરત | ૧,૫૦૦ |
| જગદીશચંદ્ર બી. ચોકસી | સુરત | ૧,૧૦૦ |
| લક્ષ્મીબહેન પટેલ | સુરત | ૧,૧૦૦ |
| અતુલભાઈ બારીયા | માંડવી | ૧,૧૦૦ |
| દેવયાનીબહેન શેઠ | સુરત | ૧,૧૦૦ |
| શ્રી વિનોદચંદ્ર શાહ | ઝઘડીયા | ૧,૦૦૧ |
| ચાર્વી વિશાલભાઈ પારેખ | સુરત | ૧,૦૦૧ |
| મહિલામંડળ, સુથાર ફળિયા | માંડવી | ૧,૦૦૧ |
| અંકિતાબહેન ભાવેશભાઈ પરમાર | કરંજ, માંડવી | ૧,૦૦૧ |
| રામસહાય મગરૂભાઈ પાલ | સુરત | ૧,૦૦૧ |
| ચુનીલાલ ભીખાભાઈ પંચાલ | વલસાડ | ૧,૦૦૦ |
| જગદીશભાઈ ચુનીલાલ પંચાલ | વલસાડ | ૧,૦૦૦ |
| ચંપકભાઈ સી. શાહ | સુરત | ૧,૦૦૦ |
| જયેશભાઈ પી. શાહ | સુરત | ૧,૦૦૦ |
| પ્રફુલ્લભાઈ વરીયા | સુરત | ૧,૦૦૦ |
| જયંતીભાઈ વજેચંદ સંઘવી | સુરત | ૧,૦૦૦ |
| ધનસુખભાઈ | સુરત | ૧,૦૦૦ |
| આશિષભાઈ શાહ | સુરત | ૧,૦૦૦ |
| ગુણવંતભાઈ નગીનદાસ શાહ | સુરત | ૧,૦૦૦ |
| પંડયા કિરીટભાઈ | સુરત | ૧,૦૦૦ |
| જશીબહેન એ. પટેલ | સુરત | ૧,૦૦૦ |
| મુકેશભાઈ એમ. માંગુકીયા | સુરત | ૧,૦૦૦ |
| વિપુલભાઈ પટેલ | સુરત | ૧,૦૦૦ |
| શુભ પ્લાયવુડ એન્ડ હાર્ડવેર | સુરત | ૧,૦૦૦ |
| ભુપેન્દ્ર દોલતરાય નાયક | સુરત | ૧,૦૦૦ |
| નરેન્દ્ર ગઢીવાળા | સુરત | ૧,૦૦૦ |
| કમલેશ એમ. સારંગ | સુરત | ૧,૦૦૦ |
| ઈશિકા પ્રિતેશ પટેલ | સુરત | ૧,૦૦૦ |
| પરેશભાઈ પટેલ | સુરત | ૧,૦૦૦ |
| કૈલાસ લખમાણી | સુરત | ૧,૦૦૦ |
| શીતલ વિજયકુમાર ઘાટવાળા | સુરત | ૧,૦૦૦ |
| હરીશ એમ. જાદવ | સુરત | ૧,૦૦૦ |
| પટેલ ગિરીશ કાંતિલાલ | સુરત | ૧,૦૦૦ |
| રાજેન્દ્ર નરેશભાઈ | સુરત | ૧,૦૦૦ |
| જગજીવન ગોદડીયા | સુરત | ૧,૦૦૦ |
| ક્રિશ ઉત્તમચંદાણી | સુરત | ૧,૦૦૦ |
| પુષ્પા રામઅવતાર ગોયલ | સુરત | ૧,૦૦૦ |
| સ્વ. શ્રી ડી. સી. પરીખના સ્મરણાર્થે ઉરેશ દિલીપભાઈ પરીખ | સુરત | ૧,૦૦૦ |
| બીજલકુમાર સરાફ | સુરત | ૧,૦૦૦ |
| નિતીનચંદ્ર સી. પટેલ | સુરત | ૧,૦૦૦ |
| નટવરલાલ રતનચંદ શાહ | સુરત | ૧,૦૦૦ |
| શશીકાંત સંઘવી | સુરત | ૧,૦૦૦ |
| હર્ષદભાઈ જોષી | સુરત | ૧,૦૦૦ |
| પ્રકાશભાઈ બી.શાહ | સુરત | ૧,૦૦૦ |
| ઈન્દ્રવદન પટણી | સુરત | ૧,૦૦૦ |

| | | |
|---|---|---|
| રાજુભાઈ ગાબાણી | સુરત | ૧,૦૦૦ |
| આયુષ અરૂણ પટોડીયા | સુરત | ૧,૦૦૦ |
| અરવિંદભાઈ દેસાઈ | વલસાડ | ૧,૦૦૦ |
| રાજુભાઈ સોલંકી | સુરત | ૧,૦૦૦ |
| ભરતભાઈ એમ. બ્રહ્મભટ્ટ | માંડવી | ૧,૦૦૦ |
| ચંપાબહેન શાંતિલાલ સંઘવી | સુરત | ૧,૦૦૦ |
| મયુરકુમાર રાવલ | સુરત | ૧,૦૦૦ |
| તન્મય એમ. શાહ | સુરત | ૧,૦૦૦ |
| સ્વાતી એમ. શાહ | સુરત | ૧,૦૦૦ |
| બળદેવભાઈ ટપોરી | સુરત | ૧,૦૦૦ |
| હરકિશનલાલ ચાંદક | સુરત | ૧,૦૦૦ |
| કવિતાબહેન રાઠી | સુરત | ૧,૦૦૦ |
| દીનદયાળજી રાઠી | સુરત | ૧,૦૦૦ |
| નંદકિશોરજી ભૂતરા | સુરત | ૧,૦૦૦ |
| ઝવેરીબહેન એ. તુરખીયા | માંડવી | ૧,૦૦૦ |
| સુશીલાબહેન પેરીવાલ | સુરત | ૧,૦૦૦ |
| બબિતાબહેન પેરીવાલ | સુરત | ૧,૦૦૦ |
| મમતાબહેન પેરીવાલ | સુરત | ૧,૦૦૦ |
| કુંવરભાઈ પેરીવાલ | સુરત | ૧,૦૦૦ |
| રેણુકાબહેન રાવલ | સુરત | ૧,૦૦૦ |
| જીતેન્દ્ર વસનજીભાઈ દેસાઈ | સુરત | ૧,૦૦૦ |
| મિલનભાઈ ભટ્ટ | સુરત | ૧,૦૦૦ |
| કાર્તિકભાઈ પરોણીગર | સુરત | ૫૦૧ |
| શૈલેષભાઈ મધુસુદન શાહ | સુરત | ૫૦૧ |
| અરવિંદભાઈ ભટ્ટ | કોસંબા | ૫૦૧ |
| સારાભાઈ માલાભાઈ ભરવાડ | અંકલેશ્વર | ૫૦૦ |
| દિલીપભાઈ પટેલ | ઝઘડીયા | ૫૦૦ |
| પદ્મભાબહેન દીપકભાઈ જાદવ | સુરત | ૫૦૦ |
| એમ.વી.વોરા | સુરત | ૩૦૦ |

# વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન મળેલ વસ્તુદાનની યાદી

| | | |
|---|---|---|
| ૧. દેસાઈ બ્રધર્સ | સુરત | વોટર જેટ સ્પ્રીકલર નંગ – ૧ |
| ૨. કિર્તીભાઈ ડી. શાહ | સુરત | ધાર્મિક પુસ્તકો નંગ – ૧૫ |
| ૩. રમેશભાઈ બી. પટેલ | વિહાણ, કામરેજ, સુરત | એલ.સી.ડી. ટીવી નંગ – ૧ (૨૬ ઈંચ) (ઓપીડી માટે)<br>હેલ્મેટ નંગ – ૩ (ફીલ્ડ સ્ટાફ માટે) |
| ૪. નોમાન ટોપીવાલા | સુરત | રીફ્રેકટર નંગ – ૨, હોલ્ડર ફોલ્ડર – ૨ સેટ, |
| ૫. સેવા રૂરલ | ઝઘડીયા, ભરૂચ | ઈન્જેકટર નંગ – ૧,<br>ઈન્ટ્રા કેપ્સ્યુલર ફોરસેપ્સ નંગ – ૧ |
| ૬. ભરતભાઈ શાહ | સુરત | ચોખા – ૧૫૦ કિલો |
| ૭. મહાજન અનાથ બાળાશ્રમ | કતારગામ, સુરત | ઘઉં – ૧૨૦૦ કિલો, ચોખા – ૧૦૦૦ કિલો<br>મગદાળ – ૧૦૦ કિલો, ચણાદાળ – ૧૦૦ કિલો<br>તુવેરદાળ – ૨૫૦ કિલો |
| ૮. રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન | સુરત | આઈ બેંક સ્પેકયુલર માઈક્રોસ્કોપ (ટોપકોન કું. નો) |
| ૯. કનુભાઈ પટેલ | સુરત | કોન્સ્ટંટ વોલ્ટેજ ટ્રાન્સફોર્મર – ૪ નંગ |
| ૧૦. સ્મિતાબહેન અશ્વિનકુમાર શેઠ | સુરત | મારૂતિ ઝેન – ગાડી |
| ૧૧. ઓપ્થેલ્મીક માર્કેટીંગ એન્ડ સર્વિસીસ પ્રા. લી. | અમદાવાદ | એસ.આઈ.સી.એસ. સેટ – ૩ નંગ |
| ૧૨. નરેશભાઈ તુરખીયા | મુંબઈ | ડીટર્જન્ટ પાવડર – ૧૮૫ કિગ્રા |
| ૧૩. ધર્મેશભાઈ દેસાઈ | સુરત | લેમીનેશન મશીન નંગ – ૧ |
| ૧૪. પ્રાણજીવનભાઈ મોદી | માંડવી | ચશ્માની ફ્રેમ – ૬૬ નંગ |
| ૧૫. વર્ધમાન સ્ટોર | માંડવી | પ્લાસ્ટીકની બરણીઓ – ૩૦ નંગ |
| ૧૬. આકાશભાઈ કે. શાહ | વાલોડ | તુવેરદાળ – ૫ કિગ્રા |
| ૧૭. દિપીકાબહેન નલીનકુમાર શાહ | માંડવી | અનાજ ભરવાનું પીપ અને વાસણો – ૮ નંગ |
| ૧૮. રેવાબહેન નરોત્તમભાઈ પટેલ | સુરત | ખાંડ – ૨૫ કિગ્રા |
| ૧૯. જયશ્રી ઈલેકટ્રીકલ | માંડવી | એલ.સી.ડી. ટીવી નંગ – ૧ (૨૨ ઈંચ) |
| ૨૦. કોમ્બેટ બ્લાઈન્ડનેસ ફાઉન્ડેશન હળફ ડો. યશવંતભાઈ સી. પટેલ | આણંદ | મોતિયાના ઓપરેશન માટેની કીટ – ૩૦૦ નંગ, લેન્સ – ૩૦૦ નંગ |
| ૨૧. નીલેશભાઈ પટેલ | દશરથ, વડોદરા | ઓઝોનાઈઝર – ૧ નંગ |

# 'માં'

સુખસાહ્બી તું મને દે ન દે ભલે
'માં' નામની તું ચીજ ઓ પરવર દિગાર દે

નવ માસ રાખી કોખમાં વ્યથા બધી સહી
પીડા પ્રસવની વેઠનાર તું મહાન છે
પાટી પણે ઘૂંટાવ્યા અક્ષરો પ્રમાણ છે
વંદન તને ઓ જન્મદાત્રી વાર વાર છે.

ગાંડો અને ઘેલો મને દુનિયા કહે ભલે
કહેનાર કોણ – 'લાખ' સવાનો તું હાર છે .
પડી આખડીને અંતે તુંજ આશરો
તુજ ચરણ એજ મારે હવે ધામ ચાર છે.

શાતા હતો ખોજી રહ્યો હરેક વસ્તુમાં
નહોતી ખબર કે તું જ માર્ગ કાઢનાર છે.
લાધ્યું છે જ્ઞાન મૂઢને લાંબા સમય પછી
તારો જ અંશ 'માં' રૂપે પરવરદિગાર દે

ગુસ્તાખીઓની હર સજા હજારવાર છે
'માં' નામની તું ચીજ ઓ પરવરદિગાર દે.

ડો.રોહન ચરીવાલા

"માણસ પોતાની વાચાથી કદાચ આડંબર કરીને પોતાને છુપાવી શકે પણ તેની આંખ તેને ઉઘાડો પાડશે. તેની આંખ સીધી, નિશ્ચલ ન હોય તો તેનું અંતર પરખાઈ જશે. જેમ શરીરના રોગો જીભની પરીક્ષા કરીને પારખી શકીએ છીએ, તેમ આધ્યાત્મિક રોગો આંખની પરીક્ષા કરીને પારખી શકાય"

– મોહનદાસ કરમચંદ ગાંધી

આંખો પવિત્ર રાખ, સાચું તું બોલ.
તારામાં ઈશ્વર છે, તેને તું શોધ.

– પ્રેમલ કવિ

